उन्नति

# વિચાર

વર્ષ ૯ અંક ૨ એપ્રિલ – જુન, ૨૦૦૪

**અનુક્રમ**

**સંપાદકીય** ૧

**વિકાસલક્ષી મુદ્દાઓ** ૨
વિકેન્દ્રિત શાસનમાં નાગરિક નેતાઓઃ મહત્ત્વ અને ભૂમિકા

**મંતવ્ય** ૧૪
ગરીબી અને સ્ત્રી-પુરુષ ભેદભાવઃ લઘુ ધિરાણની મર્યાદાઓ

**આપના માટે**
બિન-સરકારી સંગઠનોમાં પરિણામ-આધારિત સંચાલન ૧૫

નાણાં પ્રધાનને 'વાણી'નું આવેદનપત્ર ૧૯

**આપણી વાત**
બાદબાકીથી સમાવેશઃ પીઆરએ, વિકલાંગતા અને ભેદભાવ સંબંધી અનુભવો ૨૧

જાહેર સુનાવણીઃ પર્યાવરણના જતનનું નાટક-કેરખનો અનુભવ ૨૬

**સાંપ્રત પ્રવાહ અને આગામી કાર્યક્રમ** ૨૮

**સંદર્ભ સાહિત્ય** ૩૧

**અમારા વિશે** ૩૩

**સંપાદક ટીમ**
દીપા સોનપાલ
હેમન્તકુમાર શાહ
બિનોય આચાર્ય

વાર્ષિક લવાજમઃ રૂ.૨૫/- ડ્રાફ્ટ કે મની ઓર્ડર 'ઉન્નતિ' વિકાસ શિક્ષણ સંગઠનના નામે મોકલવા.

**ફક્ત અંગત વિતરણ માટે**

**સંપાદકીય**

## નાગરિકત્વ અને શાસનઃ વિકાસની તકો

દુનિયાભરમાં રાજ્ય નામની સંસ્થા અત્યારે ચર્ચાનો વિષય બની છે. વૈશ્વિક અર્થતંત્ર ઉદારીકરણ, ખાનગીકરણ અને વૈશ્વિકીકરણના માહોલમાં સપડાયું છે ત્યારે રાજ્ય વિશે કેટલાક પાયાના સવાલો ઊભા થયા છે. અને તે એ છે કે સરકારની ભૂમિકા શું હોવી જોઈએ, તે શું કરી શકે અને શું ન કરી શકે અને તે જે કંઈ કરે છે તે શ્રેષ્ઠ રીતે કેવી રીતે કરી શકે. રાજ્ય વિશેના આ સવાલોનો જવાબ વિકાસના સંદર્ભમાં મેળવવો આવશ્યક બની જાય છે. વિકાસ જેમનો કરવાનો છે તે નાગરિકો છે અને તેઓ જેમાં રહે છે તે રાજ્ય છે અને પર્યાવરણ છે. તેથી નાગરિકોની ભૂમિકા રાજ્યના સંદર્ભમાં અને રાજ્યની ભૂમિકા નાગરિકોના સંદર્ભમાં શું હોવી જોઈએ તે અગત્યનું થઈ પડ્યું છે. રાજ્ય નાગરિકો માટે છે, નાગરિકો રાજ્ય માટે નથી. તેથી ખાસ કરીને મધ્ય યુગ બાદ રાજ્યની ભૂમિકા માત્ર આંતરિક અને બાહ્ય સલામતી જાળવવા પૂરતી મર્યાદિત રહી નથી પણ નાગરિક સમાજના એકંદર વિકાસ માટેની તેની ભૂમિકા વધારે સ્પષ્ટ બનતી ગઈ છે. એવી જ રીતે નાગરિકો માત્ર પ્રજા કે જનતા નથી પણ શાસન વ્યવસ્થામાં તેઓ સક્રિય ભૂમિકા ભજવે તે અપેક્ષિત બન્યું છે. પરિણામે રાજ્ય અને નાગરિક બંને પરસ્પર સહકાર સાધીને પરસ્પરની ક્ષમતા વધારે તે ઈચ્છનીય છે.

રાજ્યે તેની શાસન વ્યવસ્થામાં માત્ર વિકાસ કરવા ઉપર ધ્યાન કેન્દ્રિત કરવાનું નથી પણ નાગરિકોના સર્વગ્રાહી વિકાસ પર ધ્યાન કેન્દ્રિત કરવાનું છે. અર્થવ્યવસ્થા મૂડીવાદી હોય કે સમાજવાદી, રાજ્યના કાર્યની અને તેની ભૂમિકાની મર્યાદાઓ છતી થઈ ચૂકી છે. આર્થિક ચમત્કારો પણ રાજ્યની સક્રિય ભૂમિકા વિના શક્ય નથી એમ પણ બીજા વિશ્વ યુદ્ધ બાદના અનુભવોથી સાબિત થઈ ગયું છે. માટે આ મર્યાદાઓ દૂર કરવામાં નાગરિક સમાજની ભૂમિકા વધારે સક્રિય હોય તે આવશ્યક બન્યું છે. નાગરિકો, નાગરિકોનાં જૂથો અને નાગરિક નેતાઓ રાજ્યની નિષ્ફળતાઓને અને બજારની નિર્દયતાઓને નાથવામાં જેમ વધારે સક્રિય બને તેમ સામાજિક અને આર્થિક વિકાસ વધારે સમતાપૂર્ણ બને. નાગરિકોની સક્રિયતા જ ખરા નાગરિકત્વને ઉજાગર કરે છે. આર્થિક વિકાસ સાથે સામાજિક ન્યાય ઊભો થાય એ લોકશાહીને વધુ ટકાઉ બનાવવાનો શ્રેષ્ઠ રસ્તો છે. એટલે મતદાતાઓએ પોતાના નાગરિકત્વનો ઉપયોગ રાજ્યને સમતા સર્જતાં કાર્યો કરવાની ફરજ પાડવા કરવાનો છે. ભારતમાં દલિતો, મહિલાઓ, આદિવાસીઓ અને સમાજમાં છેવાડે ફેંકાઈ ગયેલા વર્ગોને શાસન વ્યવસ્થામાં માત્ર મતદાતા તરીકે નહિ પણ સહભાગી તરીકે ભાગીદાર બનાવવાનો પડકાર ઝીલવાનો છે. માનવ અધિકારો અને સામાજિક ન્યાય સાથે આર્થિક વિકાસ કરવા માટે આવી સક્રિય સહભાગિતા અનિવાર્ય છે. રાજ્યને વધારે લોકશાહી, વિકેન્દ્રિત, સહભાગી, પારદર્શી અને ઉત્તરદાયી બનાવવા માટે નાગરિકોનું કર્તૃત્વ આ અર્થમાં સૌથી વધારે અગત્યનું છે. વિકાસની તકો તો જ સમાજના સૌ નાગરિકોને વધારે સમાનતા સાથે પ્રાપ્ત થશે.

# વિકેન્દ્રિત શાસનમાં નાગરિક નેતાઓ: મહત્ત્વ અને ભૂમિકા

નવી દિલ્લીની 'પ્રિયા' દ્વારા લખનૌમાં જાન્યુઆરી-૨૦૦૪ દરમ્યાન આયોજિત પ્રશિક્ષકોની તાલીમ અને કાર્યશાળાને આધારે આ લેખ 'ઉન્નતિ'નાં **સુશ્રી સ્વાતિ સિંહા** અને **શ્રી બિનોય આચાર્ય** દ્વારા તૈયાર કરાયો છે. તે નાગરિકત્વ શું છે, એના ઐતિહાસિક વિહંગાવલોકન, નાગરિકત્વ અને શાસન વચ્ચેનો સંબંધ, સક્રિય નાગરિકત્વનાં અગત્યનાં લક્ષણો, સક્રિય નાગરિકત્વ આડેના અવરોધો અને નાગરિક નેતાઓની ભૂમિકા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. ભૂમિકા વિશે વધુ સ્પષ્ટતા ઊભી કરવા માટે સક્રિય નાગરિકત્વનાં કેટલાંક કાર્યગત પાસાં પણ આ લેખમાં વર્ણવવામાં આવ્યાં છે.

## નાગરિકત્વના ખ્યાલનું મૂળ

૧૯૯૮ની 'ન્યૂ ઓક્સફર્ડ ડિક્શનેરી' અનુસાર નાગરિકની પાયાની વ્યાખ્યા આ મુજબ અપાઈ છે: "રાજ્યનો કાનૂની રીતે માન્ય રાષ્ટ્રીય, મૂળ વતની કે બનાવેલ વતની." સરળ શબ્દોમાં તેનું અર્થઘટન એમ કરી શકાય કે એક નાગરિક એ કાનૂની દરજ્જો છે અને તે રાજ્યનું સદસ્યપણું ધરાવે છે અને તે જન્મ દ્વારા હોઈ શકે કે પછી તે મેળવાયેલું હોઈ શકે. તે નાગરિક, અને તે જેમાં રહે છે તે રાજ્ય વચ્ચેના સંબંધોનું પણ પ્રતિબિંબ પાડે છે. વળી તે સંબંધો જાળવવા માટે બંને કેટલીક ફરજો અને ભૂમિકાઓ અદા કરે છે. સામાન્યતયા લોકશાહી રાજ્યમાં રાજ્ય નાગરિક પાસેથી કેટલીક ફરજોની માગણી કરે છે, અને તમામ નાગરિકોએ એ ફરજો અદા કરવાની હોય છે પરંતુ બદલામાં રાજ્યે પણ નાગરિકો અને નાગરિકોનાં જૂથો પ્રત્યે તેની ફરજો અદા કરવી પડે છે.

નાગરિકો અને રાજ્ય વચ્ચેની આપ-લેનો વ્યવહાર કંઈ નવો નથી. પરંતુ જો આપણે ઇતિહાસ તરફ નજર ફેંકીએ તો એ સ્પષ્ટ થાય છે કે નાગરિકત્વનાં ઉપરોક્ત લક્ષણો ધીમે ધીમે ઉપસી આવ્યાં છે. અગાઉ દરેક વ્યક્તિને આવા નાગરિકત્વનો અધિકાર નહોતો અને તે સ્ત્રી-પુરુષ, ઉંમર, જ્ઞાતિ અને જાતિ પર આધારિત હતો. ઇ.સ. પૂર્વે છઠ્ઠી સદીમાં પ્રાચીન ગ્રીસમાં લોકશાહી ખૂબ જ ભાગીદારીવાળી હતી. નીતિવિષયક દરખાસ્તો ઘડવા માટે યદૃચ્છ રીતે ૫૦૦ નાગરિકો પસંદ કરવાની પ્રણાલી હતી. પણ અહીં સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે ભેદભાવ હતો. નાગરિકત્વનાં અધિકારો અને જવાબદારીઓ પુરુષો પૂરતાં મર્યાદિત હતાં. સ્ત્રીઓ નાગરિક થઈ શકતી નહોતી અને તેથી આ વ્યવસ્થામાંથી તેઓ બાકાત હતી. યુરોપમાં અને અમેરિકામાં ૧૭મી અને ૧૮મી સદીમાં નાગરિકને તે જે રાજ્યમાં હોય તેનો દાવો કરવાનો અધિકાર હતો. એમાં બોલવાના, વિચારવાના, પૂજાના અને મિલકત ધરાવવાના નાગરિક અધિકારોનો સમાવેશ થાય છે. આ અધિકારો નાગરિકોને હોય તે માટે કાનૂની જોગવાઈઓ કરવામાં આવી હતી. ૧૭૮૯માં ફ્રેન્ચ ક્રાંતિમાં 'નાગરિક' શબ્દ પ્રચલિત થયો કે જેને પરિણામે ફ્રાન્સ એક પ્રજાસત્તાક બન્યું. તેમાં એમ કહેવાયું કે, "બધા નાગરિકો સમાન છે, તેમને સમાન અધિકારો છે." જો કે, પુરુષો અને સ્ત્રીઓ સૈદ્ધાંતિક રીતે સમાન નાગરિકો ગણાયા, પણ છતાં પુરુષોને વધારે મહત્ત્વ અપાયું અને એવી દલીલ કરવામાં આવી કે સ્ત્રીઓના હિત માટે તેમના પતિઓ અને પિતાઓ બોલે છે.

૧૯મી સદીમાં પણ લોકોને સ્ત્રીઓ પ્રત્યે પૂર્વગ્રહ હતો. નાગરિકત્વનો અર્થ રાજકીય સહભાગિતાનો અધિકાર પણ થવા માંડ્યો. ૧૯૨૦ના દાયકા સુધી બ્રિટનમાં પુરુષો એક વ્યક્તિ તરીકે કાનૂની બાધ સિવાય મતદાન કરી શકતા હતા પણ સ્ત્રીઓ કાનૂની બાધને લીધે મતદાન કરી શકતી નહોતી. આમ, સ્ત્રીઓને ૧૯૨૦ સુધી મતદાનનો કાનૂની અધિકાર નહોતો. ૧૯૨૦ સુધી મોટા ભાગના દેશોમાં સ્ત્રીઓને દ્વિતીય કક્ષાની નાગરિક તરીકે જ રાખવામાં આવી હતી. તેમાં તેમને મતદાનનો અધિકાર નહોતો પરંતુ સ્ત્રીઓનાં સંગઠનોએ કરેલા પ્રયાસોને પરિણામે અમેરિકામાં સમાન અધિકારો માટેનો ૧૯મો સુધારો કરાયો. તે કહે છે કે, "અમેરિકાના નાગરિકોના મતાધિકારનો અમેરિકા દ્વારા કે કોઈ રાજ્ય દ્વારા જાતિને આધારે ઇન્કાર નહિ કરાય અથવા તો તેને સંક્ષિપ્ત નહિ કરાય." ૧૯૨૦માં એવો કાયદો થયો કે જેમાં સ્ત્રીઓને તમામ ચૂંટણીઓમાં મતાધિકાર પ્રાપ્ત થયો. ૨૦મી સદીમાં ટી.એચ.માર્શલે કહ્યું કે નાગરિકો તરીકેના સમાન અધિકારો અને ફરજો લોકોને સમુદાયના સંપૂર્ણ સભ્ય બનાવે છે. તેમણે સામાજિક અધિકારો તેમ જ રાજકીય અધિકારોના મહત્ત્વ પર ભાર મૂક્યો. તેમના મતે સામાજિક અધિકારો એટલે આર્થિક કલ્યાણનો અધિકાર, સલામતીનો અધિકાર, સમાજમાં સહભાગી થવાનો અધિકાર અને સમાજનાં ધોરણો અનુસાર સુસંસ્કૃત જીવન જીવવાનો અધિકાર.

ઐતિહાસક વિહંગાલવકોન કરતાં એમ નજરે પડે છે કે સ્ત્રીઓ એક એવું સૌથી મોટું જૂથ હતું કે જેને સંપૂર્ણ નાગરિકત્વના અધિકારો

## નાગરિકત્વનો અર્થ

નાગરિકત્વનો અર્થ એ છે કે સરકાર અને નાગરિક બંને પરસ્પરની ઉપર દાવો ધરાવે છે. વ્યક્તિઓ જેમાં જીવે છે તે સમુદાયનું સંપૂર્ણ સભ્યપદ ધરાવે છે. ધર્મ, જ્ઞાતિ, રંગ, સંપ્રદાય કે સ્ત્રી-પુરુષના ભેદભાવ વિના તેમના પોતાના જોડાણની શરતો વ્યક્તિઓની સહભાગિતા દ્વારા નક્કી થાય છે. તે એક દરજ્જો છે. તે વ્યક્તિઓને સમાન અધિકારો, ફરજો, સ્વતંત્રતાઓ અને નિયંત્રણો, સત્તાઓ અને જવાબદારીઓ આપે છે. નાગરિકત્વ એ સર્વગ્રાહી નાગરિક ઓળખ છે કે જેનું નિર્માણ કોઈ રાષ્ટ્ર-રાજ્ય દ્વારા થયું છે અને વ્યક્તિ એ રાષ્ટ્ર-રાજ્યની છે એવી લાગણી જન્મે છે. નાગરિકત્વ એ સર્વગ્રાહી નાગરિક ઓળખ છે જે અમુક રાષ્ટ્ર-રાજ્યના હોવાની લાગણી જન્માવે છે.

અપાયા નહોતા. કેટલાક દેશોમાં તેમને નાગરિકત્વનો અધિકાર અપાયો જ નહિ તો ભારત જેવા બીજા કેટલાક દેશોમાં બંધારણમાં સ્ત્રીઓને સમાન અધિકારો અપાયા. પરંતુ ત્યાં પણ કેટલાક કાયદાઓમાં તેમને એવા અધિકારો ના અપાયા. પરિણામે સમાનતા માટેની રાષ્ટ્રીય પ્રતિબદ્ધતામાં વિરોધાભાસ ઊભો થયો છે.

૨૦મી સદીમાં એક સિદ્ધાંતકાર ટી.એસ. માર્શલે નાગરિકત્વનો જે ખ્યાલ આપ્યો છે તેમાં માત્ર રાજકારણ, રાષ્ટ્રીય સરકારો અને કાનૂની વ્યવસ્થા ઉપર જ ધ્યાન કેન્દ્રિત કરાયું નથી પરંતુ સમાજનાં તમામ સ્તરનાં જૂથો સાથે વ્યક્તિઓના સંપર્ક વિશે વિચારણા કરવામાં આવી છે. આ ખ્યાલ સમાજના છેવાડે રહી ગયેલા વર્ગો દ્વારા સમાન અધિકારોની માગણીનો રસ્તો બતાવે છે, અને જાતિ, જ્ઞાતિ, ઉંમર, સંપ્રદાય, વંશ  અને ધર્મને આધારે થતા ભેદભાવોના નિવારણનો માર્ગ બતાવે છે. જો કે એમ જણાયું છે કે મોટા ભાગના કહેવાતા લોકશાહી દેશોમાં તેનો અમલ થતો નથી. ૨૧મી સદીમાં વૈશ્વિક સંદર્ભમાં જોઈએ તો વધારે સારું જીવનધોરણ, તકનિકી પ્રગતિ અને લાંબા આયુષ્ય ક્ષેત્રે ખાસ્સી પ્રગતિ થઈ છે પણ હજુય કરોડો લોકો ગરીબીમાં જીવે છે, તેઓ પાયાના અધિકારોથી વંચિત છે અને નિરક્ષરતા તથા અનારોગ્ય હજુ પણ પ્રવર્તે છે. તે એમ દર્શાવે છે કે હજુ ઘણુંબધું કરવાનું બાકી છે.

## લોકશાહીનો ભારતીય સંદર્ભ

૧૯૪૭માં સ્વાતંત્ર્ય પછી ભારતમાં જે શાસન વ્યવસ્થા શરૂ થઈ તેના ઉપર આપણે નજર ફેંકીએ તો આપણને લાગે છે કે અગાઉ લોકશાહી માળખામાં પણ વિકાસનું કેન્દ્રિત મોડેલ જ હતું. જો કે, ૧૯૭૦ના દાયકાના આરંભમાં વિકાસના કેન્દ્રિત મોડેલ સામે વાંધા ઉઠાવવાની શરૂઆત થઈ અને જયપ્રકાશ નારાયણ દ્વારા 'સંપૂર્ણ ક્રાંતિ'નો નારો જાગ્યો. તેના થોડા સમય બાદ ઈંદિરા ગાંધી વડાં પ્રધાન હતાં ત્યારે ૧૯૭૫માં કટોકટી જાહેર કરવામાં આવી અને તમામ મૂળભૂત અધિકારો પર કાપ આવ્યો. તેનાથી સંસદીય લોકશાહી અને જાહેર સેવાની સંસ્થાઓમાંથી નાગરિકોનો વિશ્વાસ ઊઠી ગયો. ૧૯૮૫માં વિકાસના ટેક્નોક્રેટિક ઉપાયો શોધવામાં આવ્યા અને ૧૯૯૧માં નવા બજારલક્ષી અર્થતંત્રનું માળખું ઉદારીકરણના સંદર્ભમાં સ્વીકારવાનું આવ્યું. પછી ૧૯૯૨માં ૭૩મા અને ૭૪મા બંધારણ સુધારા દ્વારા સત્તાની વહેંચણી કરીને શાસનનું વિકેન્દ્રિત સ્વરૂપ ઊભું કરવાનો પ્રયાસ કરવામાં આવ્યો. તે માટે ગ્રામ વિસ્તારોમાં પંચાયતોને અને શહેરી વિસ્તારોમાં પાલિકાઓને સત્તાઓ આપવામાં આવી. તેનાથી વિકાસની વિકેન્દ્રિત તરાહ વધારે લોકપ્રિય બની અને રાજ્ય, નાગરિક સમાજ તથા સરકારની ભૂમિકાઓ નવેસરથી નક્કી કરવાની જરૂરિયાત ઊભી થઈ. જો કે, વિકેન્દ્રીકરણની પ્રક્રિયા ધીમી રહી છે.

ભારતમાં તો નવી સહસ્રાબ્દીમાં રાજકારણના ગુનાકરણ, અમલદારોમાં ભ્રષ્ટાચાર અને પોલિસ દળોમાં ભ્રષ્ટાચાર વ્યાપકપણે ફેલાયેલાં છે. તાજેતરનાં વર્ષોમાં મત બેંકનું રાજકારણ પણ અગત્યનું બની ગયું છે તથા દરેક રાજકીય પક્ષ સમાજના એક યા બીજા વિભાગને લક્ષ્યાંક બનાવે છે. અને તેથી સામાન્ય નાગરિકોને રાજકીય સંસ્થાઓ તથા વ્યવસ્થા પ્રત્યે ચીડ ઊભી થઈ છે. ભારતીય અર્થતંત્ર અને સમાજ સહિષ્ણુતા, સાંસ્કૃતિક સંવેદનશીલતા અને સામાન્ય જીવનનાં ઉચ્ચ ધોરણો સર કરે તે માટેની રાજકીય સંસ્થાઓની અક્ષમતાને લીધે નિરાશા અને હતાશાની લાગણી વ્યાપક બની ગઈ છે. ભારતમાં પણ આર્થિક વિકાસ થઈ રહ્યો છે પરંતુ ભારતની ૨૭ ટકા વસ્તી ગરીબ છે. આજે દુનિયામાં સૌથી વધુ ગરીબો અને નિરક્ષરો ભારતમાં છે. વળી, ગ્રામ વિસ્તારોમાં આદિવાસીઓ, દલિતો અને સ્ત્રીઓના વડપણ હેઠળનાં કુટુંબો તથા શહેરી ઝૂંપડાવાસીઓની સ્થિતિ ખૂબ જ ખરાબ છે.

## નાગરિકોનું કર્તૃત્વ

વ્યાપકપણે એમ સમજવામાં આવે છે કે સુશાસન એ ગરીબી નિવારણ

### નાગરિક પાસે શું હોય?

નાગરિક પાસે આટલું તો હોવું જ જોઈએ -

- રાજ્યનું સભ્યપદ.
- સામાજિક અને રાજકીય અધિકારો.
- રાજ્ય પ્રત્યે સમર્પણની લાગણી.
- પોતાના સાથી નાગરિકોનાં કલ્યાણ અને પ્રગતિને પ્રોત્સાહન માટે તૈયારી.

## નાગરિક શું છે?

નાગરિકત્વની વ્યાખ્યા કાનૂની ઓળખનાં સંદર્ભમાં કરી શકાય. તેનાં ઉદાહરણો જન્મનું પ્રમાણપત્ર, મૃત્યુનું પ્રમાણપ્ત્ર, રેશન કાર્ડ, મતદાતા ઓળખપત્ર વગેરે છે. બંધારણમાં પોતાને જે અધિકારો અને જવાબદારીઓ અપાયાં છે તેને વિશે નાગરિક જાગૃત હોય છે, સામાજિક પ્રક્રિયાઓ પ્રત્યે જવાબદાર હોય છે અને દેશના રાજકીય નિર્ણયોમાં ભાગીદાર થવા તે તૈયાર હોય છે. તેને મત આપવાનો અધિકાર છે અને તે દ્વારા પોતાનો અભિપ્રાય વ્યક્ત કરવાનો અધિકાર છે અથવા પોતાના વતી પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે તેને ચૂંટવાનો તેને અધિકાર છે.

માટેની અને તેમના અધિકારો માગવા માટે છેવાડે ફેંકાઈ ગયેલા લોકોને સક્ષમ બનાવવા માટેની પૂર્વશરત છે. જો કે, સૈદ્ધાતિક એમ કહેવાય છે પણ વ્યવહારમાં તેને મૂકવાની જરૂર છે. રાજ્ય, ખાનગી ક્ષેત્ર અને નાગરિકોએ જે ભૂમિકા ભજવવાની છે તે નવેસરથી નક્કી કરવાની જરૂર છે કે જેથી નૂતન સહસ્રાબ્દીમાંના પડકારોનો સામનો થઈ શકે, એમ વૈશ્વિક રીતે સમજવામાં આવ્યું છે. આ મહત્ત્વનું એટલા માટે છે કે નૂતન સહસ્રાબ્દીમાં સરકારનું સૌથી વધારે સ્વીકૃત સ્વરૂપ લોકશાહી છે કે જેમાં રાજ્યનું કેન્દ્ર તેની કેટલીક સત્તાઓ અને કાર્યોની વહેંચણી જિલ્લા, તાલુકા કે ગ્રામ પંચાયત સ્તરે કરે કે જેથી આર્થિક અને સામાજિક પ્રવૃત્તિઓનું વિકેન્દ્રિત રીતે સંચાલન થાય. બીજું, ખાનગી સાહસો અને મુક્ત બજાર આર્થિક વિકાસમાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. ત્રીજું, બિન-સરકારી સંગઠનો, મહિલા સંગઠનો, સહકારી મંડળીઓ નાગરિક સમાજમાં વિકાસલક્ષી કર્તાઓ તરીકે ઉપસી આવ્યા છે અને તેઓ સમાજના લોકશાહી વિકાસમાં વધુ ને વધુ પ્રદાન કરી રહ્યાં છે. નાગરિકો હવે વિકાસની પ્રક્રિયામાં તેમની ભૂમિકા ભજવે એવી અપેક્ષા રખાય છે અને આ સંદર્ભમાં આમ આદમીની આશાઓ અને સપનાંઓ, તેમની ભૂમિકાઓ અને અપેક્ષાઓ વિશે તેમનો અવાજ રજૂ થાય અને તે સમજવામાં આવે એ જરૂરી છે. આમાંથી નીચે મુજબના મુદ્દાઓ ઉપસ્થિત થાય છેઃ

- વૈશ્વિકીકરણની નકારાત્મક અસરોનો પ્રતિકાર કેવી રીતે કરવો?
- મુક્ત બજારની મનુષ્યની જરૂરિયાતો પરિપૂર્ણ કરવાની જવાબદારી કેટલી?
- લોકશાહી શાસનને નાગરિકો કેવી રીતે ટેકો આપે?
- આ જવાબદારી સાથે સુમેળ સાધે તે રીતે નાગરિક સમાજની ક્ષમતા કેવી રીતે વધારવી?

આ સંદર્ભમાં 'કોમનવેલ્થ ફાઉન્ડેશન' દ્વારા ૧૯૯૮-૯૯માં એક અભ્યાસ હાથ ધરાયો હતો. તેનું નામ હતુંઃ 'નૂતન સહસ્રાબ્દીમાં નાગરિક સમાજ'. તેમાં દુનિયાના ભારત સહિત ૪૭ દેશોએ ભાગ લીધો હતો. આ અભ્યાસમાં નાગરિકત્વ અને શાસન અંગે ૧૦,૦૦૦ જેટલા નાગરિકોને તેમના અભિપ્રાયો પૂછવામાં આવ્યા હતા. આ અભ્યાસના હેતુઓ આ મુજબ હતાઃ

- નાગરિક સમાજની ભૂમિકાને મજબૂત બનાવવા માટે રાજ્ય અને નાગરિક સમાજ વચ્ચેના સંબંધોની સમીક્ષા કરવી.
- રાષ્ટ્રકુળના દેશોમાં લોકો તેમના રોજિંદા જીવનમાં જે સમસ્યાઓનો સામનો કરે છે તેમના ઉકેલ અર્થે નાગરિકો દ્વારા કરાતા પ્રયાસોને પ્રોત્સાહન આપવાના માર્ગો શોધી કાઢવા.
- સામાજિક સંવાદિતાને મજબૂત બનાવવા માટે નાગરિક સમાજનાં સંગઠનોની ભૂમિકાને પિછાણવી કે જેથી નૂતન સહસ્રાબ્દીમાં સામાજિક વિકાસમાં તેઓ સામેલ થાય.
- નાગરિકોના પ્રયાસોને પ્રોત્સાહન આપનારાં તેમ જ અવરોધરૂપ પરિબળોને ઓળખી કાઢવાં અને નાગરિક સમાજ તથા રાજ્યની કામગીરીને નાગરિકોના દૃષ્ટિકોણથી જોવી.

આ અભ્યાસમાં આ રીતે નૂતન સહસ્રાબ્દીમાં વધુ સારા ભવિષ્ય માટે નાગરિક સમાજની ભૂમિકા વધારવા લોકોની દરમ્યાનગીરીનું સ્વરૂપ કેવું હોય તેનું વિશ્લેષણ કરાયું છે. તેમાં ત્રણ મહત્ત્વના પ્રશ્નો છેઃ

(૧) સારા સમાજ વિશે તમારું મંતવ્ય શું છે? આજે કેટલે અંશે આવો સમાજ અસ્તિત્વ ધરાવે છે?

(૨) નાગરિકો દ્વારા કઈ ભૂમિકાઓ સારી રીતે ભજવવામાં આવે છે અને રાજ્ય તથા અન્ય ક્ષેત્રો દ્વારા કઈ ભૂમિકા સારી રીતે ભજવાય છે?

(૩) ભવિષ્યમાં આવા સમાજના વિકાસ માટે નાગરિકો તેમની ભૂમિકા વધારે અસરકારક રીતે ભજવી શકે તે માટે તેમને સક્ષમ કેવી રીતે બનાવવા?

વ્યક્તિગત મુલાકાતો અને જૂથ ચર્ચાઓને આધારે માહિતી એકત્ર કરવામાં આવી. તે માટે લોકોને ચાર વિભાગમાં વહેંચવામાં આવ્યાઃ

- **અદૃશ્ય નાગરિકોઃ** ઐતિહાસિક અને સાંસ્કૃતિક કારણોસર જેમને સાંભળવામાં આવતા નથી અને રાજકીય તથા સંસ્થાગત કારણોસર જેમને માન્યતા અપાતી નથી તેવા લોકો.
- **દૃશ્યમાન નાગરિકોઃ** જેઓ અમુક જૂથના નેતાઓ છે અને કોઈક અદૃશ્ય જૂથ સાથે સંકળાયેલા છે તેવા લોકો.
- **મધ્યસ્થીઓ**ઃ અદૃશ્ય અને દૃશ્યમાન જૂથોનાં મંતવ્યો વિશે પ્રતિભાવો અને સ્પષ્ટતાઓ આપનારા લોકો.
- **સહ-વિશ્લેષકોઃ** પોતાના સંશોધન અને સામાજિક કામગીરીના આધારે પોતાનાં વિચારો અને સમાજનું ઘડતર કરનારા લોકો.

સમગ્ર ભારતમાં જુદાં જુદાં રાજ્યોના જુદા જુદા વિભાગોમાંથી

## સુશાસન વિશે નાગરિકોનું મંતવ્ય

| | સારું જીવન | રાજ્ય પાસેથી અપેક્ષાઓ | નાગરિકોનું કતૃત્વ |
|---|---|---|---|
| અદૃશ્ય નાગરિકો | આર્થિક સલામતી | પાયાની સવલતોની કાર્યક્ષમ જોગવાઈ | અસ્તિત્વ માટે લડાઈ |
| | પાયાની સેવાઓ કાર્યક્ષમ રીતે પૂરી પડાય | જીવનનિર્વાહના પ્રયાસોને ટેકો | સખત મહેનત, પ્રામાણિક બનવું, વેરા ચૂકવવા બીજાઓ માટે ઉદાહરણ પૂરું પાડવું. |
| | સામાજિક સલામતી | માળખાગત સવલતો અને બજારનો વિકાસ | પારસ્પરિક મદદ |
| | અસરકારક બજાર, માળખાગત સવલતો અને બંને વચ્ચે કડીરૂપ સંબંધો | નીતિઓ અને કાયદાઓનો બિન-પક્ષપાતી અમલ | સહ-નાગરિકત્વને પ્રોત્સાહન આપવું |
| | સામાજિક ન્યાય | નાગરિકો અને મહિલાઓના અધિકારોનું રક્ષણ | જાગૃત રહેવું |
| | શિક્ષણ | સૌને શિક્ષણ | સંગઠિત થવું |
| | શાંતિ અને સુરક્ષા | નિર્ણય પ્રક્રિયાનું વિકેન્દ્રીકરણ | |
| દૃશ્ય નાગરિકો | આર્થિક સલામતી | આર્થિક વિકાસ અને સલામત જીવનનિર્વાહને પ્રોત્સાહન | માહિતીની આપ-લે |
| | નાગરિકો વચ્ચે એકતા અને સહકાર | નીતિઓ અને કાનૂનોનો અસરકારક અમલ | જાગૃતિ ઊભી કરવી |
| | પાયાની સેવાઓ કાર્યક્ષમ રીતે પૂરી પડાય | નાગરિકોની સુરક્ષા અને તેમના અધિકારો જળવાય | સંગઠનો ઊભાં કરવાં |
| | નિર્ણય પ્રક્રિયામાં ભાગીદારી | નાગરિકોની ભાગીદારીને પ્રોત્સાહન | સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સહભાગી થવું |
| | સામાજિક સલામતી | સ્થાનિક સ્વરાજની સંસ્થાઓને અસરકારક બનાવવી | એકતાને પ્રોત્સાહન |
| | શિક્ષણ | માહિતીનો પ્રચાર-પ્રસાર | મજબૂત નેતૃત્વ |
| | સ્ત્રીઓની સક્ષમતા | | સ્થાનિક રીતે સમસ્યાનો ઉકેલ |
| | શાંતિ અને એખલાસ | | સરકાર પર દબાણ લાવવું |
| મધ્યસ્થીઓ | આર્થિક વિકાસની તક | પાયાની સેવાઓ કાર્યક્ષમ રીતે પૂરી પાડવી | માહિતીનો પ્રચાર-પ્રસાર |
| | પાયાની સેવાઓ કાર્યક્ષમ રીતે પૂરી પાડવી | નાગરિકોને સહભાગિતા માટે સક્ષમ બનાવવા અને તેમની માલિકી ઊભી કરવી | સ્થાનિક સ્વરાજની સંસ્થાઓમાં સહભાગિતાને પ્રોત્સાહન |
| | પ્રતિભાવાત્મક શાસન | માહિતીની પ્રાપ્તિ અને માહિતીનો અધિકાર | સરકાર પાસેથી ઉત્તરદાયિત્વની માંગ |
| | શિક્ષણ | અસરકારક સ્થાનિક સંસ્થાઓ | દેખરેખ અને તકેદારી |
| | જાગૃત અને સક્રિય નાગરિકો | અધિકારોનું રક્ષણ | સંવાદિતા, અકતા અને સંગઠન ઊભાં કરવાં |
| | સામાજિક અને રાજકીય એખલાસ | ઉત્તરદાયી અને પારદર્શી સરકાર | રાજ્યની સંસ્થાઓ સાથે સંવાદને પ્રોત્સાહન |
| | કાર્યક્ષમ માળખાગત સવલતો | | |

માહિતી ભેગી કરવામાં આવી અને તેનું વિશ્લેષણ કરવામાં આવ્યું. તેનાં તારણો અનેક રસપ્રદ બાબતો ઉજાગર કરે છે. જુદા જુદા નાગરિકોએ જુદી જુદી રીતે રજૂઆત કરી છે. તેની તુલના આ રીતે કરી શકાય તેમ છેઃ

## ભારતનાં તારણો

તમામ જૂથોમાંથી જે તારણો પ્રાપ્ત થયાં છે તે અહીં અપાયાં છે. સારી જિંદગી એટલે શું? રાજ્ય પાસેથી અપેક્ષાઓ અને નાગરિકોનું કતૃત્વ એમ ત્રણ ભાગમાં તેમની રજૂઆતોને વહેંચવામાં આવી છેઃ

### (૧) સારું જીવન

ભારતના નાગરિકો આ બાબતમાં એક સમાન સપનું જુએ છે. તેઓ એવા સમાજનું સપનું જુએ છે કે જેમાં આર્થિક, સામાજિક અને ભૌતિક સલામતી હોય, સામાજિક ભેદભાવની ગેરહાજરી હોય અને તમામ નાગરિકો અને તેમનાં મંડળોની રાજકીય ભાગીદારી હોય. લોકોએ એમ કહ્યું કે આવો સારો સમાજ અત્યારે અસ્તિત્વ ધરાવતો નથી.

### (૨) રાજ્ય પાસેથી અપેક્ષાઓ

ભારતમાં રાજ્ય પાયાની સવલતો સૌને પૂરી પાડે, આર્થિક વિકાસને પ્રોત્સાહન આપે, નાગરિકોના જીવનનું, મિલકતનું અને અધિકારોનું રક્ષણ કરે, બિન-પક્ષપાતી રીતે વર્તે અને સહભાગી તથા લોકશાહી ઢબે શાસન કરે એવી અપેક્ષા છે. આ રીતે રાજ્યની ભૂમિકા સેવાઓ પૂરી પાડનાર તરીકેની, નાગરિકોને સક્ષમ બનાવનાર તરીકેની અને નાગરિકો માટે સ્વશાસનનો માર્ગ મોકળો કરનાર તરીકેની છે. તે નીતિઓ ઘડે છે અને નાગરિકોને તકો પૂરી પાડે છે અને તેમને સક્રિય ટેકો પૂરો પાડે છે.

### (૩) નાગરિકોનું કર્તૃત્વ

નાગરિકો માહિતીપ્રદ, સંગઠિત અને અસરકારક બનવા માગે છે. તેઓ તેમનાં અધિકારો અને જવાબદારીઓ વિશે જાણવા માગે છે. જેમને પણ એ અંગેનો અનુભવ છે તેઓ એ કામ કરવા માટેનો આત્મવિશ્વાસ ધરાવે છે અને તેઓ તેમાં વધારે સક્રિય રીતે સામેલ થવા માગે છે. લોકહિત માટે કામ કરવા અને સામૂહિક રીતે પ્રશ્નોનો ઉકેલ આણવા માટેની ઈચ્છા ધરાવનારા લોકો દરેક સમાજમાં હોય છે જ.

## શાસન અને નાગરિકત્વ

ખરા અર્થમાં લોકશાહી પ્રવર્તે તે માટે નાગરિકોનું કર્તૃત્વ સૌથી અગત્યની બાબત છે. જો કે, સુશાસન વિના એ ન થાય એ આપણે ભૂલવું ન જોઈએ. તે પરસ્પર સંબંધિત છે તેથી સુશાસન શું છે તે સમજવું જોઈએ. શાસનનો સામાન્ય અર્થ છે સંચાલન વ્યવસ્થા. તે નિર્ણયો લેવાની પ્રક્રિયા અને તેમના અમલ સાથે સંબંધિત છે. તે નિર્ણયકર્તા અને અમલકર્તા ઉપર ધ્યાન કેન્દ્રિત કરે છે. કોને માટે નિર્ણયો લેવાય છે તે પણ અગત્યનું છે. નિર્ણયની પ્રક્રિયા અને અમલની પ્રક્રિયા કેટલી અસરકારક છે તે આથી અગત્યનું છે. સુશાસન માટે માત્ર સરકાર જ અગત્યની નથી. લોકો અને ખાસ કરીને અસહાય, ગરીબ અને છેવાડાના લોકો પણ સુશાસન માટે મહત્ત્વના છે. ગરીબી અને નિરક્ષરતા દૂર કરવા, સમતા લાવવા, પાયાના માનવ અધિકારોનું રક્ષણ કરવા અને સલામતી પૂરી પાડવા તેમની ભૂમિકા પણ અગત્યની છે. તેથી નિર્ણયો લેવાની અને નીતિઓ ઘડવાની પ્રક્રિયામાં તેમનાં સામેલગીરી અને સહભાગિતા આવશ્યક છે. તેથી ગરીબોની જરૂરિયાતો કઈ છે અને તેમના અધિકારો કયા છે અને કોના દ્વારા તે નક્કી થાય છે તે સમજવું જરૂરી છે. સુશાસન ચિરંતન વિકાસ તરફ દોરી જાય.

## શાસનનું ચક્ર

નાગરિકત્વ, સહભાગિતા અને ઉત્તરદાયિત્વ એ ત્રણ ખ્યાલો પરસ્પર સંકળાયેલા છે અને તે 'શાસનના ચક્ર' (ગવર્નન્સ સાયકલ)નો ભાગ બને છે. સહભાગિતાથી ઉત્તરદાયિત્વ જન્મે છે અને નાગરિકત્વની લાગણીથી સહભાગિતા શક્ય બને છે. સહભાગિતાનો અર્થ છે તમામ હિતધારકોની સામેલગીરી. સંચારની અને વાટાઘાટોની પ્રક્રિયા દ્વારા એ સામેલગીરી થાય છે, અને તે તેમની જિંદગીને અસર કરતા નિર્ણયો ઉપર પ્રભાવ પાડવા માટે થાય છે. તે જ ઉત્તરદાયિત્વ ઊભું કરે છે અને ટકાવે છે. વાસ્તવમાં, ઉત્તરદાયિત્વ એકમાત્ર એવો આધાર છે કે જેને પરિણામે નાગરિકો કંઈક કરી શકે છે અને તેનાથી નીતિ-નિર્ધારણમાં ખુલ્લાપણું અને પારદર્શિતા આવે છે. આવું ઉત્તરદાયિત્વ સામાજિક પારસ્પરિકતા ઊભી કરે છે, તેમાં સમતા છે, પારસ્પરિક જૂથગત સહિષ્ણુતા છે અને સમાવેશી નાગરિકત્વ છે. જવાબદાર અને સક્રિય નાગરિકત્વ અર્થપૂર્ણ સહભાગિતામાં પરિણમે છે. નાગરિકત્વ બીજાઓને જવાબદાર ગણવા માટેનો અધિકાર આપે છે, અને આ રીતે ઉત્તરદાયિત્વ સહભાગિતા ઊભી કરે છે. સંવાદ અને વિચાર-વિમર્શ વધારીને તથા કામગીરી ઉપર દેખરેખ રાખીને તથા તેનું મૂલ્યાંકન આપમેળે તથા સામૂહિક રીતે કરીને સેવા પૂરી પાડનારા પાસેથી વધુ જવાબદારી પ્રાપ્ત કરવાનો આગ્રહ સક્રિય નાગરિકો રાખે છે. તેમાં સામાજિક અધિકારો, સામાજિક જવાબદારી અને સામાજિક ઉત્તરદાયિત્વનો સમાવેશ થાય છે. આમ, સક્રિય નાગરિકત્વથી જે ઉત્તરદાયિત્વ ઊભું થાય છે તેમાં અનિવાર્યતયા સહભાગી પાસું હોય છે. તેમાં પછી બીજા કોઈની સહભાગિતા ઊભી કરવાની સમસ્યા ઊભી થતી નથી. આમ, નાગરિકત્વ, સહભાગિતા અને ઉત્તરદાયિત્વ શાસનના ચક્રનો આધાર બને છે. તેમના ત્રણેયના સંકલનથી જ શાસનનું ચક્ર ચાલે છે, અને તેમને ત્રણેયને પરસ્પરથી અસર થાય છે. નાગરિકત્વ, સહભાગિતા અને ઉત્તરદાયિત્વ એ રીતે

## નાગરિકોનાં મંતવ્યો

રાષ્ટ્રકુળના દેશોના નાગરિકોએ સક્રિય નાગરિકત્વ વિશે અને સારો સમાજ આણવામાં તેમની પોતાની ભૂમિકા વિશે કેટલાંક મંતવ્યો વ્યકત કર્યાં છે. તેઓ એ પણ જાણે છે કે તેમણે તેમની ભૂમિકા ભજવવા આડે ઘણા અવરોધોનો સામનો કરવો પડે છે.


- નાગિરકો કહે છે કે સમાજમાં ઉદાહરણ બેસે તે રીતે તેમણે વર્તવું જોઈએ. તેઓ સમાજને માટે નવી પેઢી તૈયાર કરવાનું કામ કુટુંબમાં કરે છે.
- "હું મારાં બાળકોને વકીલોને માન આપવાનું શીખવું છું, તેમને ધાર્મિક શિક્ષણ માટે પણ મોકલું છું." - ફિજીની એક સ્ત્રી
- સક્રિય નાગરિકો વેરા ચૂકવે છે રાજ્યના કાયદાનું પાલન કરે છે. તેઓ તેમનાં બાળકોને ભવિષ્યના નાગરિકો થતાં શીખવે છે.

  "નાગરિકોએ સામાજિક, આર્થિક અને રાજકીય રીતે સમાજના કલ્યાણમાં પોતાનો ફાળો આપવો જોઈએ કે જેથી સારા સમાજનું સર્જન થાય... તેમણે કાયદાનું પાલન પણ કરવું જોઈએ... અને વેરા ચૂકવીને પોતાની ફરજો અદા કરવી જોઈએ." - કેનિયાના એક શિક્ષક
- સક્રિય નાગરિકત્વ કંઈ ઈચ્છા અને પ્રેરણાથી જ ઊભું થાય છે એવું નથી. ઘણા નાગરિકો પાસે સમાજ માટે કંઈક કરવાનો સમય નથી હોતો, માહિતી અને શક્તિ પણ હોતાં નથી. તેથી તેઓ જાહેર પ્રશ્નોમાં સામેલ થતા નથી. રોજના કામનો બોજ એટલો હોય છે કે અને કુટુંબની જવાબદારી જ એટલી મોટી હોય છે કે તેઓ સમાજ માટે કશું કરી શકતા નથી.

  "જ્યારે અમે બાળકો હતાં ત્યારે અમે ભોમિયો બનતાં હતાં, વૃદ્ધાશ્રમોમાં જતાં હતાં અને એવી સામુદાયિક બાબતોમાં ભાગીદાર થતાં હતાં. એમાં મઝા પણ આવતી હતી. અત્યારે એવું કંઈ થતું નથી. એને ફરી એક વાર ઈચ્છનીય બાબત બનાવવાની જરૂર છે." - ઓસ્ટ્રેલિયાના એક નાગરિક

**સ્રોતઃ** 'સિટિઝન્સ એન્ડ ગવર્નન્સઃ સિવિલ સોસાયટી ઈન ધ ન્યૂ મિલેનિયમ', સપ્ટેમ્બર-૧૯૯૯, 'સિવિકસ' સાથે મળીને 'કોમનવેલ્થ ફાઉન્ડેશન' દ્વારા તૈયાર થયેલો અહેવાલ.

કોઈ પણ પ્રકારના અર્થપૂર્ણ શાસનના ત્રણ સ્તંભ છે અને તે બાબત માત્ર સરકારી સંસ્થાઓને જ લાગુ પડતી નથી, પણ તમામ પ્રકારની જાહેર સંસ્થાઓને પણ તે લાગુ પડે છે.




### સક્રિય નાગરિકત્વનાં અગત્યનાં લક્ષણો

'કોમનવેલ્થ ફાઉન્ડેશન' દ્વારા જે અભ્યાસ હાથ ધરવામાં આવ્યો તેમાં સક્રિય નાગરિકોની ભૂમિકા પર ખૂબ ભાર મૂકવામાં આવ્યો. એમ પણ જોવામાં આવ્યું કે નાગરિકોની ભૂમિકા માત્ર મતદાન કરવા પૂરતી મર્યાદિત નથી અને તેમને કેટલાક અધિકારો છે એટલું જ પૂરતું નથી, પણ સરકારી સંસ્થાઓ સાથે સંવાદ કરીને શાસનની પ્રક્રિયામાં ભાગીદાર થવાની પણ તેમની ભૂમિકા છે, અને તેમણે રખેવાળ તરીકે ભૂમિકા ભજવવાની છે કે જેથી શાસન ઉત્તરદાયી બને. એક તરફ નાગરિકત્વ અનેક નાગરિક, રાજકીય, આર્થિક અને સામાજિક અધિકારો આપે છે, તો બીજી તરફ તેમની સક્રિય સહભાગિતાનો પ્રશ્ન અગત્યનો બને છે કે જે શાસનના માળખાને લોકોની જરૂરિયાતો પ્રત્યે પ્રતિભાવાત્મક બનાવે છે. આ સંદર્ભમાં સક્રિય નાગરિકત્વની જરૂરિયાત ઊભી થાય છે. હવે પ્રશ્ન એ ઊભો થાય છે કે સક્રિય નાગરિકો કોણ છે અને તેમનાં લક્ષણો કયાં છે અને આપણે તેમને કેવી રીતે ઓળખી શકીએ. અત્યારે નાગરિકોને એમ લાગે છે કે તેમનો અવાજ સંભળાતો નથી. સાથે સાથે એ પણ સ્પષ્ટ છે કે તેઓ આળસુ ના રહે અને સક્રિય બને તો તેમનો અવાજ સંભળાય. એ એક જાણીતી બાબત છે કે જો વ્યક્તિ કોઈક રાજ્યની નાગરિક હોય તો તેનો અર્થ એ છે કે તે વ્યક્તિ નાગરિકત્વ ધરાવે છે, અને તેથી તેની અને તે જેમાં જીવે છે તે રાજ્ય વચ્ચે એક કરાર થયેલો છે. પરંતુ આ કરારનો ઉપયોગ કરવા માટે વ્યક્તિઓએ તેઓ જે સમાજમાં જીવે છે તેને આકાર આપવામાં સક્રિય ભૂમિકા ભજવવી પડે. એમ પણ જણાયું છે કે ઘણા નાગરિકો સક્રિય છે પરંતુ તેઓ જાહેર હિત માટે તેમને એ રીતે સક્રિય થતાં રોકે છે. આમ, તેમાં માત્ર કાનૂની અધિકારોનો જ સમાવેશ થાય છે એવું નથી પણ સમાજમાં વિવિધ રીતે સામેલગીરીની અપેક્ષાઓ પણ તેમાં ઊભી થાય છે. તેને માટે તેમને પોતાના અને બીજાના રાજકીય, આર્થિક અને સામાજિક અધિકારોની જાણકારી હોવી જરૂરી છે. ઉપરાંત, તેમણે એ બાબતે આત્મવિશ્વાસુ બનવું જોઈએ કે એ અધિકારોની પ્રાપ્તિના ઘણા રસ્તા છે અને તેઓ સંસ્થાઓ અને સંગઠનોને જવાબદાર બનાવી શકે છે.

સક્રિય નાગરિકોએ તેમનાં અધિકારો અને જવાબદારીઓ વિશે જાણવું જોઈએ. તેમાં શી વાસ્તવિકતા છે તેને વિશે પણ સજાગ રહેવું જોઈએ, અને વાસ્તવિકતા બદલવા માટે કામ કરવાની તૈયારી હોવી જોઈએ. તેમણે સાર્વજનિક લાભની બાબતો વિશે ચિંતા કરવી જોઈએ અને પોતાના સમુદાયમાં સામૂહિક પ્રયાસોને પ્રોત્સાહન આપવું જોઈએ. છેવાડે ફેંકાઈ ગયેલા અને વંચિત લોકો માટે સક્રિય નાગરિકોને પદ્ધતિસર ભણતરની તકો મળવી જોઈએ અને તેઓ એ ભૂમિકા ભજવે તે માટે તેમને તેમની ક્ષમતા વધારવાની તક મળવી જોઈએ. સક્રિય નાગરિકો તેમનાં કૌશલ્યો અને જ્ઞાનનો લાભ સમાજને જાહેર નિર્ણય પ્રક્રિયામાં ભાગ લઈને આપે છે. તેઓ નિશ્ચિત ક્ષેત્રોમાં નક્કી થયેલી ભૂમિકા ભજવે છે. સક્રિય અને જવાબદાર નાગરિકત્વનો અર્થ એ નથી કે વ્યક્તિઓ પોતે અમુક સમુદાયના છે તેવી લાગણી ધરાવે અને એ સમુદાયમાં જ કામ કરે. તેમાં સંસ્થાગત અને કંપની સંબંધી જીવનનો પણ સમાવેશ થાય છે. નાગરિકો નાણાકીય સંસાધનો અને ભૌતિક સંસાધનોની કાળજી રાખે અને જવાબદારીપૂર્વક તેમનો ઉપયોગ કરે એવી અપેક્ષા રહે જ છે. એ જ રીતે ધંધાકીય સંગઠનો કે કંપનીઓની પણ જવાબદારી છે. તેમણે આર્થિક વિકાસ સાધવાનો છે પણ તે વિકાસ ચિરંતન હોવો જોઈએ અને તે સમુદાયનાં આરોગ્ય અને કલ્યાણ સાથે સુસંગત હોવો જોઈએ.

જવાબદાર રીતે અને શાંતિપૂર્ણ રીતે કાયદાઓ બદલવા માટે રાજકીય કૌશલ્યની પણ જરૂર હોય છે. સક્રિય અને જવાબદાર નાગરિકોમાં તે હોવાં જોઈએ. તેમનાં રાજકીય સમજ અને કાર્ય વધે તે જરૂરી છે. તે માટે તેમને મદદ મળવી જોઈએ. નાગરિક સમાજના કાર્ય માટે સ્વૈચ્છિક કાર્ય અને સમુદાયની સામેલગીરી આવશ્યક છે. દા.ત. કોઈ શિક્ષક સરકારી શાળાએ નથી આવતો તો લોકો કંઈ બોલતા જ નથી પણ જો કોઈ ખાનગી શાળામાં એવું બને તો તરત જ લોકો સવાલ ઉઠાવે છે, અને શિક્ષકના ન આવવા પાછળનું કારણ તેઓ જાણવા માગે છે. આમ, પરિસ્થિતિ એવી છે કે બહુ જ ઓછા લોકો પ્રશ્નો ઉઠાવે છે પણ લોકશાહીમાં તો સૌને પ્રશ્ન પૂછવાની તક મળવી જ જોઈએ. આવું સક્રિય નાગરિકત્વ ત્યારે ઊભું થાય છે કે જ્યારે નેતાઓ હોય. આવા નાગરિક કર્મશીલોનું નેતૃત્વ નાગરિકો અને રાજ્ય વચ્ચે સેતુરૂપ બને છે. જ્યારે નાગરિકો સમાજને બેઠો કરવા અને શાસનને સુધારવાને માટે કાર્ય કરે ત્યારે નાગરિકોએ નેતૃત્વ કર્યું કહેવાય. આવા નેતાઓને માન્યતા મળે, તેઓ દૃશ્યમાન થાય અને તેમને પ્રોત્સાહન મળે એ જરૂરી છે. નેતા જો એક સારા નાગરિક તરીકેના ગુણો ધરાવતો હોય તો તે વધારે અસરકારક નેતા બને છે. સારા નાગરિકની શોધમાં આપણે એ ન ભૂલી જવું જોઈએ કે સારું નાગરિકત્વ શું છે. આપણે નક્કી કરેલા ક્ષેત્રમાં નક્કી કરેલી ભૂમિકા યોગ્ય રીતે ભજવીએ તો જ સારું નાગરિકત્વ ઊભું થાય.

નેતા એક એવી વ્યક્તિ છે કે જે અમુક જૂથની ઉપર શાસન કરવા, તેને દિશા બતાવવા અને તેની સ્વીકૃતિ મેળવવા કામ કરે છે. નેતા પાસે દિશા, દૃષ્ટિ અને હેતુ છે. તે શક્તિ અને પ્રભાવ ધરાવે છે. ઈચ્છનીય સામાજિક પરિવર્તન માટેના હેતુની તેને ખબર હોય છે. આમ, તેમાં આ ત્રણેય બાબતોનું સંમિશ્રણ હોય છે. તેની પાસે સ્પષ્ટ દિશા અને દૃષ્ટિ હોય તો જ તે પ્રભાવક નેતા બની શકે છે. વળી, નેતા પ્રેરક તરીકે કામ કરે છે પણ બધા પ્રેરક કંઈ નેતા હોતા નથી.

## સક્રિય નાગરિકત્વ આડેના અવરોધો

નાગરિકો સ્વાંત્ર્ય સેનાની બને છે, સામાજિક, આર્થિક અને માનવ અધિકારો માટે લડે છે, વિવિધ પ્રવૃત્તિઓ માટે વિવિધ પ્રકારનાં મંડળો બનાવે છે. ગરીબી નિવારણ, રોજગાર સર્જન, શિક્ષણમાં વધારો, દેશજ સંસ્કૃતિનું જતન, શાંતિની સ્થાપના વગેરે હેતુઓ માટે આવાં મંડળો રચાય છે. પરંતુ અસ્તિત્વ માટેની લડાઈ, લાચારીની ભાવના અને ભૂતકાળના નિરાશાજનક અનુભવો ભાવિ કાર્યની શક્યતાઓને ઘટાડી નાખે છે. રાજ્ય અને બીજી કેટલીક વ્યાપક સ્તરની સંસ્થાઓ અહીં નાગરિકોની કર્મશીલતા વધારી શકે છે. પરંતુ હાલનાં વલણો એમ દર્શાવે છે કે ઘણા નાગરિકો તેમના જીવનને અસર કરતી પ્રક્રિયાઓથી વધારે ને વધારે વિખૂટા અને અલગ પડી રહ્યા છે, અને સામાન્યજનોના અવાજને તો કદી ધ્યાનમાં લેવામાં આવતો જ નથી. વૈશ્વિકીકરણ, સ્પર્ધા અને વ્યક્તિવાદનાં વલણોથી પોતે વધુ ને વધુ લાચાર બની રહ્યા હોય એમ તેમને લાગે છે. અને તેથી નાગરિક સમાજના લોકશાહીકરણ પર વિપરીત અસર થઈ છે.

અહીં મુખ્ય હેતુ સામાજિક પરિવર્તન લાવવાનો તથા સામાજિક ન્યાય અને સમતા ઊભાં કરવાનો છે. એને માટે કેટલીક પ્રક્રિયાઓને અનુસરવું પડે છે. કેટલીક વાર ઉપરથી નીચેની તો કેટલીક વાર નીચેથી ઉપરની પ્રક્રિયા હોય છે. જ્યારે નીતિમાં પરિવર્તન આવે છે ત્યારે સામાજિક પરિવર્તન લાવવાનો તેનો હેતુ હોય છે. જેમ કે, ૭૪મા બંધારણ સુધારા ધારા દ્વારા અનુસૂચિત જાતિઓ અને અનુસૂચિત જનજાતિઓ માટે અનામત પ્રથા દાખલ થઈ. આ સુધારા ધારાએ ત્રણ સ્તરની લોકશાહી વ્યવસ્થા પણ ઊભી કરી. ઉપરથી પરિવર્તન આવે ત્યારે પણ સામાજિક પરિવર્તન માટે દબાણ ઊભું થાય છે. આવા જ એક પરિવર્તને સામંતશાહી શોષણ વ્યવસ્થાનો અંત આણવામાં મદદ કરી. લોકો સંગઠિત થયા અને તેમણે લાભો મેળવ્યા. દા.ત. ચિપકો આંદોલન. વનવિનાશ સામે સ્ત્રીઓએ આ આંદોલન ચલાવ્યું. અધિકારો માટે લડતો સમુદાય વિકાસમાં ભાગીદાર થાય અને વાટાઘાટોમાં ભાગીદાર થાય એ અત્યંત આવશ્યક છે. સમુદાયને લાભાર્થી ગણવાથી જ ઘણી વાર મોટો અવરોધ ઊભો થાય છે. તેથી

એમ સમજાયું કે સંસ્થાઓ સાથે નાતો બંધાવો જોઈએ અને અધિકારો માટેની લડત ઊભી થવી જોઈએ. જેમ કે, મજૂર મંડળોનું નેતૃત્વ શિક્ષિત અને આર્થિક રીતે સમૃદ્ધ વર્ગોમાંથી આવ્યું. તેમણે મંડળોની રચના કરી અને પ્રવૃતિઓ શરૂ કરી. તે એમ બતાવે છે કે લોકશાહીમાં પણ સંસ્થાઓ જરૂરી છે. લોકશાહી તો જ કામ આપે છે જો લોકો સંગઠિત થઈને શાસન સામે પ્રશ્નો ઉઠાવે છે. સંસ્થાઓ પરિસ્થિતિનો પ્રતિભાવ આપે છે અને નાગરિકો સંસ્થાઓમાં જોડાઈને સક્રિય બને છે. સૈદ્ધાંતિક રીતે જોઈએ તો નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર થવાનો સૌને સમાન અધિકાર છે. પરંતુ સક્રિય નાગરિકત્વ આડે કેટલાક અવરોધો હોય છે. દા.ત. પ્રતિનિધિ લોકશાહીમાં તમામ નાગરિકોને મતાધિકાર હોય છે. પણ સૌએ સહભાગિતાનો અધિકાર ભોગવવો હોય તો કેટલાંક ઔપચારિક અને અનૌપચારિક પગલાં ભરવાં પડે છે. આર્થિક, સામાજિક અને સાંસ્કૃતિક પરિબળો તેમાં ખૂબ અગત્યની ભૂમિકા ભજવે છે. સ્ત્રીઓ અને છેવાડે રહી ગયેલા લોકો શાસનમાં સહભાગી થઈ શકતા જ નથી. જેમ કે, સ્ત્રીઓએ બાળકોની સંભાળ, ગૃહકાર્ય, રસોઈ ઉપરાંત આવક સર્જનનું કામ કરવાનું હોય તો તેની ઉપર ભારે બોજ પડે છે. તેથી તે જાહેર ક્ષેત્રમાં ભૂમિકા ભજવી શકતી નથી, સક્રિય નાગરિકત્વથી તેઓ દૂર જ રહે છે. આમ, નાગરિક નેતાઓએ સક્રિય બનાવવા માટે અને નાગરિકોને સક્રિય બનાવવા માટે ઘણી લાંબી મંઝિલ કાપવી પડે છે. નાગરિકો માટે સહભાગિતાનો માર્ગ મોકળો બને તેની ભૂમિકા નાગરિક નેતાએ ભજવવાની રહે છે. તેઓ મધ્યસ્થી છે, તેઓ સક્રિય નાગરિક પણ છે અને નેતા પણ છે. સરકારી સંસ્થાઓ સાથે વાટાઘાટો થાય તે પ્રકારની નેતાગીરી વિકસે એ જરૂરી છે. આ સંદર્ભમાં નાગરિક નેતાઓ કોણ છે, તેમની શી ભૂમિકાઓ છે અને સામાજિક વિકાસ માટે નાગરિકોનું કર્તૃત્વ તેઓ કેવી રીતે ઊભું કરી શકે છે તે આપણે તપાસવું પડે તેમ છે.

## નાગરિક નેતાઓ

નાગરિક નેતૃત્વ એટલે એવી વ્યક્તિઓનું જૂથમાં પરિવર્તન કે જેઓ પ્રશ્નો પૂછે, તેઓ 'જે છે' તેને સમજવા તૈયાર હોય છે અને 'શું થઈ શકે' તે માટે સામૂહિક ચેતના ઊભી કરવા મદદરૂપ થવા તૈયાર હોય છે. નાગરિકો સમૂહમાં એકત્ર થાય તો નવું જ્ઞાન ઊભું થાય છે, તે શક્યતાઓના જગતને વિસ્તારે છે અને તે તેના સમુદાયના નેતાઓને સામૂહિક રીતે ઈચ્છનીય એવા ભવિષ્ય માટેની દૃષ્ટિ વિકસાવવામાં મદદ કરે છે. અને તે શ્રદ્ધાઓ વ્યવહારમાં ઊતરે તથા કલ્પનાઓ સાકાર બને તે માટેના રસ્તાઓ શોધે છે. નાગરિક નેતાઓ સારા નાગરિક બનીને પોતાનું જ ઉદાહરણ પેશ કરે છે. તેઓ કઠોર પરિશ્રમ કરે છે, બીજાઓને મદદ કરે છે અને પ્રામાણિકતાથી કામ કરે છે.

તેઓ પરિવાર અને સમુદાયમાં ઉદાહરણો બેસાડે છે. અનેક નાગરિકો એને જરૂરી માને છે અને પોતાના જીવનનો ઈચ્છનીય ભાગ ગણે છે. સાર્વજનિક હિત માટે કામ કરવાની ઈચ્છા, સામૂહિક રીતે સમસ્યાઓ ઉકેલવાની અને સમાજની પરિસ્થિતિને સુધારવાની ઈચ્છા વ્યક્તિને નેતા બનાવે છે. નાગરિક કર્મશીલો નાગરિકો અને રાજ્ય વચ્ચે સેતુ બને છે. નાગરિકો જ્યારે સમાજનું નિર્માણ કરે છે અને શાસનને સુધારે છે ત્યારે તેઓ નેતા બને છે. આવા નાગરિક નેતાઓને માન્યતા આપવી, તેમને દૃશ્યમાન બનાવવા અને તેમને પ્રોત્સાહન આપવું એ મહત્ત્વની બાબત છે. જે નાગરિકો અન્ય નાગરિકોને કામ કરવા માટે સક્ષમ બનાવે છે તે નાગરિકો નેતા બને છે. તેઓ સમાજમાં નીતિવિષયક બાબતો માટે નાગરિકોની કર્મશીલતાને પ્રોત્સાહન આપે છે. આવા દરેક પ્રયાસમાં રચનાત્મક પ્રશ્નો હોય છે, ઊંચી અપેક્ષાઓ હોય છે અને લોકો જે કંઈ કરવા માગે છે તે સામૂહિક રીતે કામ કરીને કરી શકાશે એવો વિશ્વાસ હોય છે.

નાગરિક નેતા પાસે જે દિશા, શક્તિ અને પ્રભાવ છે તે આપોઆપ મળેલાં હોય છે અથવા તો એ મેળવેલાં હોય છે. સ્થાનિક સમુદાયના નિવાસીઓ જ્યારે પ્રતિબદ્ધતા અને દૃષ્ટિ સાથે આગળ વધે છે, સમુદાયની અસ્કામતો વિશે સમજ કેળવવા નાગરિકોને પ્રોત્સાહન આપે છે. પોતાના વિસ્તારની પરિસ્થિતિ સુધારવાના રસ્તા વિચારે છે અને નવતર બાબતો શોધી કાઢે છે ત્યારે તેમાંથી જ કોઈક નાગરિક નેતા ઊભો થાય છે. નાગરિક નેતાઓ ગમે તે હોઈ શકેઃ શિક્ષકો, ખેડૂતો, સુથારો, ગૃહિણીઓ, વિદ્યાર્થીઓ કે ગમે તે. તેઓ શિક્ષણ, આરોગ્ય, પાણી, વીજળી, સફાઈ, અગરબત્તી, મીણબત્તી, કાગળ જેવી વસ્તુઓ બનાવતા અને આર્થિક સલામતી ઊભી કરનારા કુટિર ઉદ્યોગો, સ્વ-સહાય જૂથોને મજબૂત કરવા, વિકાસલક્ષી પ્રશ્નો વિશે યુવાનોને જાગૃત કરવા જેવા મુદ્દાઓ પર ધ્યાન આપી શકે છે.

સ્થાનિક નાગરિક નેતા સમુદાયનાં મહત્ત્વનાં મૂલ્યો અને અસ્કામતોને દૃશ્યમાન બનાવે તે રીતે નવતર કાર્ય કરવાની તક ધરાવે છે. તેમાંથી સ્થાનિક સ્તરે નેતૃત્વ અને સહભાગિતા ઊભાં થાય છે. આ નવતર કાર્ય સ્કાઉટ જૂથ, વડીલ મંડળ, નારી જૂથ, મહિલા મંડળ, યુવક મંડળ વગેરે જેવાં હયાત જૂથોને મજબૂત બનાવે છે અથવા તો નવાં જૂથો જન્માવે છે. દા.ત. કિશોરો અને કિશોરીઓનું જૂથ તેમના વિસ્તારના લોકોની એક યાદી બનાવી શકે, તેઓને સ્વૈચ્છિક પ્રવૃત્તિઓમાં પછીથી જોડી શકાય. તેથી સમુદાયના સભ્યો પરિયોજનાનાં આયોજન, અમલ અને મૂલ્યાંકનની જવાબદારી સંભાળતા થાય. નાગરિક નેતાઓના કાર્યનું મૂલ્ય ખૂબ જ છે, માત્ર એક જ સમુદાય માટે નહિ, પણ બીજાં મોટાં નેટવર્ક માટે પણ. કારણ એ છે કે તેઓ નવીનતમ બાબતોની

### નાગરિક નેતા કોણ છે?

સ્થાનિક સમુદાયના નિવાસીઓ જ્યારે પ્રતિબદ્ધતા અને દૃષ્ટિ સાથે આગળ વધે છે, સમુદાયની અસ્કામતો વિશે સમજ કેળવવા નાગરિકોને પ્રોત્સાહન આપે છે, પોતાના વિસ્તારની પરિસ્થિતિ સુધારવાના રસ્તા વિચારે છે અને નવતર બાબતો શોધી કાઢે છે ત્યારે તેમાંથી જ કોઈક નાગરિક નેતા ઊભો થાય છે. તે ઉપસ્થિત થતી ઘટનાઓ અને પ્રશ્નો વિશે સભાન અને સંવેદનશીલ હોય છે. સમુદાયમાં તેનું માન છે. તે સ્વીકૃત છે અને માન્યતા પ્રાપ્ત છે. નેતૃત્વના ગુણો ધરાવે છે અને સ્થાનિક સ્તર તથા સરકાર વચ્ચેના માધ્યમ તરીકે કામ કરે છે. એનો અર્થ એ છે કે તે સરકારની નીતિઓ સાથે ગ્રામ વિસ્તારોના વિકાસના પ્રશ્નોને સાંકળે છે.

તેનામાં બાકાત રહેલા સમાજના વર્ગોનો સમાવેશ કરવાની ક્ષમતા હોય છે. તે છેવાડે રહી ગયેલા, અવાજવિહીન, અસહાય અને વંચિત વર્ગોનો સમાવેશ કરે છે કે જેમાં દલિતો, વિકલાંગો, સ્ત્રીઓ, આદિવાસીઓ, લઘુમતીઓ વગેરેનો સમાવેશ થાય છે. નાગરિક નેતાઓ સવેતન કાર્યકરો નથી. તેઓ સમુદાયના ઉત્થાન માટે સ્વૈચ્છિકપણે કામ કરે છે. સવેતન કર્મચારી હોય તો તો તેઓની જવાબદારી અમુક સંગઠન પૂરતી મર્યાદિત થઈ જાય છે, અને સમગ્ર સુમદાય પ્રત્યે તેમનું ઉત્તરદાયિત્વ રહેતું નથી. નાગરિક નેતાઓ મારફતે જ માહિતીનો પ્રચાર-પ્રસાર થાય છે. તેઓ ઘેર ઘેર મુલાકાત લે છે, ભીંતચિત્ર, શેરી નાટકો વગેરેનો સહારો લે છે. પલ્સ પોલિયોની રસી માટેના કાર્યક્રમ જેવા આરોગ્યના કાર્યક્રમ, જળસંગ્રહ, પંચાયતો, સરકારની નીતિઓ અને કાર્યક્રમો (જેમ કે મધ્યાહ્ન ભોજન કાર્યક્રમ, કામ માટે અનાજનો કાર્યક્રમ), છોકરીઓને સક્ષમ બનાવવી વગેરે બાબતો અંગેની માહિતી તે પ્રસરાવે છે. નાગરિક નેતાઓ સાંસ્કૃતિક અને પરંપરાગત માધ્યમો મારફતે સમુદાય સાથે સંબંધો ઊભા કરે છે અને સમુદાયમાં સહભાગિતા ઊભી કરે છે. તેમણે નવા વિચારો અને સૂચનો પ્રત્યે મોકળા મનના રહેવું જોઈએ, તેમનામાં ધીરજ હોવી જોઈએ, તેઓ નિષ્પક્ષ હોવા જોઈએ, દબાણ ન કરનારા અને બાંધછોડ કરનારા હોવા જોઈએ, સૌને પક્ષે જીત ઊભી કરનારા હોવા જોઈએ, અન્ય વિકલ્પો દર્શાવનારા હોવા જોઈએ અને પ્રશ્નોના ઉકેલ પહેલાં ખર્ચ-લાભ વિશે વિચારનારા હોવા જોઈએ.

બેન્કનું વિસ્તરણ કરતા જ જાય છે. તેને પરિણામે વધુ ને વધુ નવતર બાબતો ઊભી થતી જ જાય છે અને સમુદાયની સામેલગીરી માટે તેમાંથી પ્રેરણા મળે છે. આ રીતે તેઓ સમુદાયનું વિધાયક ભવિષ્ય ઘડવામાં પોતાનું પ્રદાન આપે છે.

નાગરિક નેતાઓની ભૂમિકાને બે ક્ષેત્રોમાં વહેંચી શકાયઃ (૧) સમાજનું નિર્માણ. (૨) શાસનની સંસ્થાઓમાં સામેલગીરી. આ બે ભૂમિકાઓને વળી પેટા ભૂમિકાઓમાં પણ વહેંચી શકાય. આ ભૂમિકાઓ તેઓ ભજવી શકે તે માટે તેમની ક્ષમતા વધારવાની જરૂરી છે. તેથી બિન-સરકારી સંગઠનો અને સ્વૈચ્છિક સંસ્થાઓને નાગરિક નેતાઓના ક્ષમતા વર્ધનમાં સામેલ કરી શકાય.

### નાગરિક નેતાઓની ભૂમિકા

**(૧) સમાજનું નિર્માણ**

નેતાનું સૌ પ્રથમ મહત્ત્વનું કાર્ય નીચેના માર્ગોએ સમાજનું નિર્માણ કરવાનું છેઃ

**(અ) સામાજિક જાગૃતિઃ** તેમાં ગરીબો અને તરછોડાયેલા લોકોની સભાનતાનો અને તેમને શાસનની રાજકીય નિર્ણય પ્રક્રિયામાં ભાગીદાર બનાવવાનો સમાવેશ થાય છે. તેમને જાગૃત કરવાનો હેતુ રચનાત્મક વિકાસલક્ષી પ્રવૃત્તિમાં સામેલ કરવાનો છે, તો મોટા પાયે વિરોધ દર્શાવવાની પ્રવૃત્તિમાં લઈ જવાનો પણ છે. **(આ) સામાજિક બાદબાકીનું નિવારણઃ** સમાજના એવા વંચિત અને અસહાય વર્ગોનો મુખ્ય પ્રવાહમાં સમાવેશ કરવાનો હોય છે કે જેઓ હજુ સુધી અદૃશ્ય અને અવાજવિહીન છે. **(ઈ) મતભેદોનું સંચાલનઃ** સમુદાયની અંદર જે સંઘર્ષો ઊભા થાય છે તેમનું નિવારણ વાટાઘાટો દ્વારા થાય અને બંને પક્ષોને સ્વીકાર્ય એવા નિર્ણયો દ્વારા થાય.

**(૨) શાસનની સંસ્થાઓમાં સામેલગીરી**

નેતાનું એક બીજું મહત્ત્વનું કાર્ય વિવિધ સંસ્થાઓ સાથેની સામેલગીરી છે. જેમ કે, આરોગ્ય મંત્રાલય, શિક્ષણ મંત્રાલય અને સમાજના વિકાસ માટે કાર્ય કરનારાં બિન-સરકારી સંગઠનો સાથે તેમણે નીચેની રીતોએ સંપર્ક જાળવવાનો રહે છેઃ

**(અ) અવાજઃ** વિવિધ મંચો દ્વારા સમુદાયને અસર કરનારા ઉપસ્થિત થતા પ્રશ્નો વિશે લોકોનો અવાજ રજૂ કરવો. **(આ) વાટાઘાટોઃ** સમાન સ્તરે જ વાટાઘાટો થઈ શકે. સમુદાય વતી વાટાઘાટો કરીને સમસ્યાનો ઉકેલ શોધવાનો પ્રયાસ કરવામાં આવે છે. **(ઈ) વિશ્વસનીયતાઃ** 'નેતા જે કહે છે તે કરે છે' એવું લોકોને લાગવું જોઈએ. મહત્ત્વના પ્રસંગોએ તેમની હાજરીથી વિશ્વસનીયતા ઊભી કરવી પડે છે.

ઉપરોક્ત બંને કાર્યો ચક્રીય પ્રક્રિયા ધરાવે છે અને નેતાનાં જ્ઞાન, વલણો અને કૌશલ્ય પર તે આધારિત છે. તેથી આ ભૂમિકાઓ ભજવવા માટે આપણે વિવિધ નેતાઓની જરૂર રહે છે અથવા તો એક એવી વ્યક્તિની જરૂર રહે છે કે જે અનેક ભૂમિકાઓ ભજવી શકે. દા.ત. સ્વ-સહાય જૂથમાં એક વ્યક્તિ ખજાનચી તરીકે અને મંત્રી તરીકે પણ કામ કરે. જો તેની પાસે કાર્યક્ષમતા અને કૌશલ્ય હોય તો તે એ બંને કામ કરી શકે. ઉપરાંત, એ નેતા પાસે સ્પષ્ટ દિશા

## નાગરિક નેતાની ભૂમિકા

સારા સમાજ માટે સામાન્ય નાગરિકોનું પ્રદાન મેળવવા માટે અને તે આપવા તેમને સક્ષમ બનાવવા માટે નાગરિક નેતાઓની ભૂમિકા મહત્ત્વની બને છે.

ન્યૂ ઝીલેન્ડના એક યુવાન નાગરિક કહે છે કે, "અમારા નેતાઓ મજબૂત છે, તેઓ પ્રામાણિક છે અને સંનિષ્ઠ છે."

આ અભ્યાસમાં નાગરિકોએ સતત સક્ષમ અને પ્રતિબદ્ધ નાગરિક કર્મશીલો દ્વારા પૂરાં પડાતાં પ્રેરણા અને નેતૃત્વનો ઉલ્લેખ કરાયો છે. તેમણે સામુદાયિક બાબતોમાં સામાન્યજનોનાં પ્રદાન અને સહભાગિતા મેળવવાનાં છે. તેમણે માહિતીની આપ-લે કરવાની છે, જાગૃતિ ઊભી કરવાની છે અને સારા સમાજના નિર્માણ માટે અન્ય નાગરિકોને સામેલ કરવાના છે.

**સ્રોતઃ** 'સિવિકસ' સાથેનો 'કોમનવેલ્થ' ફાઉન્ડેશનનો અહેવાલ, સપ્ટેમ્બર - ૧૯૯૯.

હોવી જોઈએ, સ્પષ્ટ ભાવિ દૃષ્ટિ હોવી જોઈએ. દા.ત. સ્વ-સહાય જૂથોની નિયમિત બેઠકો યોજવાનો મૂળભૂત હેતુ શો છે? શું તે આર્થિક સક્ષમતા વધારવા માટે જ છે કે પછી તે સમાજના અન્ય મહત્ત્વના પ્રશ્નો વિશે ચર્ચા કરવાનો મંચ પણ બને છે. વળી, આ બેઠકોનું આયોજન એ રીતે થવું જોઈએ કે જેથી વિધવાઓ, દલિતો, આદિવાસીઓ, વૃદ્ધો, લઘુમતીઓ, વિકલાંગો જેવા વંચિત વર્ગોને પણ તેમનો અવાજ રજૂ કરવાની તક મળે. સમાજ નિર્માણની પ્રક્રિયાની સાથે સાથે આ પ્રક્રિયા ચાલે તો સામાજિક નીતિઓના ઘડતરમાં પણ નાગરિકોની સક્રિય સહભાગિતા ઊભી થાય.

સામાજિક પરિવર્તનની પ્રક્રિયા પર પ્રભાવ પાડવો, તાર્કિક માર્ગદર્શન, સ્થાનિક સ્તરે લોક સંગઠન બનાવવું, સામાજિક પરિવર્તન માટે ઉદ્દીપક તરીકે કામ કરવું. રાજ્ય-બજાર અને નાગરિક સમાજનાં સંગઠનો સાથે વાટાઘાટો કરવી, સહકાર સાધવો અને સંપર્કો ઊભા કરવા, નાગરિકોની સહભાગિતા વધે તે માટે પ્રોત્સાહન આપવું. સહભાગિતા માટે વાતાવરણ ઊભું કરવું, સંસાધનો ઊભાં કરવાં, એકતા જાળવવી, સંઘર્ષોનું નિવારણ કરવું, હિમાયત કરવી વગેરે કામો પણ નાગરિક નેતાએ કરવાનાં હોય છે. તે નાગરિકોને માટે મિત્ર, મીમાંસક અને માર્ગદર્શક બધું જ છે.

## સક્રિય નાગરિકત્વનું કાર્યગત પાસું

સક્રિય નાગરિકત્વનાં વિવિધ પાસાં કેવી રીતે કાર્યગત થાય એ સમજવું જરૂરી છે. આ અંગેના બે કિસ્સા નોંધનીય છે, તે બંને નાગરિકોની સક્રિયતાને ઉજાગર કરે છે.

### સામાજિક વિકાસ પર દેખરેખ અને નાગરિકત્વ

ભારતમાં નાગરિકત્વનો વ્યવહાર અને અધિકારો બંને માન્ય છે. તેમાં સામાજિક વિકાસ પરની દેખરેખ એક શક્તિશાળી સાધન છે. તેમાં તમામ હિતધારકોની સામેલગીરી વધે છે અને મજબૂત તથા અર્થપૂર્ણ નાગરિક કાર્ય માટે પ્રોત્સાહન મળે છે. સામાજિક વિકાસની દેખરેખ (એસડીએમ)માં લાભાર્થી નાગરિકો કે સામાજિક રીતે વંચિત જૂથો દ્વારા અવલોકન અને કાર્યનો સમાવેશ થાય છે. તેનું ક્ષેત્ર વ્યાપક છે અને સરકારની કે બિન-સરકારી સંગઠનોની નિશ્ચિત દરમ્યાનગીરીઓથી પર છે. તે સૌનો સમાવેશ કરે છે, પારદર્શિતા ઊભી કરે છે અને પ્રતિભાવાત્મકતા સર્જે છે.

ઝારખંડ રાજ્યમાં સંથાલ પરગણા પ્રદેશના જામરતા તાલુકામાં સામાજિક વિકાસ પર દેખરેખ રાખવાનું કામ થયું છે. તે એક આદર્શ રજૂ કરે છે. સરકારી સંસ્થાને નાગરિક નેતાઓએ કેવી રીતે છેવાડે ફેંકાઈ ગયેલા લોકોની જરૂરિયાતો પ્રત્યે જવાબદાર બનાવી તેનું તે ઉદાહરણ પૂરું પાડે છે. ઝારખંડના જામરતા તાલુકામાં આ પ્રક્રિયા શરૂ. લાભાર્થી જૂથોએ સેવા પૂરી પાડનારી સંસ્થાઓને તપાસી. તેમાં એમ પણ જણાયું કે શૈક્ષણિક સંસ્થાઓ અને ખાસ કરીને અનૌપચારિક શિક્ષણ આપતી સંસ્થાઓ પર દેખરેખ રાખવાની જરૂર છે. અનૌપચારિક શિક્ષણ કેન્દ્ર ત્રીજા ધોરણ સુધીનાં કામે જતાં બાળકોને શિક્ષણ આપવાનું કામ કરતું હતું અને દુમકાની પ્રાથમિક શાળામાં તેમને મોકલતું હતું. સાક્ષરતાનું સ્તર નીચું છે અને કામે જતાં બાળકોનાં મા-બાપોને એ વિશે કશી ખબર નથી તેથી આ કેન્દ્ર પર દેખરેખ રાખવાનું નક્કી થયું. બાળકો બીડી બનાવવાનાં કારખાનાંમાં, રેસ્ટોરન્ટ્સમાં, ઈંટો બનાવવાના ભઠ્ઠામાં અને અન્ય વેપાર-ધંધામાં કામે જતાં હતાં. આથી મા-બાપો આ કેન્દ્ર પર કશું ધ્યાન આપતાં નહોતાં. પરિણામે, આ પરિસ્થિતિને બદલવા માટે સામાજિક વિકાસ પરની દેખરેખ (એસડીએમ)ને ભાગીદારી વધારતા એક સાધન તરીકે પસંદ કરાઈ.

પરિયોજના વિશેની સમજ ઊભી કર્યા પછી સંસ્થાઓ વિશે નકશા તૈયાર કરાયા અને દેખરેખ માટે એક ક્ષેત્ર પસંદ કરવામાં આવ્યું. તે માટે જારમુંડી અને જામરતા વિશે વિચારાયું. પરિયોજનાનાં બધા જ પાસાં વિચારવામાં આવ્યાં અને તેના કામ વિશે પણ ચિંતન કરાયું. તેને માટે મુલાકાતો લેવાઈ અને જૂથ ચર્ચાઓ પણ કરાઈ અને માહિતીનો પાયો પણ તૈયાર કરાયો. તેને માટે તમામ હિતધારકોની મદદ લેવામાં આવી. તમામ હિતધારકોના પ્રશ્નો જાણવાનો પ્રયાસ કરવામાં આવ્યો.

જાણવા મળ્યું કે ૧૯૯૫માં 'ચાઈલ્ડ લેબર સોસાયટી'ની સ્થાપના થયા બાદ ત્રણ તાલુકામાં અનૌપચારિક શિક્ષણ માટે ૪૦ વિદ્યાલયો ચલાવવાની પરિયોજના તૈયાર કરવામાં આવી હતી. ભારત સરકારના શ્રમ મંત્રાલય દ્વારા 'ચાઈલ્ડ લેબર એલિમિનેશન સોસાયટી' દ્વારા આ પરિયોજના માટે નાણાં અપાયાં. જિલ્લા, તાલુકા અને ગામ સ્તરે સમિતિઓની રચના કરવામાં આવી. જિલ્લાના કમિશનર હોદ્દાની રૂએ તેના અધ્યક્ષ બન્યા. તાલુકા સ્તરે તેમાં ત્રણ સર્કલ અધિકારીઓ છે. મુખ્ય અધિકારીને અમલની જવાબદારી સોંપવામાં આવી છે. શાળાઓનાં કેન્દ્રો સરળ રીતે ચાલે તે તેમની જવાબદારી છે. પંચાયત સ્તરે ગામના નેતાઓ સાક્ષરતા ઝુંબેશમાં સક્રિય રીતે સામેલ થાય છે અને તેઓ આ સમિતિના સભ્યો છે. સ્વૈચ્છિક વિકાસલક્ષી સંગઠનો પાસેથી પરિયોજનામાં ટેકો મંગાયો છે. તેની મુખ્ય પ્રવૃત્તિઓ આ મુજબ છેઃ

- ૫થી ૧૪ વર્ષનાં બાળકોને આનંદ આવે તે રીતે શિક્ષણ આપવું અને દર મહિને રૂ.૧૦૦નું સ્ટાઈપેન્ડ આપવું.
- રોજના રૂ.૨.૫૦ના માથાદીઠ ખર્ચ સાથે મધ્યાહ્ન ભોજન યોજના ચલાવવી.
- એક વિદ્યાલયમાં બે શિક્ષકો અને એક અનુસેવિકા હોય.
- જિલ્લા સમિતિ અભ્યાસક્રમ નક્કી કરે. વર્ષમાં એક વાર ડિસેમ્બર માસમાં પરીક્ષા લેવાય.
- સમયાંતરે આરોગ્યની તપાસ થાય.

આ તમામ પાસાંઓને ધ્યાનમાં લેતાં સામાજિક વિકાસ દેખરેખ હાથ ધરવાનું નક્કી કરાયું. તેમાં નાગરિકો અને નેતાઓને આ પાસાં વિશે મજબૂત કરવાનું મહત્ત્વનું જણાયુંઃ

- પરિયોજના વિશે નાગરિકોનો દૃષ્ટિકોણ.
- નિર્દેશકો વિકસાવવા તેમને મદદ કરવી.
- નિર્દેશકોના સંદર્ભમાં માહિતી ભેગી કરવી.
- સામૂહિક કાર્યનું સંયુક્ત વિશ્લેષણ.

સામાજિક વિકાસ દેખરેખની પ્રક્રિયામાં જે મહત્ત્વનાં પગલાં હાથ ધરાયાં તે આ મુજબ છેઃ

(૧) **માહિતીનો પ્રચાર-પ્રસાર, દૃષ્ટિકોણ નિર્માણ અને ચર્ચા-વિચારણા**

સૌ પ્રથમ તો એક કાર્યશાળામાં અભ્યાસનાં તારણો વિશે માહિતી અપાઈ. તેમાં તમામ હિતધારકો હાજર રહ્યા હતા. નાગરિકોની સહભાગિતા ઉપર ભાર મૂકવામાં આવ્યો. સરકારનો મત એવો હતો કે નાગરિકોએ સંપૂર્ણપણે સરકાર પર આધાર ન રાખવો જોઈએ. પરિયોજનાના યોગ્ય અમલ માટે શક્ય તે તમામ રીતોએ નાગરિકોએ સંપૂર્ણપણે ભાગ લેવો જોઈએ. તેમાં નાગરિકોની સહભાગિતા વિશે મતભેદો પ્રવર્તતા હતા. પછી મા-બાપો એ સમજ્યાં કે શાળાની કામગીરીમાં તેઓ કોઈક ભૂમિકા ભજવી શકે છે. એ પછી અનેક બેઠકો મા-બાપો સાથે યોજાઈ અને પ્રાપ્ય વિકલ્પો વિશે વિચારણા થઈ. નાગરિકોની સહભાગિતા માટે સામાજિક વિકાસ દેખરેખ (એસડીએમ) એક યોગ્ય વિકલ્પ તરીકે ઊભરી આવી. અહીં એમ પણ જણાયું કે કાર્ય પૂરું કરવા માટે ક્ષમતા વર્ધન એ એક અસરકારક સાધન છે. પણ તે સતત ચાલનારી પ્રક્રિયા છે. માબાપો ગરીબ અને નિરક્ષર હતાં અને અધિકારીઓ સાથે વાતચીત કરવાનો મોકો તેમને મળ્યો જ નહોતો. સમુદાય તથા હિતધારકોનો ટેકો અને સહકાર મેળવવા માટે આ સંદર્ભમાં સ્થાનિક વ્યક્તિની જરૂરિયાત જણાઈ.

(૨) **નાગરિકોનું કાર્ય**

આ પ્રયાસને પરિણામે નાગરિકો કાર્ય કરતા થયા. તેઓ હિતધારકોની બેઠકોમાં આવે, શાળાઓની દેખરેખ માટેની વ્યૂહરચના ઘડે અને નિર્દેશકો વિકસાવે, સમિતિઓની રચના કરે, દરેક સભ્યનાં ભૂમિકા અને જવાબદારી નક્કી કરે.

(૩) **દેખરેખ માટે ક્ષમતા વધારવી**

નવું સત્ર શરૂ થઈ રહ્યું હતું ત્યારે પરિયોજનાનાં વિવિધ પાસાં અને સંબંધિત પ્રશ્નો વિશે ચર્ચા થઈ. તેમાં પ્રશ્નોની પ્રાથમિકતા નક્કી થઈ અને નિર્દેશકો વિકસાવાયા. દેખરેખની પ્રક્રિયા અંગે તેથી નાગરિકો નિર્ણયો લેતા થયા. પછી છેવટે દેખરેખ માટે આ નિર્દેશકો નક્કી થયાઃ

- શાળાના કામના કલાકો દરમ્યાન બે શિક્ષકોની હાજરી.
- મહિનામાં ગમે ત્યારે ચાર-પાંચ દિવસ દેખરેખ રાખવી.
- મધ્યાહ્ન ભોજન યોજના પર દેખરેખ રાખવી.
- બાળકોની સ્થાનિક આરોગ્ય ખાતા દ્વારા મહિનામાં એક વાર થતી આરોગ્ય તપાસ પર દેખરેખ રાખવી. આવી તપાસ દરેક મહિનાના કામકાજના છેલ્લા દિવસે કરવામાં આવે છે.

માહિતી નોંધવા માટે નિશ્ચિત માળખું તૈયાર કરવાનું નક્કી કરાયું. સમિતિએ આપોઆપ પોતાની મેળે માહિતી નોંધવાનું નક્કી કર્યું. તેમાં ઉપરોક્ત નિર્દેશકો ચિત્રોથી સરળ રીતે નક્કી કરાયેલા દર્શાવાયા. તમામ સભ્યો વારાફરતી દેખરેખ રાખે અને કામ કરે અથવા એક સમયે આખું જૂથ કામ કરે એ નક્કી થયું. નિર્દેશકો વિકસાવાયા તેથી માબાપોમાં સ્પષ્ટતા ઊભી થઈ. પરંતુ શિક્ષકો અને ડોક્ટરો તથા તાલુકા સ્તરના સરકારી અધિકારીઓ પ્રતિભાવાત્મક બને, તેઓ કાર્યક્ષમ બને અને તેઓ ઉત્તરદાયી બને એ જરૂરી છે. અન્ય હિતધારકો પાસેથી ટેકો મળી રહે તે માટે એ દેખરેખમાં ધ્યાન રખાયું. આથી

સમુદાયમાં વિશ્વાસ ઊભો થયો.

(૪) **શિક્ષકો અને અધિકારીઓ સાથે વાતચીત**

દેખરેખમાં શિક્ષકો અને અધિકારીઓને સામેલ કરવા માટેની પ્રક્રિયાથી કાર્યક્ષમતા ઊભી થઈ. સરકારી અધિકારીઓ સાથે કેવી રીતે વાટાઘાટો કરવી એનું કૌશલ્ય ઊભું થયું. તેઓ આરોગ્ય અધિકારીઓ અને સર્કલ અધિકારીઓને મળ્યા અને શાળાની કામગીરી વિશે તેમને વાત કરી. પોતાનાં સૂચનો આપ્યાં.

નાગરિક નેતાઓની સામેલગીરીથી અનેક મહત્ત્વના ફેરફારો થયા. ત્રણ શાળાના શિક્ષકોએ સંપૂર્ણ સહકાર આપ્યો. તેમને સમજાયું કે અન્ય હિતધારકો સાથે વાતચીત કરવામાં જ શાળાનું ભાવિ છે. માબાપોનો એક મહત્ત્વના પરિબળ તરીકે તેમાં સ્વીકાર થયો. જે એક શાળા બંધ હતી તેના શિક્ષકો અને અનુસેવિકાઓને બરતરફ કરવામાં આવ્યાં. માબાપો પણ શાળાના સંચાલનની બાબતમાં કડક હતા. પરિયોજનાના અધિકારીઓને પણ કડક પગલાં લેવાની ફરજ પાડવામાં આવી. છેવટે રચનાત્મક સંવાદ થયો અને એક કાર્યક્રમ ગોઠવવામાં આવ્યો. સર્કલ અધિકારી તેમાં અધ્યક્ષસ્થાને હતા. તારણો, ચિંતાઓ અને સૂચનો તેમની સમક્ષ રજૂ કરવામાં આવ્યાં. બાળ મજૂરી દૂર થાય તેવા એકદંર હેતુને પાર પાડવા માટે માગણીઓ રજૂ કરવામાં આવી. એમાંની કેટલીક જોગવાઈઓ તો કેન્દ્રો સાથે સંબંધિત હતી. તેના પ્રતિભાવમાં સર્કલ અધિકારીએ કેટલાક સરકારી કાર્યક્રમ હેઠળ શું તકો છે તે જણાવ્યું. માબાપો અને શિક્ષકોએ જે ચિંતાઓ વ્યક્ત કરી હતી તેમને અંગે પણ તેમણે કેટલાંક પગલાં લીધાં.

સરકારી ખાતાં કેવી રીતે કામ કરે છે તેની નાગરિકોને સમજણ પડી અને સરકારી અધિકારીઓ સાથે વાટાઘાટો કરવાનું કૌશલ્ય વિકસ્યું એમ તેનાથી લાગ્યું. નાગરિકો દ્વારા સામાજિક વિકાસ દેખરેખનું કામ થાય એ જોવું ખૂબ જ મુશ્કેલ કાર્ય છે. સમસ્યાઓની ઓળખ માટે અને માહિતીના એકત્રીકરણ માટે ક્ષમતા વર્ધન જરૂરી છે. વિશ્લેષણ સતત કરતા રહેવું પડે છે. નાગરિકોના પ્રયાસો તેમની ઈચ્છાનુસાર થવા જોઈએ. જૂથનો સતત ટેકો મળે તે અને સ્થાનિક નેતાની સામેલગીરી થાય તે જરૂરી છે. દેખરેખથી નાગરિકો અને સરકાર વચ્ચે સંવાદ ઊભો થવો જોઈએ. પરિવર્તનનું એ મહત્ત્વનું તત્ત્વ છે. બેઠકો યોજીને તારણોની આપલે કરવામાં આવે તે પણ અગત્યનું છે. હિતધારકો વચ્ચે તેનાથી સંવાદ ઊભો થાય છે. આમ, નાગરિક નેતાઓ સામાજિક વિકાસ દેખરેખમાં અગત્યની ભૂમિકા ભજવી શકે છે. તેઓ જ નાગરિકોને સક્રિય અને ઉત્તરદાયી બનાવે છે અને આગળ વધવા પ્રોત્સાહન આપે છે.

## મહારાષ્ટ્રનો અનુભવ

મહારાષ્ટ્રમાં ખેડમાં એક નવતર પ્રયોગ થયો છે. ત્યાં સંસ્થાઓ અને વ્યક્તિઓ વિશે સામાજિક નકશા બનાવવાનું કામ મહિલાઓનાં સ્વ-સહાય જૂથો દ્વારા હાથ ધરાયું. તેમના જીવનને અસર કરનારી અને મહત્ત્વની સંસ્થાઓ વિશે તે કામ કરાયું. તે પણ સમાજમાં નાગરિક નેતાઓની શી ભૂમિકા છે તે સ્પષ્ટ કરે છે. મહિલા નાગરિક નેતાઓની સામેલગીરી તેમાં મહત્ત્વની રહી. ગામની સંસ્થાઓના નકશા બનાવવાનું કામ હાથ ધરાયું. વેન ડાયાગ્રામ પણ તૈયાર કરાયા. તે સહભાગિતાથી થયું. ગ્રામ પંચાયત, શાળા, એમઆઈડીસી, બાલવાડી, આંગણવાડી, બેંક, પોસ્ટ ઓફિસ, પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, પશુ ચિકિત્સાલય, વાજબી ભાવની દુકાન, મહારાષ્ટ્ર વિદ્યુત બોર્ડ અને અન્ય સ્વ-સહાય જૂથો જેવી સંસ્થાઓ નક્કી થઈ. પછી સરપંચ, ગ્રામ સેવક, પોલિસ પટેલ, ખાનગી ડૉક્ટરો, શાળાના શિક્ષકો, તલાટી, કોતવાલ અને દાયણ વગેરે વ્યક્તિઓ નક્કી કરાઈ. સમુદાયના વિકાસમાંના તેમના ફાળાને આધારે તેમની શ્રેણીઓ નક્કી કરાઈ. સંસ્થાવાર કર્મચારીઓ નક્કી થયા અને ચૂંટાયેલા પ્રતિનિધિઓ પણ બે નાગરિક નેતાઓ સાથે આ માહિતીનું પ્રાયોગિક પરીક્ષણ હાથ ધરાયું. દરેક ગામના નાગરિક નેતાઓએ સાથે મળીને ચર્ચા કરી અને જરૂરી પત્રકો ભર્યાં. કેટલાક સભ્યોએ ગ્રામ પંચાયતના તમામ સભ્યોનાં નામ લખ્યાં તો કેટલાકને ઉપસરપંચના નામની ખબર જ નહોતી. કેટલાકે તો આગલા સભ્યોનાં નામ જણાવ્યાં. તેનાથી નાગરિક નેતાઓને ગામ વિશેની માહિતી મળી, મહિલાઓની સમજ વધી અને તેઓ પ્રાથમિક આરોગ્ય કેન્દ્રમાં કઈ સેવાઓ મળે છે તે જાણી શક્યા. સમસ્યાઓની પણ તેમને ખબર પડી. આઠ ગામોની માહિતી આ રીતે નાગરિક નેતાઓ દ્વારા એકત્ર કરાઈ. ગ્રામ પંચાયતની કચેરીઓ, મામલતદારની કચેરી, પ્રાથમિક આરોગ્ય કેન્દ્રો અને બેંકો વગેરેની તે માટે મુલાકાત લેવાઈ. જૂથના સભ્યો સાથે પછી તેમણે એ માહિતીની આપલે પણ કરી. મહિલા સભ્યોને માહિતી એકત્ર કરવામાં સામેલ કરવાની પ્રક્રિયા ધીમી છે. પરંતુ તેઓ સક્રિયપણે સામેલ થયાં છે. તેથી તેમનામાં માહિતી અંગે માલિકીપણાની ભાવના ઊભી થાય છે. માહિતીનું એકત્રીકરણ અને વિશ્લેષણ મહત્ત્વનાં છે. આથી સેવાઓ વિશે નેતાઓની સમજ વધી. ચૂંટાયેલા પ્રતિનિધિઓ, ગ્રામ સેવક, દાયણ, તલાટી વગેરેની ભૂમિકાની તેમને ખબર પડી. એ માટે અનેક બેઠકો, સંવાદો અને તાલીમ યોજાયાં. આમ, તે એક જ સમયે પતી જતી પ્રક્રિયા નથી. મહિલાઓ સંસ્થાઓ વિશે જ્ઞાન ધરાવતી થઈ, માહિતી ધરાવતી થઈ અને માહિતી મેળવતી પણ થઈ. નાગરિક નેતાઓનાં જવાબદારીઓ, ભૂમિકાઓ અને પ્રવૃત્તિઓ તેનાથી સ્પષ્ટ થયાં. વિકાસનાં ભાવિ કાર્યો અંગે પગલાં લેવા માટે જરૂરી માહિતીનો આધાર ઊભો

**શેષ પૃષ્ઠ ૨૦ પર**

# ગરીબી અને સ્ત્રી-પુરુષ ભેદભાવ: લઘુ ધિરાણની મર્યાદાઓ

આ લેખમાં **શ્રી વિવેક રાવલ** લઘુ ધિરાણ ગરીબી નિવારણના સમગ્ર હેતુ સાથે ક્યાં સુસંગત છે અને નથી તે સમજાવવાની કોશિશ કરે છે. લઘુ ધિરાણને ગરીબી નિવારણના એકમાત્ર માર્ગ તરીકે છેલ્લા કેટલાક દાયકાઓ દરમ્યાન ઉપસાવવાનો પ્રયત્ન થયો છે. પણ લેખક દર્શાવે છે કે માત્ર લઘુ ધિરાણથી ગરીબીનું નિવારણ શક્ય બનતું નથી. તેનો વ્યૂહાત્મક સાધન તરીકે ઉપયોગ કરીને અન્ય માર્ગો પણ તેની સાથે જ પ્રયોજવા જોઈએ.

## પ્રસ્તાવના

ધિરાણ અને બચતની યોજનાઓને ગરીબી નિવારણ માટેની રૂપરેખા તરીકે નવાજવામાં આવી છે, પરંતુ તેના લાભો વિશે અતિશયોક્તિ કરવામાં આવતી હોય છે. પરિવારોમાં સત્તા અને અસમાનતાના સંબંધોને જે રીતે સ્ત્રી-પુરુષ ભેદભાવ અસર કરે છે તેના પ્રત્યે ધ્યાન આપવામાં તે નિષ્ફળ જાય છે. ઘણી વાર લઘુ ધિરાણ લાંબા સમય સુધી ટકી શકે તેમ હોતું નથી અને તે ચલાવવા માટેના ખર્ચને ભાગ્યે જ પહોંચી વળી શકાય તેમ હોય છે. ગરીબી નિવારણ માટે ધિરાણ અને બચતની યોજનાઓને અસરકારક બનાવવી હોય તો સ્થાનિક અર્થતંત્ર અને વૈશ્વિક અર્થતંત્રનાં વલણો સાથે તેમના સંબંધોને મજબૂત બનાવવાની જરૂર રહે છે અને મહિલાઓની સક્ષમતાના વ્યાપક કાર્યક્રમો સાથે તેમને સાંકળાવાની જરૂર રહે છે.

‘વૂમનકાઈન્ડ વર્લ્ડવાઈડ’ના એક લેખમાં તાજેતરમાં એવી ધારણાને પડકારવામાં આવી છે કે ધિરાણની યોજનાઓ ગરીબી નિવારણ માટે ઓછી ખર્ચાળ, કાર્યક્ષમ, વહીવટી રીતે આસાન અને ટકાઉ હોય છે. લઘુ ધિરાણના અનેક પ્રયાસો પ્રતીકાત્મક હોય છે એમ જણાવીને તેના લેખક એમ કહે છે કે ગરીબીમાં ઘટાડો કરવાનું જેટલું મુશ્કેલ છે તેટલું જ ઘણી વાર ધિરાણની યોજનાને ટકાવવાનું મુશ્કેલ હોય છે. લઘુ ધિરાણની સફળતાઓ વિશે ઘણી વાર અતિશયોક્તિ કરવામાં આવે છે અને તેની પરિયોજનાઓ ચલાવવા માટે જે નાણાકીય ખર્ચ થાય છે તેમ જ તેના કર્મચારીઓને માટે જે ખર્ચ થાય છે તેના વિશે ચુપ્પી સેવવામાં આવે છે.

આ લઘુ ધિરાણની યોજનાઓ મહિલાઓની સક્ષમતા વધારવા માટે છે એમ કહેવામાં આવે છે પણ મહિલાઓની સામેલગીરી પાછળનો તર્ક તેમાં સમસ્યારૂપ છે. જ્યારે વિવિધ સંસ્થાઓ લઘુ ધિરાણની યોજનાઓ ચલાવે છે ત્યારે ધિરાણની પુનર્ચુકવણી માટે મહિલાઓને તેઓ જવાબદાર બનાવે છે. આ સંસ્થાઓ પછી દાતા સંસ્થાઓને એમ જણાવે છે કે આ યોજનાઓ કાર્યક્ષમ છે અને ટકાઉ છે. આમ, મહિલાઓનો એક સાધન તરીકે ઉપયોગ થાય છે. વાસ્તવમાં, લઘુ ધિરાણની યોજનાઓ ગરીબ અને અસહાય મહિલાઓ પર બોજો વધારે છે.

## લઘુ ધિરાણની મર્યાદાઓ

જે બિન-સરકારી સંગઠનો અને મહિલા સંગઠનો ધિરાણ અને બચતની યોજનાઓ ચલાવે છે તેઓ હવે પોલિસની ભૂમિકા જ ભજવે છે. આ યોજનાઓ નફાકારક બને તે માટે પુનર્ચુકવણીના ઊંચા દર રખાય તેના ઉપર જ તેઓ ધ્યાન કેન્દ્રિત કરે છે. પરિણામે, ધિરાણ લેનારાઓને પુનર્ચુકવણીમાં કઈ સમસ્યાઓ નડે છે તે જોવા પ્રત્યે અને તેમનાં કારણો પ્રત્યે તેઓ આંખ આડા કાન કરે છે. આવી પુનર્ચુકવણીની આડે સાંસ્કૃતિક, પરંપરાગત અને કાનૂની અવરોધો હોય છે જ, પણ તે ધ્યાનમાં લેવાતા નથી. આ ઉપરાંત પણ બીજી કેટલીક ખામીઓ તેમાં છે. તે નીચે મુજબ છે:

(૧) લઘુ ધિરાણની વિવિધ યોજનાઓ વચ્ચે સંકલન હોતું નથી.

(૨) જુદી જુદી યોજનાઓ માટે જુદાં જુદાં નિયમો અને નિયમનો હોય છે અને તેથી તેના સંભવિત વપરાશકારો ગૂંચવાડામાં પડે છે અને તેઓ એક યોજનાને બીજી યોજનાની સ્પર્ધક ગણે છે.

(૩) સંસાધનોનો અભાવ, પરિવારમાં તેમની ભૂમિકા અને સમુદાયમાં તેમની ભૂમિકા તથા અમુક પ્રવૃત્તિઓ અંગેના સાંસ્કૃતિક નિષેધો ગરીબ મહિલાઓની આર્થિક પ્રવૃત્તિઓ પર કેવી રીતે નિયંત્રણો લાદે છે તે બરાબર સમજવામાં આવતું નથી.

(૪) એવી નાની આર્થિક પ્રવૃત્તિઓમાં મહિલાઓ પ્રવેશે કે જે લાંબે ગાળે સ્થગિત થઈ જાય છે અને બિન-નફાકારક બની જાય છે.

(૫) લઘુ ધિરાણની યોજનાઓ પર વ્યાપક પરિબળો કેવી રીતે અસર કરે છે તે સમજવામાં આવતું નથી. દા.ત. વિશ્વના બજારમાં કોકોના ભાવ ઘટવાથી ઘાના નામના આફ્રિકી દેશમાં ભારે મંદી આવી અને તેથી નાની મહિલા વેપારીઓ માટે

**શેષ પૃષ્ઠ ૨૦ પર**

# બિન-સરકારી સંગઠનોમાં પરિણામ-આધારિત સંચાલન

'પ્રિયા' - દિલ્લીના નિયામક **શ્રી રાજેશ ટંડન** દ્વારા લખાયેલા આ લેખમાં 'પરિણામ-આધારિત સંચાલન'ના ઉદ્ભવ અને બિન-સરકારી સંગઠનોના વહીવટમાં તેના પ્રવેશ વિશે વાત કરીને તેનાં શાં પરિણામો આવ્યાં છે અને આવી શકે છે તેને અંગે વિશદ છણાવટ કરવામાં આવી છે. આ ખ્યાલ ગરીબ દેશોનાં બિન-સરકારી સંગઠનો માટે કેવી રીતે ઉપયોગી છે તે પણ તેમાં સમજાવાયું છે.

## ઈતિહાસ

કંપનીઓના સંચાલન અંગેના સાહિત્યમાં 'પરિણામ-આધારિત સંચાલન' (રિઝલ્ટ-બેઝ્ડ મેનેજમેન્ટ - આરબીએમ) ૧૯૭૦ના દાયકામાં દેખાવા માંડ્યું. એ જમાનામાં કંપનીઓ ઘણા ગંભીર પડકારોનો સામનો કરી રહી હતી. તે આ મુજબ હતાઃ

(૧) વૈશ્વિક અર્થતંત્રમાં અને ખાસ કરીને પશ્ચિમના દેશોમાં સ્થિરતા આવી ગઈ હતી અને એ રીતે બજારોનું વિસ્તરણ થતું અટકી ગયું હતું.

(૨) નફો વધારવા માટે દબાણ વધતું જતું હતું કારણ કે રોકાણના વધુ વળતરની માંગ વધી હતી.

(૩) આગલા દાયકામાં ઔદ્યોગિક તેમ જ વ્યાપારી સાહસોમાં ખૂબ જ ઝડપથી વિસ્તરણ થયું હતું અને તેમાં મોટા પાયા પર સંકલિત કામગીરી સધાઈ હતી. પરિણામે કર્મચારીઓ, વસ્તુઓ, સ્થાનો અને સંચાલનના તબક્કામાં વધારો થયો હતો.

આ પરિસ્થિતિમાં સંચાલન ક્ષેત્રના વિચારકો, ગુરુઓ અને સલાહકારો ઉત્પાદકતા વધે તેવા પ્રકારનાં મોડેલ શોધી રહ્યા હતા અને તેમનો પ્રચાર કરી રહ્યા હતા. આ ગાળા દરમ્યાન કંપનીઓમાં નિરીક્ષણ અને સંચાલનના સ્તરે ઉત્પાદકતા વધારવા ઉપર ખાસ ભાર મૂકવામાં આવ્યો. ઉત્પાદકતામાં ગંભીરતાપૂર્વક વધારો કરવા માટે આ એક જ પ્રાપ્ય રસ્તો હતો. ઔદ્યોગિક ઈજનેરી અને પરિયોજના સંચાલનનાં સાધનો દ્વારા બીજા વિશ્વ યુદ્ધ પછીના દાયકાઓ દરમ્યાન ઉત્પાદનની પ્રક્રિયામાં ઉત્પાદકતાનો વધારો સિદ્ધ થઈ ચૂકયો હતો. કંપનીઓનો ઝડપથી અને વ્યાપક વિકાસ થયો તેને પરિણામે નિરીક્ષણ અને સંચાલનનાં કાર્યો ઈષ્ટ રીતે થતાં નહોતાં. નક્કર પરિણામો પર ધ્યાન કેન્દ્રિત કરીને સંચાલન ક્ષેત્રના નિષ્ણાતોએ 'પરિણામ-આધારિત સંચાલન'ની પદ્ધતિ વિકસાવી છે. તેનાં મુખ્ય લક્ષણો આ મુજબ છેઃ

(૧) દરેક પ્રબંધક (મેનેજર) કે પ્રબંધન (મેનેજમેન્ટ) ટુકડી કોઈક નિશ્ચિત સમયગાળા માટે જવાબદાર હોય તેવાં અગત્યનાં પરિણામો ઓળખી કાઢવાં.

(૨) પ્રબંધકને આ ગાળા દરમ્યાન તેઓ જે સિદ્ધ કરવા માગતા હોય તે નિશ્ચિત લક્ષ્યાંકો નક્કી કરવા માટે મદદ કરવી.

(૩) આ લક્ષ્યાંકો તરફની પ્રગતિના માપનક્ષમ અને નક્કર નિર્દેશકો વિકસાવવા.

(૪) સમયબદ્ધ રીતે એ લક્ષ્યાંકો પ્રાપ્ત કરવા માટેની નિશ્ચિત યોજનાઓ તૈયાર કરવી.

(૫) એ યોજનાઓ માટે જરૂરી સત્તા અને સંસાધનો અંગે ઉપરી સાથે ચર્ચા કરવી.

(૬) સમીક્ષા અને પ્રોત્સાહનની વ્યવસ્થા વિશે ઉપરી સાથે ચર્ચા માટે સંમત થવું.

આ મોડેલનો મોટી કંપનીઓમાં સફળ રીતે ઉપયોગ થયો છે અને તેને પરિણામે તેમની ઉત્પાદકતામાં મોટો વધારો થયો છે.

પછી ઈન્ટરનેટ/માહિતી ટેકનોલોજી/દૂર સંચારનો જમાનો ૧૯૮૦ના દાયકામાં આવ્યો. માહિતીની પ્રક્રિયા અને તદનુસાર થયેલી સંગઠનાત્મક વ્યવસ્થાઓમાં આવેલાં ઝડપી તકનિકી ફેરફારોને પરિણામે હવે ઉત્પાદકતામાં લાભ થયો. કંપની સંચાલનના દર્શનમાં નવપ્રવર્તન, જોખમ ઉઠાવવાની સાહસિકની તૈયારી, શ્રેણીઓ સિવાયનું માળખું, કામનું લવચીક આયોજન એ નવા મંત્રો બની ગયા. ૧૯૮૦ના દાયકાના ઉત્તરાર્ધ અને ૧૯૯૦ના દાયકામાં ઉદય પામેલી આ વ્યવસ્થામાં 'પરિણામ-આધારિત સંચાલન' નક્કી કરવાનો અને પરિણામો માપવાનો ખ્યાલ ક્યાંક ખોવાઈ ગયો. યોજનાઓ અને માપનનાં સાધનો નહિ, પણ વૃદ્ધિ અને નફાકારકતાના ખ્યાલોમાં સાહસ અને નિયોજકતા મહત્ત્વનાં બની ગયાં.

## ઉપયોગ

કેવી રીતે અને ક્યારે આ 'પરિણામ-આધારિત સંચાલન'નો ખ્યાલ વિકાસની પરિભાષામાં દાખલ થયો? વિશ્વ બેંકે ૧૯૭૦માં પહેલી જ વાર 'પરિયોજના ચક્ર સંચાલન' (પ્રોજેક્ટ સાયકલ મેનેજમેન્ટ - પીસીએમ) દાખલ કર્યું તેમાંથી આ ખ્યાલ ઊભો થયો. એ જ ગાળા દરમ્યાન 'જીટીઝેડ જર્મન એજન્સી'એ 'ઝોપ' અને 'યુએસએઈડ'એ

'લોજિકલ ફ્રેમવર્ક' દાખલ કર્યું. આમ, 'પરિણામ-આધારિત સંચાલન' આ બધા ખ્યાલોમાંથી ઊભું થયું. પરંતુ આંતરરાષ્ટ્રીય સહાયના ક્ષેત્રમાં 'પરિણામ-આધારિત સંચાલન' ૧૯૯૦ના દાયકાના પૂર્વાર્ધમાં જ દાખલ થયું. તે સમયે આંતરરાષ્ટ્રીય દાતા સંસ્થાઓ નીચે મુજબનાં દબાણોનો સામનો કરી રહી હતીઃ

(૧) શીત યુદ્ધના અંત સાથે સહાયના કાર્યક્રમો માટેનું થોડુંક વાજબીપણું ધોવાઈ ગયું.
(૨) મોટાં અને ઉત્તર ગોળાર્ધનાં આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંગઠનો દ્વારા વધુ સંસાધનો આવ્યાં.
(૩) સહાય પ્રાપ્ત કરનારા અનેક દેશોમાં સતત પ્રવર્તતી ગરીબી અને સંઘર્ષો પ્રકાશમાં આવ્યાં.
(૪) સહાયના ઉપયોગમાં બિન-કાર્યક્ષમતા અને ભ્રષ્ટાચારના અહેવાલોએ સહાયની ઉપયોગિતાના સંદર્ભમાં પ્રશ્નો ઊભા કર્યા.
(૫) સહાયના વિકલ્પ તરીકે ખાનગી ક્ષેત્રના સીધા વિદેશી રોકાણ (ફોરેન ડિરેક્ટ ઈન્વેસ્ટમેન્ટ - એફડીઆઈ) અને વ્યાપારનાં નવાં સ્વરૂપોને પ્રોત્સાહન આપવાની શરૂઆત થઈ.

આ સંદર્ભમાં ઓઈસીડી (ઓર્ગેનાઈઝેશન ફોર ઈકોનોમિક કોઓપરેશન એન્ડ ડેવલપમેન્ટ)ના દેશોમાં ઘણા લોકોએ અને સંસદોએ ૧૯૫૦થી અપાતી સહાયની શી અસરો થઈ તે અંગે પ્રશ્નો ઉઠાવવા માંડ્યા. સહાય પ્રાપ્ત કરનારા દેશોમાં ગરીબોની સ્થિતિમાં સીધી રીતે શું નક્કર પરિણામ આવ્યું તે દર્શાવવા માટેનું દબાણ વધ્યું. પરિણામે દાતા સંસ્થાઓએ તેમનાં સાધનો વ્યાપક રીતે બદલ્યાં. દક્ષિણ ગોળાર્ધનાં બિન-સરકારી સંગઠનો તરફ ઓઈસીડી(દુનિયાનાં ૩૦ ધનવાન દેશોનું સંગઠન)નાં બિન-સરકારી સંગઠનો જે 'સત્તાવાર વિકાસ સહાય' (ઓફિશયલ ડેવલપમેન્ટ આસિસ્ટન્સ - ઓડીએ) વાળતાં હતાં તેમનાં સાધનોમાં પણ ફેરફાર થયો.

આ ગાળામાં જ 'પરિણામ-આધારિત સંચાલન'નો પ્રવેશ બિન-સરકારી સંગઠનોના કાર્યક્રમોમાં થયો. આ ગાળા દરમ્યાન બિન-સરકારી સંગઠનો પર બમણા બોજાનું દબાણ ઊભું થયુંઃ તેમણે ઓઈસીડીના સભ્ય દેશોમાંથી ઘટતી જતી આંતરરાષ્ટ્રીય સહાયનું રક્ષણ કરવાનું હતું. અને સાથે સાથે એ સહાય ગરીબ દેશોમાં લઈ જવામાં પોતાની ભૂમિકાના સાતત્ય માટે પણ તેમણે દલીલ કરવાની હતી. પરિણામો બતાવવાનું દબાણ એટલું બધું મજબૂત હતું કે તેનો પ્રતિકાર પણ ન થઈ શકે અને તેને હળવું પણ ન કરી શકાય. હવે પ્રશ્ન એ છે કે 'પરિણામ-આધારિત સંચાલન'નાં પરિણામો શાં છે? થોડા દાયકાઓ અગાઉ કંપનીઓમાં તેના ઉપયોગથી જે પરિણામો આવ્યાં તે રીતે તે સ્પષ્ટ અને પ્રતીતિજનક છે?

## પ્રશ્નો

ઉપરોક્ત પ્રશ્નોના કોઈ સ્પષ્ટ જવાબો નથી. જો કે, હું કેટલીક પ્રાથમિક બાબતો જણાવવા માંગું છું કે જે ગરીબ દેશોનાં સહાય મેળવતાં નાગરિક સમાજનાં સંગઠનોના સંદર્ભમાં તેના ઉપયોગની પદ્ધતિ અને વિભાવનાઓની પ્રસ્તુતતા સાથે સંબંધિત છેઃ

(૧) બિન-સરકારી સંગઠનના કાર્યક્રમના આયોજનમાં 'પરિણામ-આધારિત સંચાલન'ની કેટલીક લાભદાયક અસરો દેખાવાની શરૂઆત થઈ છેઃ

   (૧) નક્કર પરિણામોને ઓળખવાની પ્રક્રિયાથી બિન-સરકારી સંગઠનના કાર્યકરો તેમના કાર્યક્રમોના હેતુ વિશે વધારે સ્પષ્ટ રીતે વિચારતા થાય છે. તેથી કાર્યક્રમોને મૂળ હેતુ સાથે સંબંધિત કરવા માટેની પરિસ્થિતિ ઊભી થાય છે.
   (૨) 'પરિણામ-આધારિત સંચાલન' સાથે સંકળાયેલ એલએફએ બિન-સરકારી સંગઠનના કાર્યકરોને નિર્ધારિત પરિણામો સાથે કાર્યક્રમની દરમ્યાનગીરીને સાંકળવા માટેના તર્કનું મૂલ્યાંકન કરવા માટે પ્રોત્સાહન આપે છે.
   (૩) પરિણામો સાથે સંબંધિત નિશ્ચિત નિર્દેશકો ઓળખવાથી પ્રગતિ ઉપરની દેખરેખ માટેના માપદંડો નક્કી કરવામાં મદદ મળે છે. આ નિર્દેશકો પછીથી સમીક્ષા અને પુનર્આયોજનમાં પણ માર્ગદર્શક બને છે.

(૨) 'પરિણામ-આધારિત સંચાલન'ના ઉપયોગથી આંતરિક અને બાહ્ય સમીક્ષા અને મૂલ્યાંકન ઓછાં વિવાદસ્પદ અને વધારે પારદર્શી બને છે. જ્યારે 'પરિણામ-આધારિત સંચાલન' ઉપયોગમાં લેવામાં આવે ત્યારે અને આંતરિક અને બાહ્ય જોખમોની સ્પષ્ટ રીતે તપાસ કરવામાં આવી હોય ત્યારે કાર્યક્રમના મૂલ્યાંકનના અંતમાં પરિણામો અને જોખમો ઉપર ધ્યાન કેન્દ્રિત કરી શકાય છે. આ રીતથી પરિણામોની સિદ્ધિના મૂલ્યાંકનમાં જ મદદ નથી મળતી પરંતુ ભાવિ આયોજન માટે ખાસ કરીને બાહ્ય જોખમોનું આકલન સુધારવામાં પણ મદદ મળે છે.

(૩) પરિણામ-આધારિત સંચાલન અને એલએફએની સૌથી વધુ ટીકા તેના બેફામ અને જડતાપૂર્ણ ઉપયોગના સંદર્ભમાં થાય છે. એ વાત સાચી છે કે, ઘણાં બિન-સરકારી સંગઠનો, તેમના દાતાઓ અને કન્સલ્ટન્ટ્સ નાણાં મેળવવા માટેની જરૂરી શરત તરીકે તેને ગણીને તેના પ્રત્યે ભાગ્યે જ ગંભીરતાપૂર્વક ધ્યાન આપે છે. કોઈ આદર્શ, કોઈ વિચાર કે કોઈ પદ્ધતિનું આ ભાવિ હોઈ શકે છે. 'સહભાગિતા'ને ઉપયોગમાં લેવાના સંદર્ભમાં

તેને જ એક ગંભીર અવરોધ ગણવાના પૂરતા પ્રયાસો થયા છે એ મેં જોયું છે. તેથી કન્સલ્ટન્ટ્સ અને મેન્યુઅલ્સમાં જે સાવચેતીઓ અને સલાહો અપાયાં છે તેમના પ્રત્યે ગંભીરપણે ધ્યાન આપવું જોઈએ.

(૪) આમ, એવા બીજા કયા વધારે ગંભીર સ્વરૂપના મુદ્દાઓ છે કે જેમને વિશે તેમના ઉપયોગના સંદર્ભમાં હંમેશાં ચર્ચા થતી જ નથી? સૌ પ્રથમ મુદ્દો મને પોતાને લાગ્યો છે તે પરિણામો ક્યાં છે તે નક્કી કરવાનો છે. મેં જે કંઈ કરવાનું નક્કી કર્યું હતું તે જ પરિણામમાં પૂરું થયું છે ખરું? (નિષ્ણાતો તેને નિક્ષેપ કહેશે) કે પછી પરિણામ એ મારા આયોજનબદ્ધ કાર્યક્રમની મારી કાર્યક્ષમ સિદ્ધિનું જ ઉત્પાદન છે? એટલે કે શું એ પરિયોજનાના ગાળા દરમ્યાન આવેલું પરિણામ છે?'' અથવા તે પછી એ પરિણામ મેં હમણાં જ ઊભી કરેલી અસરની સિદ્ધિની પરિણામનું પરિણામ છે? પરિણામો નિક્ષેપ (આઉટપુટ) કહેવાય છે કે જે કાર્યક્ષમતાનો સારો નિર્દેશક છે. નિષ્ણાતો તેને નાણાંનું મૂલ્ય ગણશે. શું આ ફાયદાકારક છે? જો હા, તો પછી આપણે આગળનાં પરિણામો વિશે શા માટે ચિંતિત છીએ? જો ના, તો પછી પરિણામોને લઘુતમ ફાયદાકારક બાબત ગણી લેવાં જોઈએ. અને આ રીતે સિદ્ધ થયેલાં પરિણામોને સાધનોના આધારરૂપ ગણવાં જોઈએ.

જો આગળ નહિ, તો પછી અસર એ પરિણામ છે અને તેની સિદ્ધિ લઘુતમ ફાયદાને અસર કરી શકે છે. પરંતુ અસર સિદ્ધ કરવાની એટલી બધી મુશ્કેલ છે કે તે ૩થી ૫ વર્ષના પરિયોજનાના ચક્રમાં સિદ્ધ ના થઈ શકે. જો એમ જ હોય તો પછી, તે જ્યારે પરિણમતું જ ના હોય તો તેને શા માટે પરિણામ કહેવામાં આવે છે? ત્રણ વર્ષમાં સતત સિદ્ધ થયેલાં પરિણામોનું સરવૈયું એટલે જ ઉત્તીર્ણતા. પછી તે પરિણામોનું સામયિક વલણ દર્શાવે છે? હું એવી ધારણા કરી લઉં છું કે હું 'પરિણામ-આધારિત સંચાલન'ના દર્શનનો મારા પોતાના કાર્યમાં ઉપયોગ કરવાનો પ્રયત્ન કરું છે અને જુદા જુદા ખ્યાલો માથાનો દુ:ખાવો ઊભો કરે છે. ખાસ કરીને ત્યારે કે જ્યારે મારા અભ્યાસના ગાળા દરમ્યાન મેં ઘણાં વર્ષો સંચાલનના સાહિત્યના અધ્યયનમાં વીતાવ્યાં છે.

(૫) બીજો પ્રશ્ન સુરેખીયતાનો છે કે જે તેનું માથું ઊંચકે છે. સાધન-ઉત્પાદન (ઈન્પુટ-આઉટપુટ) વચ્ચેના સુરેખીય સંબંધની ધારણા આ અભિગમમાં કરવામાં આવી છે અને તેનો પ્રચાર કરવામાં આવ્યો છે. તેનો અર્થ એ છે કે "કાચા લોખંડને જ્યારે ભઠ્ઠીમાં ફેંકવામાં આવ્યું ત્યારે પોલાદ બન્યું". આ સુરેખીય તર્ક લક્ષ્યાંકો અને હેતુઓની શ્રેણીને પણ લાગુ પડાય છે. તે એવી છાપ ઊભી કરે છે કે નીચલા સ્તરનો લક્ષ્યાંક એક વાર સિદ્ધ થઈ જાય પછી તેની ઉપરના લક્ષ્યાંકને તો પહોંચી વળાય છે જ. આવા તાર્કિક અને સુરેખીય વિચારનાં મૂળ વિજ્ઞાનવાદ અને નિગમન તર્કમાં પડેલાં છે, કે જેમાં ફોર્મ્યુલાને વાસ્તવિકતાની આબેહૂબ પ્રતિકૃતિ તરીકે જોવામાં આવે છે. "જ્યારે દબાણ અને તાપમાન જેવાં અન્ય પરિબળો સ્થિર રહે છે ત્યારે" જેવાં વાક્યો તેમાં વપરાય છે અને સફળ રીતે વપરાય છે. મારા આયોજનમાં મને મારા આવાં સ્થિર પરિબળો બદલવાની સતત ફરજ પડે છે અને તેમાં દરમ્યાનગીરીની પ્રસ્તુતાનો પણ સમાવેશ થાય છે.

તર્ક અને સુરેખીયતા ઉપર ખૂબ જ ભાર મૂકવામાં આવે તો પછી કોઠાસૂઝ, કલ્પના અને શ્રદ્ધા જેવી આવશ્યક માનવીય કાર્ય પ્રક્રિયાઓને બાકાત રાખવાનું વલણ વિકસે છે. અહીં નિહિત ધારણા એ છે કે તાર્કિક અને સુરેખીય વિચારણા અંતર્પ્રેરણા, કલ્પના અને શ્રદ્ધા કરતાં શ્રેષ્ઠ છે, પણ હજારો વર્ષના માનવજાતના ઈતિહાસ દરમ્યાન સામાજિક પરિવર્તનના ક્ષેત્રનાં 'પરિણામો' તેને ટેકો આપતાં નથી. અત્યારની માનવીય સ્થિતિ સારી છે અથવા બહુ સારી નથી તેનું કારણ મહદંશે તર્ક કરતાં મનુષ્યના આવેગો છે. મોટા ભાગના માનવ વિકાસનાં મૂલ્યો, શ્રદ્ધાઓ, સ્વપ્નો અને દૃષ્ટિઓએ ખૂબ જ મહત્ત્વની મૂલ્ય વૃદ્ધિ કરેલી છે. વિકાસ પોતે જ એક ભણતરની પ્રક્રિયા છે કે જ્યાં પૂર્વસૂચનીય આયોજન કરતાં વધારે રીતે પ્રગતિ આગળ ધપી હોવાનાં ઉદાહરણો છે.

(૬) કંપની જગતમાં 'પરિણામ-આધારિત સંચાલન'નો સુવર્ણ યુગ હતો ત્યારે કંપનીઓના માંધાતાઓએ ઈરાદાપૂર્વક કેટલાક પ્રકારનાં કાર્યો અને કેટલાક પ્રકારની કંપનીઓને તેના કાર્યક્ષેત્રમાંથી બહાર રાખ્યાં હતાં. એમાં સંશોધન અને વિકાસ ખાતાં, પ્રયોગશાળાઓ અને તકનિકી વિકાસના વિભાગોનો સમાવેશ થતો હતો. આવાં સંગઠનોમાં મુખ્ય કાર્ય સંશોધન કરવાનું હતું. સંશોધનના કાર્યમાં તેને લવચીકપણે, અંતર્સૂઝથી, અનૌપચારિક રીતે અને મોકળાશથી ગોઠવવાની જરૂર હોય છે. પછી જ સર્જનાત્મકતા વિકસે છે, નવા વિચારો ઉદ્‌ભવે છે અને નવાં મોડેલ ઊભાં થાય છે, અને નવો ચીલો ચાતરતાં પરિણામો મળે છે.

અનેક બિન-સરકારી સંગઠનોના કાર્યનું સ્વરૂપ એકસરખું હોય છે. તેમની નવી બાબતોને પછીથી મુખ્ય પ્રવાહની નીતિ

તરીકે સ્વીકારવામાં આવે છે અને વ્યાપક પાયા પર લઈ જવાય છે. જ્યારે નવી ડિઝાઈન પ્રમાણે કંપનીઓમાં જથ્થાબંધ ઉત્પાદન થાય છે ત્યારે તેઓ પણ વૈજ્ઞાનિક, જથ્થામાં માપી શકાય તેવી પદ્ધતિઓ અને તેવાં સાધનો અપનાવે છે. આમ, પ્રશ્ન એ છે કે કેવા પ્રકારની પરિયોજનાઓ 'પરિણામ-આધારિત સંચાલન' પ્રમાણે ઘડાવી જોઈએ?

જેમાં પ્રયોગની જરૂર હોય તેવા તમામ કાર્યક્રમોમાં જુદા જ પ્રકારના આયોજનની જરૂર રહે છે. તેમાં સંસાધનોનો ઉપયોગ સાધનો તરીકે થાય છે. તે એક એવા સાહસમાં જોખમ ઉઠાવવાની રીત છે, કે જેમાં વિચાર, શ્રદ્ધા કે ભાવિ દૃષ્ટિ ઉપર જ રોકાણ કરવામાં આવે છે. વેન્ચર ફંડ રોકાણની સફળતાનો દર ૧૦ ટકા કરતાં ઓછો હોય છે. એટલે, બિન-સરકારી સંગઠનોના વિકાસલક્ષી કાર્યક્રમોમાં પ્રયોગો અને નવતર બાબતોમાંના રોકાણની સફળતા એટલી જ હોય છે. ત્યારે આપણે સંસાધનોના કાર્યક્ષમ ઉપયોગ અને નાણાંના મૂલ્યની ચિંતા કર્યા વિના જ આ પ્રયોગોમાં 'પરિણામ-આધારિત સંચાલન' કેવી રીતે લાગુ પાડી શકીએ?

મારું માનવું છે કે સહાય ઉદ્યોગના પ્રબંધકોને આજે નવતર બાબતોની ખોજ કરવા માટે કોઈ પ્રોત્સાહન મળતું નથી, કારણ કે બજેટ ઘટી રહ્યું છે અને સહાય પ્રાપ્ત કરનારા દેશોમાં મોટી અને નાણાં ગળી જનારી સરકારો દ્વારા ચાલતા વિકાસનું જથ્થાબંધ ઉત્પાદન કરનારાં મોટાં કારખાનાં તે વાપરી રહ્યાં છે. પરંતુ એક ક્ષણ માટે એ વિચારવા જેવું પણ છે કે વિકાસનાં આજનાં કારખાનાં છેલ્લાં થોડાક દાયકાઓથી સામાજિક પ્રયોગશાળાઓમાં જે પ્રયોગો થઈ રહ્યા છે તેને કારણે જ ઉત્પાદન કરી રહ્યાં છે.

જો આજે જેમાં 'પરિણામ-આધારિત સંચાલન'નો પર્યાપ્ત ઉપયોગ થયો હોય તેવાં જ વિકાસલક્ષી સાહસોમાં રોકાણ થતું હોય તો પછી, આજના અને આવતી કાલના પ્રયોગોનાં નાણાં કેવી રીતે આવશે અને કોના દ્વારા આવશે? અને જો આજે અને આવતી કાલે નવા પ્રયોગોમાં કોઈ રોકાણ નહિ થાય તો આપણે ભવિષ્યમાં શાનું ઉત્પાદન કરીશું અને મોટા પાયે તે કેવી રીતે કરીશું?

(૭) અંતે આપણાં કામો નિયમાવલી મુજબ જ વધારે ને વધારે થઈ રહ્યાં છે તેની મને ચિંતા છે. પ્રવર્તમાન સામાજિક અને માનવીય માહોલમાં આપણે જે ઈરાદા સાથે દરમ્યાનગીરી કરીએ છીએ તે કોઈક ઉચ્ચ કક્ષાના હેતુ દ્વારા પ્રેરિત છે. તે જગતને બદલવાનો હેતુ છે કારણ કે જગતમાં જે વંચિતતા, બાદબાકી અને અન્યાય છે તે આપણને પસંદ નથી. આપણી અસર સુધારવા માટે અને આપણી દૃષ્ટિ તથા આદર્શોની પ્રસ્તુતતા દર્શાવવા માટે આપણે આપણું કામ વધારે પદ્ધતિસર કરવા સંમત થયા છીએ. આમ કરવામાં, આપણે વધારે વ્યવસાયી નિપુણતા પ્રાપ્ત કરી છે. એ ખરેખર જ ઈચ્છનીય છે. પરંતુ આ પ્રક્રિયામાં ક્યાંક, 'નોહાઉ' 'નોવ્હાય' કરતાં વધારે મહત્ત્વનું બની ગયું છે.

કન્સલ્ટન્ટ્સ અને તેમની કન્સલ્ટન્સીની પેઢીઓ પ્રશિક્ષકોનાં મેન્યુઅલ તૈયાર કરવામાં વ્યસ્ત છે. આવું શ્રેષ્ઠ મેન્યુએલ અમેરિકાના 'ટીમ ટેક્નોલોજીઝ' દ્વારા તૈયાર થયું છે. 'પરિણામ-આધારિત સંચાલન'ના 'નોહાઉ' વિશે તમામ બિન-સરકારી સંગઠનોને તાલીમ આપવા માટે મોટા પ્રમાણમાં સંસાધનો વપરાઈ રહ્યાં છે. આ અત્યંત વિખ્યાત તકનિકી-સંચાલકીય અભિગમ આપણે જે સિદ્ધ કરવા માગીએ છીએ તેની વ્યાખ્યા કરવાનો છે અને તે આપણને જે પસંદ નથી તે વાસ્તવિક્તાને બદલવા માટેના આપણા ઈચ્છિત લક્ષ્યાંકોના પાયા સામે જ વાંધો ઉઠાવવા મને પ્રેરે છે.

મારે માટે 'પરિણામો'ની વ્યાખ્યા વંચિતતા, બાદબાકી અને અન્યાય સામેની દરમ્યાનગીરી એ અનિવાર્ય રાજકીય અને નૈતિક જરૂરિયાત છે એવી મારી સમજ છે. આ દરમ્યાનગીરીઓ આદર્શો, શ્રદ્ધાઓ અને દૃષ્ટિ ઉપર આધાર રાખે છે. તે એવી માન્યતા સાથે જ કે, સામાજિક અને માનવીય વિકાસ એ અનિવાર્યતયા આપણે જેમની ચિંતા કરીએ છીએ તેવા વંચિતતા, બાદબાકી અને અન્યાયનો ભોગ બનેલાની તરફેણમાં સત્તાના સંબંધોને બદલવા માટેની દરમ્યાનગીરી છે. આ પ્રશ્ન પૂછતા થવું: શા માટે? પરંતુ શા માટે? તે પોતે જ 'નોવ્હાય' છે કે જેની આપણને જરૂર છે. 'નોહાઉ'માં આપણે ડૂબી જઈએ તે પહેલાં આપણને તેની જરૂર છે. શું 'પરિણામ-આધારિત સંચાલન'ના ઉપયોગ પહેલાં 'નોવ્હાય'માં દેખાય તેવી ક્ષમતા ઊભી કરવામાં આવી છે ખરી?

મારા મતે બીજાઓના જીવનમાં દરમ્યાનગીરી કરવાના આપણા પરવાનાનો નૈતિક આધાર જાહેરમાં કહેવાવો જોઈએ અને તે માટે માન્યતા મળવી જોઈએ. કોઈ પણ પરિણામો દર્શાવવા માટેની મારી દરમ્યાનગીરી માટે જરૂરી સંસાધનો અને સાધનો પ્રાપ્ત કરું તે પહેલાં એ થવું જોઈએ.

# નાણાં પ્રધાનને 'વાણી'નું આવેદનપત્ર

ભારતમાં કેન્દ્ર સરકાર અને રાજ્ય સરકારો દર વર્ષે નવા વર્ષને માટે અંદાજપત્ર રજૂ કરે છે. અંદાજપત્ર એ સરકારનું નાણાકીય નિવેદન છે કે જે સરકારના આવક અને ખર્ચના અંદાજો રજૂ કરે છે. ઉપરાંત, અંદાજપત્ર સરકાર તેની પોતાની આવક અને ખર્ચની તરાહ દ્વારા અર્થતંત્રને કઈ દિશામાં લઈ જવા માગે છે તેના ઈરાદા પણ રજૂ કરે છે. અહીં 'વોલન્ટરી એક્શન નેટવર્ક ઈન્ડિયા' (વાણી) દ્વારા ભારતના નાણાં પ્રધાનને મોકલવા માટેનું એક આવેદનપત્ર આપવામાં આવ્યું છે. તે સ્વૈચ્છિક સંગઠનોને સ્પર્શતા મુદ્દાઓનો સમાવેશ કરે છે.

**૧.૧ નોંધણી**

કેટલીક સ્વૈચ્છિક સંસ્થાઓ હજુ સુધી આવક વેરા સત્તાવાળા સમક્ષ નોંધાયેલી નથી અને તેઓ એવી નોંધણી પ્રાપ્ત કરે તે અનિવાર્ય છે. અમારું એવું સૂચન છે કે છ માસના મર્યાદિત ગાળા માટે જે સંસ્થાઓની નોંધણી થઈ નથી તેમને માટે માફીની યોજના જાહેર કરવામાં આવે.

**૧.૨ હિસાબની પદ્ધતિ**

સંગઠનોને રોકડના આધારે કે ખર્ચના આધારે હિસાબી પદ્ધતિની પસંદગી કરવાનો વિકલ્પ આપવામાં આવે છે. પરંતુ જે સંસ્થાઓ આવક સર્જનની પ્રવૃત્તિઓમાં સામેલ છે તેમણે આઈજીપી માટે ખર્ચના આધારવાળી અને અનુદાન માટે રોકડના આધારવાળી હિસાબી પદ્ધતિ અપનાવવી પડે છે. તેથી સ્વૈચ્છિક સંસ્થાઓને એ બંને પ્રકારની હિસાબી પદ્ધતિ જાળવવાની છૂટ હોવી જોઈએ.

**૧.૩ આવક**

સરકાર સહિત રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય દાતાઓ સ્વૈચ્છિક સંસ્થાઓને અનુદાન દ્વારા ટેકો પૂરો પાડે છે. હાલ, કેટલાંક સ્વૈચ્છિક સંગઠનો આ આવકને મૂડી આવક ગણે છે અને બીજાં કેટલાંક સંગઠનો આવક વેરાના હેતુ માટેની આવક ગણે છે. આવક વેરા ખાતું આ બંને મત સ્વીકારે છે. ખાતું નિશ્ચિત રીતે એ જણાવે કે આવાં અનુદાનને આવક ન ગણવામાં આવે એ જરૂરી છે.

**૧.૪ નિધિ (કોર્પસ ફંડ)**

સ્વૈચ્છિક સંગઠનો ટકાઉપણાની વ્યૂહરચનાના ભાગ તરીકે પોતાનું ભંડોળ કે નિધિ ઊભાં કરે છે. સ્વૈચ્છિક સંગઠનોની બચત અને આંતરિક રીતે ઊભાં કરાયેલાં સંસાધનોમાંથી ભંડોળની તબદીલી થાય તેવા ભંડોળને મુક્તિ અપાવી જોઈએ. તેમાં આવકના ૧૦થી ૧૫ ટકાની ઉપલી મર્યાદા નક્કી કરી શકાય. ઉપરાંત, આંતરિક રીતે ઊભાં થયેલા સંસાધનોનો સમાવેશ નિધિમાં કરવા માટે તેની વ્યાખ્યા વિસ્તારવી જોઈએ.

**૧.૫ લઘુ ધિરાણ**

સરકાર લઘુ ધિરાણની સંસ્થાઓને ટેકો આપે છે અને આ સંસ્થાઓ મજબૂત થાય તેમ ઈચ્છે છે. એમાંનાં મોટા ભાગનાં સંગઠનો કોઈ કાયદા હેઠળ નોંધાયેલાં નથી અને આવક વેરા ધારા હેઠળ લઘુ ધિરાણની સંસ્થાઓને કોઈ નિશ્ચિત મુક્તિ આપવામાં આવતી નથી. તેથી સ્વ-સહાય જૂથોનાં મહામંડળો અને લઘુ સાહસો સહિતનાં લઘુ ધિરાણ સંસ્થાઓનાં સંગઠનો જેવા અસંગઠિત ક્ષેત્રની આવકને આવક ધારા હેઠળ મુક્તિને પાત્ર ગણાવી જોઈએ.

**૧.૬ આવક સર્જન**

ટકાઉપણા માટેની વ્યૂહરચના તરીકે બિન-સરકારી સંગઠનો સામાન્યતયા આવક સર્જનની પ્રવૃત્તિઓ હાથ ધરે છે. આ પ્રવૃત્તિઓને માટે ઉપયોગમાં લેવાતી આવકને ટેકો આપવા ઉપરાંત, આવી પ્રવૃત્તિઓનો ઉપયોગ ખાસ કરીને ગ્રામીણ વિસ્તારોમાં લોકોને રોજગારી પૂરી પાડવા માટે પણ કરવામાં આવે છે. જો જે કંઈ નફો કે અધિશેષ જન્મે તેનો ઉપયોગ સભ્યો વચ્ચે તે વહેંચી લેવામાં ના થાય અને સંસ્થાની પ્રવૃત્તિઓ માટે જ થાય તો તે રકમને આવક વેરામાંથી સંપૂર્ણપણે મુક્તિ આપવી જોઈએ. એ જ રીતે, જ્યાં લાગુ પડે ત્યાં કલમ-૪૪(એબી) હેઠળ આ પ્રવૃત્તિઓને નિશ્ચિત મુક્તિ પણ મળવી જોઈએ.

**૧.૭ મૂડી લાભ**

મૂડી લાભ હેઠળ સ્વૈચ્છિક સંગઠનોને નિશ્ચિત અને સંપૂર્ણ મુક્તિ મળવી જોઈએ અને આવકની પ્રવૃત્તિઓ માટે પણ તેમને એ અધિશેષનો ઉપયોગ કરવાની મંજૂરી મળવી જોઈએ.

**૧.૮ સ્રોત પર કર કપાત (ટીડીએસ)**

અનેક સ્વૈચ્છિક સંગઠનોએ ઓછી ખર્ચાળ ટેક્નોલોજીનો ઉપયોગ કરીને ગ્રામીણ ગરીબો માટે ગૃહ નિર્માણની પ્રવૃત્તિ હાથ ધરી છે. તે ખર્ચમાં બચત કરનારી છે. મોટા ભાગના કિસ્સામાં

કોન્ટ્રેક્ટરો ટીડીએસ માટે સંમત થતા નથી અને તેથી એ જોગવાઈ આવી પ્રવૃત્તિઓના હિતથી વિરુદ્ધ કામ કરે છે. ગ્રામ વિસ્તારોમાં આવી પ્રવૃત્તિઓ માટે ટીડીએસ હેઠળ નિશ્ચિત મુક્તિ અપાવી જોઈએ.

**૧.૯ મુક્તિ આપવી**

૮૦(જી) અને ૩૫(એસી) હેઠળ મુક્તિ આપવાની બાબતમાં ખૂબ જ વિલંબ થાય છે. છ માસની સમય મર્યાદામાં આવી મુક્તિ અપાય તે માટેની નિશ્ચિત વહીવટી સૂચનાઓ અપાય તે જરૂરી છે.

**૧.૧૦ મૂડી સંચય**

અગાઉ સ્વૈચ્છિક સંગઠનોને તેમની આવકના ૨૫ ટકાનો સંચય (એક્યુમલેશન) કરવાની છૂટ અપાઈ હતી. તે ગયે વર્ષે અંદાજપત્રમાં ઘટાડીને ૧૫ ટકા કરાઈ છે. સ્વૈચ્છિક સંગઠનોને અગાઉ જે લાભ અપાતો હતો તે પુનઃ આપવો જોઈએ અને તેમને ૨૫ ટકા મૂડી સંચય માટેની પરવાનગી આપવી જોઈએ.

## પૃષ્ઠ ૧૩નું શેષ

થયો. ગરીબોની સમસ્યાઓ ઉકેલવા માટેનો રસ્તો મળ્યો. સહભાગી દેખરેખ અને મૂલ્યાંકનથી સેવાઓની સુધારણાની તક વધી છે. આ પ્રકારની પ્રક્રિયા સતત ચાલતી પ્રક્રિયા છે.

## ઉપસંહાર

૨૧મી સદીમાં મોટા ભાગના દેશોમાં શાસન વ્યવસ્થા તરીકે લોકશાહીનો સ્વીકાર થયો છે એ સ્પષ્ટ છે. જો કે, આ વ્યવસ્થામાં ઘણી ખામીઓ છે. તે નાગરિકોને સમાનતા ઊભી કરવાની અને પોતાના અધિકારો પ્રાપ્ત કરવાની તક પૂરી પાડે છે. શાસન, નાગરિકોનાં સહભાગિતા અને ભૂમિકા વિશેના વ્યાપક સંશોધન બાદ એમ જણાયું છે કે સુશાસન માટે નાગરિકોએ સક્રિય થવું પડે અને રાજ્યે નાગરિકોની જરૂરિયાતો પ્રત્યે જવાબદાર બનવું પડે. નાગરિકોની ભૂમિકા વ્યાપક છે પણ તેઓ બધી ભૂમિકાઓ ભજવી શકતા નથી. તેનાં ઘણાં કારણો છે. ત્યાં બિન-સરકારી સંગઠનોની ભૂમિકા અગત્યની છે. તેઓ નાગરિકોની ક્ષમતા વદારે એ અગત્યનું છે.

## પૃષ્ઠ ૧૫નું શેષ

નાની લોનની પણ પુનર્ચુકવણી કરવાનું મુશ્કેલ બની ગયું. આને પરિણામે ગરીબી નિવારણ માટેની લઘુ ધિરાણની યોજનાએ ગરીબ મહિલાઓની ગરીબી વધારે વધારી દીધી.

## શું થવું જોઈએ?

'વૂમનકાઈન્ડ વર્લ્ડવાઈડ' અને તેની ભાગીદાર સંસ્થાઓ ગરીબી અને અસહાયતા ઉપર સીધો હુમલો કરવા માટે લઘુ ધિરાણ ઉપરાંતના કાર્યક્રમો ઘડી રહી છે. ધિરાણ અને બચતની યોજનાઓના નિયમો વિશે સમુદાયોને અને બિન-સરકારી સંગઠનોના કર્મચારીઓને માત્ર તાલીમ આપવાને બદલે નાણાં વધારે સલામત રીતે નફો કેવી રીતે કરી શકે તેની સમજ કેળવવા માટે મહિલાઓને પ્રોત્સાહિત કરવામાં આવે છે.

પ્રયોગોને આધારે ભણતર થાય તેના ઉપર તાલીમ આધારિત કરાય છે અને લોકોના પોતાના અનુભવોને આધારે બોધપાઠ લેવાય છે. મહિલાઓને એમ કહેવા માટે પ્રોત્સાહન અપાય છે કે તેઓ જે વિચારે છે તેને વિશે તેમણે શીખવાની જરૂર છે. તેઓ ખેતી, પશુપાલન, અન્ન પ્રક્રિયા અને પરિવહન જેવાં ક્ષેત્રોમાં નવી સ્થાનિક રીતે ઉપયોગી કૌશલ્યો પ્રાપ્ત કરે છે અને નવાં બજારોમાં પ્રવેશવા માટે સક્ષમ બને છે.

'વૂમનકાઈન્ડ વર્લ્ડવાઈડ' લઘુ ધિરાણની વ્યવસ્થાઓ કરતી સંસ્થઆઓને આટલી બાબતો કરવાની વિનંતી કરે છે:

(૧) એવી ધારણા કરવાની છોડી દો કે વ્યક્તિઓ માત્ર કઠોર પરિશ્રમ કરીને પોતાને ગરીબીમાંથી બહાર કાઢી શકે છે.
(૨) સફળતાઓ અને નિષ્ફળતાઓ બંને વિશેની માહિતીની વધારે વ્યાપક રીતે આપ-લે કરવી.
(૩) જીવનનિર્વાહ વિશે એક પ્રકારનો સર્વગ્રાહી અભિગમ અપનાવવો, ધિરાણની જોગવાઈ કરવા ઉપરાંત બીજી ઘણા પ્રકારની સહાય કરવી.
(૪) એમ સમજો કે મુક્ત વ્યાપાર અને વૈશ્વિક બજાર સાથેનો સંબંધ ગરીબી નિવારણ તરફ દોરી જ જાય એવું જરૂરી નથી.
(૫) જેઓ ગરીબો વતી ઝુંબેશ ચલાવે છે તેવાં નાગરિક સમાજનાં સ્થાનિક સંગઠનોને ટેકો આપો.

ગરીબી નિવારણ માટે લઘુ ધિરાણ એ કોઈ જાદુઈ લાકડી નથી, પરંતુ જાગૃતિ ઊભી કરવાનું, નાની સામુદાયિક દરમ્યાનગીરીઓ કરવાનું અને નીતિ વિષયક કાર્ય કરવાનું કામ પદ્ધતિસરના અભિગમથી પરસ્પર સાંકળવામાં આવે તો તે વ્યૂહાત્મક સાધન બની શકે છે.

સ્રોતઃ 'પાસિંગ ધ બક? મની લિટરસી એન્ડ ઓલ્ટરનેટિવ્ઝ ટુ ક્રેડિટ એન્ડ સેવિંગ્સ સ્કિમ્સ' - હેલન પેન્કહર્સ્ટ, 'જેન્ડર એન્ડ ડેવલપમેન્ટ': ગ્રંથ-૧૦, નં.૩, નવેમ્બર-૨૦૦૨.

# બાદબાકીથી સમાવેશ: પીઆરએ, વિકલાંગતા અને ભેદભાવ સંબંધી અનુભવો

ગુજરાતમાં ચાર જિલ્લાઓમાં ૬૩ ગામોમાં 'ઉન્નતિ'એ ૧૩ સહભાગી સંગઠનો સાથે મળીને વિકલાંગતાના સંદર્ભમાં એક સહભાગી અભ્યાસ હાથ ધર્યો હતો. આ અભ્યાસનાં તારણો અને તે દરમ્યાન થયેલા અનુભવોનું આલેખન અહીં 'ઉન્નતિ'નાં **સુશ્રી શંખરૂપા દામલે** દ્વારા કરાયું છે. આ લેખ ગ્રામીણ વિસ્તારોમાં પ્રવર્તમાન વિકલાંગતા અને તેના સામાજિક પરિવેશ વિશે તો જાણકારી આપે જ છે પણ સાથે સાથે તે ભાવિ અભિગમો પ્રત્યે પણ દિશાનિર્દેશ કરે છે.

## અભ્યાસની પૂર્વભૂમિકા

વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓની સ્થિતિ તપાસવાના અને તેમનો મુખ્ય પ્રવાહના સમાજમાં સમાવેશ કરવાના માર્ગો શોધવાના હેતુ સાથે સમુદાયમાં સહભાગી સંશોધનની પ્રક્રિયા હાથ ધરવામાં આવી હતી. "વિકલાંગતા એ કોઈ અલગ મુદ્દો નથી કે જેનાથી અલગ રહેવાનું આપણે પસંદ કરી શકીએ, આપણે ઈચ્છીએ કે ના ઈચ્છીએ પણ તે આપણા સૌના જીવનના તાણાવાણામાં વણાયેલો મુદ્દો છે." - એમ 'ઓક્સફામ'ના શ્રી પિટર કોલરિજ જણાવે છે.

વિકલાંગતા એ એક મહત્ત્વનો સામાજિક પ્રશ્ન છે અને વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ સમાજ દ્વારા તરછોડાયેલાં ઘણાં નિ:સહાય જૂથોમાંનું એક જૂથ છે. ઘણી વાર ઘણા વ્યવસાયીઓએ વિકલાંગોના સામાન્ય પ્રશ્નોને ધ્યાનમાં લીધા છે, પણ વિકલાંગોનાં પોતાનાં મંતવ્યોને ભાગ્યે જ ધ્યાનમાં લેવામાં આવ્યાં છે. વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓનાં ક્ષમતાઓ, કૌશલ્યો અને સુષુપ્ત શક્તિઓને ભાગ્યે જ પિછાણવામાં આવ્યાં છે. તેનાથી તેમને સમાજની મુખ્ય પ્રવાહની પ્રવૃત્તિઓથી છુપાયેલા, અદૃશ્ય અને બાકાત રહેવાની ફરજ પડી છે. પરિણામે તેઓ સામાજિક રીતે તરછોડાયેલા, આર્થિક રીતે લગભગ કંગાલિયત ભોગવતા અને રાજકીય દૃષ્ટિએ તદ્દન અવગણાયેલા નજરે પડે છે.

'ઉન્નતિ વિકાસ શિક્ષણ સંગઠન', ગુજરાત અને રાજસ્થાનમાં મુખ્યત્વે દલિતો અને વિકલાંગો જેવા નબળા વર્ગોના સામાજિક સમાવેશ અને સક્ષમતાના પ્રશ્નો વિશે ધ્યાન કેન્દ્રિત કરે છે. 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'ના સહયોગ સાથે અમે ગુજરાતના ચાર જિલ્લાઓમાં ૧૩ સહભાગી સંગઠનોની ભાગીદારીમાં સમાજના મુખ્ય પ્રવાહમાં વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશની વિવિધ પ્રક્રિયાઓને ખોજવાનો પ્રયાસ કર્યો છે.

અમારા અભ્યાસમાં સમાજના તમામ અસહાય વર્ગોનો સમાવેશ કરવાનો પ્રયાસ કરાયો છે કે જેથી એ દરેક જૂથનું બીજા સાથે કેવી રીતે સંકલન કરી શકાય તે સમજી શકાય. તેને પરિણામે લોકો સાથે સીધો સંબંધ બાંધવાની પ્રક્રિયા થઈ અને એ રીતે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓના સમાવેશને પ્રોત્સાહન મળ્યું. વિવિધ અસહાય જૂથોનો વિકાસલક્ષી પ્રક્રિયામાં સમાવેશ કરવામાં જે પ્રક્રિયાઓ થઈ છે અને તેમાંથી જે શીખવા મળ્યું છે તે આ લેખમાં પ્રસ્તુત છે.

## પ્રાયોગિક અભ્યાસ

ગુજરાતના થોડાક જિલ્લાઓમાં સર્વેક્ષણ હાથ ધરાયું અને તે માટે પ્રાયોગિક અભ્યાસ માટે થોડાંક સાધનો વિકસાવાયાં. પ્રાયોગિક અભ્યાસ માટે એક ગામની પસંદગી કરવામાં આવી. સરપંચ, સમુદાયના અન્ય નેતાઓ અને કેટલાંક બિન-સરકારી સંગઠનો સાથે અગાઉથી જ સંપર્ક કરવામાં આવ્યો અને તેમને મુલાકાતનો હેતુ સમજાવવામાં આવ્યો. આ સંશોધનનો ઈરાદો માત્ર માહિતી એકત્ર કરવાનો નહોતો પણ વિકલાંગતાની સામાજિક અને આર્થિક બાજુ સમજવાનો તથા તેના ઝડપી નિવારણનો અને એ નિવારણમાં સમાજના તમામ હિતધારકોની સહભાગિતા ઊભી કરવાનો પણ હતો. અગાઉથી નક્કી કરાયેલાં સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન (પીઆરએ)નાં સાધનો ઉપયોગમાં લેવાયાં.

પ્રાયોગિક અભ્યાસની સમીક્ષા પછી છેવટે જે સાધનો નક્કી કરાયાં તેમાં વિવિધ સંદર્ભો સાથેના નકશા તૈયાર કરવા, વેન ડાયાગ્રામ, ઔપચારિક અને અનૌપચારિક જૂથ ચર્ચાઓ, વ્યક્તિગત મુલાકાતો, ફિલ્મ શો અને હિતધારકોની બેઠકોનો સમાવેશ થતો હતો. ગુજરાતના ચાર જિલ્લા-સાબરકાંઠા, અમદાવાદ, વડોદરા અને પાટણમાં ૧૩ સહભાગી સંગઠનો સાથે મળીને કુલ ૬૩ ગામોમાં આખરી અભ્યાસનું આયોજન કરાયું હતું.

## ક્ષેત્રીય કાર્યકરોની અભિમુખતા

દરેક સહભાગી સંગઠનના કાર્યક્ષેત્રના વિસ્તારમાં એક મુલાકાત ગોઠવવામાં આવી. તેમાં સહભાગી સંગઠનના કાર્યકરોને અભ્યાસનાં

સાધનો અને પ્રક્રિયા સમજાવાયાં, તેમનું નિદર્શન કરાયું અને તેમનામાંથી કંઈક શીખવામાં પણ આવ્યું. 'પુટિંગ ધ લાસ્ટ ફર્સ્ટ' નામની એક ફિલ્મ દર્શાવીને 'સહભાગી ગ્રામીણ મૂલ્યાંકન' (પીઆરએ)નું નિદર્શન કરાયું. તેમાં પીઆરએ માટે યોગ્ય એવાં વર્તન અને વલણોનું ચિત્રણ કરવામાં આવ્યું છે. વિકલાંગોની સામાજિક, આર્થિક અને શૈક્ષણિક સ્થિતિના સંદર્ભમાં જે ક્ષેત્રીય અભ્યાસ કરાયો છે તેમાંનાં કેટલાંક તારણો અહીં આપવામાં આવ્યાં છે.

## અભ્યાસનાં તારણો

### વિકલાંગોની સામાજિક સ્થિતિ

ગ્રામીણ ગુજરાતમાં વિકલાંગતાને સામાન્યતયા વ્યક્તિના કોઈ પાપનું કારણ ગણવામાં આવે છે. તેથી ઘણા કિસ્સામાં એક વિકલાંગ બાળકની સાથે સામાન્ય બાળકો સાથે કરાય છે તેવો વ્યવહાર કરવામાં આવતો નથી. સામાજિક અસ્વીકૃતિને કારણે વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓને મોટા ભાગે સામાજિક અને સાંસ્કૃતિક પ્રસંગોથી દૂર રાખવામાં આવે છે. તેથી તેઓ ઘરના ખૂણામાં પડી રહે છે, છુપાયેલા અને અદૃશ્ય બનીને.

### શૈક્ષણિક સ્થિતિ

સહભાગી સંશોધનના તેમના અનુભવને આધારે સહભાગીઓએ કહ્યું કે વિકલાંગતા ધરાવતાં બાળકોને શાળાએ મોકલવામાં આવતાં નથી, અથવા તો અમુક સમય પછી તેમનું શિક્ષણ બંધ કરી દેવાય છે અને તેને માટે તે નાણાકીય બોજો વધારે છે એવું બહાનું કાઢવામાં આવે છે. થોડાક કિસ્સામાં મા-બાપો તેમનાં વિકલાંગ બાળકોને શિક્ષણ આપવા માગે છે ખરાં, પરંતુ એવાં બાળકોની વિશેષ જરૂરિયાતોની કાળજી લેવાય તે માટે સહાય કરનારી કોઈ નાણાકીય સંસ્થા વિશે તેઓ કશું જાણતા નથી.

### આર્થિક સ્થિતિ

સામાન્ય અવલોકન એવું છે કે વિકલાંગતા ધરાવતી મોટા ભાગની વ્યક્તિઓ ગરીબ છે અને ગરીબ રહે છે. તેઓ નાણાકીય રીતે અન્યો પર આધારિત હોય છે, પછી ભલે ને તેઓ પુરુષ હોય કે સ્ત્રી. તુલનાત્મક રીતે સારી આર્થિક સ્થિતિ ધરાવતાં પરિવારોમાં પણ વિકલાંગતા ધરાવતી વ્યક્તિઓ તેમના કુટુંબના સભ્યો પર કે મિત્રો પર નાણાકીય રીતે આધારિત હોય છે.

### વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓ

સામાન્યતયા એમ જોવામાં આવ્યું છે કે વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓની સ્થિતિ વિકલાંગતા ધરાવતા પુરુષો કરતાં ખરાબ હોય છે. વિકલાંગતા ધરાવતી સ્ત્રીઓ શારીરિક અપંગતાથી તો પિડાય છે જ પણ સાથે સાથે તેમણે પુરુષો અને સામાન્ય સ્ત્રીઓનો માનસિક ત્રાસ પણ સહન કરવો પડે છે. તેઓ ઘણી વાર સમુદાયના અન્ય પુરુષો દ્વારા જાતીય સતામણીનો પણ ભોગ બને છે. સામાન્યતયા વિકલાંગ સ્ત્રીના લગ્ન માટે પરિવારજનો વિકલાંગ પુરુષની શોધ ચલાવે છે, પણ વિકલાંગ પુરુષો માટે એવું બનતું નથી.

અમારી મુલાકાતો દરમ્યાન અમને જે મૂલ્યવાન અનુભવો થયા છે અને અમને જે પ્રશ્નો દેખાયા છે તેમાંના કેટલાક અહીં દર્શાવવાનો પ્રયત્ન અમે કર્યો છે.

## પદ્ધતિના મુદ્દાઓ

### અમને મળેલી શીખ અને સૂચિત ભાવિ અભિગમો

**૧. તમામ ફળિયાંનું પ્રતિનિધિત્વ**

સમુદાયની ભાગીદારી પ્રશ્ન પ્રત્યે સંવેદનશીલ થવામાં મદદ કરે છે અને એ રીતે જાગૃતિ ઊભી કરવામાં મદદરૂપ બને છે. આમ એ જરૂરી છે કે સામાજિક નકશો અથવા ગામનો નકશો તૈયાર કરવામાં આવે ત્યારે ગામના તમામ સમુદાયના લોકો તેમાં ભાગીદાર થાય અને તેમાં ફાળો આપે. જો કે, આ પ્રક્રિયામાં થોડાક અપવાદો પણ છે.

કયારેક, કેટલાંક પરિબળોને કારણે બધા જ સમુદાયો એક જ સ્થળે એકત્ર થતા નથી. બે પક્ષો વચ્ચેના સંઘર્ષ કે જ્ઞાતિગત વિખવાદો અને ભેદભાવોને લીધે આવું ઘણી વાર બનતું હોય છે. તેવે સમયે એ ફળિયાંઓ માટે અલગ સામાજિક નકશાઓ તૈયાર કરવામાં આવે છે. વળી, ઘણી વાર ગંભીરપણે પ્રયાસો કરાય તેમ છતાં તમામ સમુદાયોના લોકો એક જ સ્થળે ભેગા થવા તૈયાર હોતા નથી. આવા કિસ્સામાં સામાજિક નકશો તૈયાર થયા બાદ જેમની ભાગીદારી થઈ હોતી નથી એવાં ફળિયાં સુધી તે લઈ જવામાં આવે છે કે જેથી તેને વિશે તેમનો અભિપ્રાય જાણી શકાય. તેથી ભેગી કરવામાં આવેલી માહિતીની ચકાસણી થાય છે અને રહી ગયેલી માહિતી ઉમેરી શકાય છે.

સાબરકાંઠા જિલ્લાના વડાલી તાલુકાના થેરાસણા ગામમાં અમારે આવી જ મુસીબતનો સામનો કરવો પડ્યો હતો. અમે ગ્રામજનો પાસે સામાજિક નકશો તૈયાર કરવાના હેતુ સાથે પહોંચ્યા હતા અને વિકલાંગ લોકોની સ્થિતિ સમજવાનો અમારે ઉદ્દેશ હતો. પટેલો અને અન્ય સમુદાયો વચ્ચે થોડાક દિવસો અગાઉ જ કોઈક મુદ્દે ઝઘડો થયો હોવાથી તેઓ એક જ સ્થળે સાથે બેસવા તૈયાર નહોતા. તેઓ સમાન કાર્યક્રમમાં ભાગીદાર

થવા પણ તૈયાર નહોતા. તેથી બે ફળિયાં માટે અલગ અલગ પીઆરએ હાથ ધરાયું.

ગામમાં પદયાત્રા કર્યા બાદ અમે પટેલ સિવાયના સમુદાયના એક આંગણવાડી કેન્દ્ર ખાતે ભેગા થયા. લોકોએ જ તે માટે સૂચન કર્યું હતું અને સામાજિક નકશો તૈયાર કરવાની પ્રક્રિયા શરૂ કરી. ગ્રામજનોને ફરી એક વાર અમારી મુલાકાતનો હેતુ સમજાવાયો ત્યારે કેટલાક લોકોએ પહેલ કરી અને નકશો બનાવવાની શરૂઆત કરી, જ્યારે બીજાઓ તેમની આસપાસ બેઠા કે ઊભા રહ્યા અને જે કંઈ દોરવામાં કે લખવામાં આવતું હતું તે જોતા રહ્યા. સમગ્ર પ્રક્રિયા પ્રત્યે તેમની આ નિષ્ક્રિય ભાગીદારી હતી. અમે તો બધું બસ, જોતા જ રહ્યા. થોડા સમય પછી અમે જોયું કે આસપાસ ગોળમાં જેઓ ઊભા રહ્યા હતા તેમાંના લોકો ઘટી ગયા અને તેમાંના જ થોડાક લોકો એક ખૂણામાં બેસી ગયા અને તેમણે અલગ નકશો તૈયાર કરવા માંડ્યો. તેમને પૂછતાં જાણવા મળ્યું કે તેઓ હરિજનો હતા. જેઓ કેન્દ્રમાં બેઠા હતા તેઓ ઠક્કર સમુદાયના હતા. ઠક્કરોને હરિજન સમુદાય વિશે વિગતે કશી ખબર નહોતી અને તેથી તેમણે તેમનો પોતાનો નકશો તૈયાર કરવાનું નક્કી કર્યું હતું.

આમ, ગામના તમામ સમુદાયોના પ્રતિનિધિઓ દ્વારા સામાજિક નકશો તૈયાર થાય એ જરૂરી છે. જો કોઈ કારણોસર એવું ના બને તો વિવિધ ફળિયાંઓ અને સમુદાયો માટે અલગ અલગ નકશા તૈયાર કરવા અનિવાર્ય છે કારણ કે સહભાગિતા અગત્યની બાબત છે.

### (૨) પરિવર્તનની પ્રક્રિયા

સાબરકાંઠા જિલ્લાના પ્રાંતિજ તાલુકાના હુંજ ગામમાં પદયાત્રા કરીને અમે તમામ ફળિયામાં ફર્યા અને લોકોને મળ્યા. અમે જ્યારે દરજી ફળિયામાં ગયા ત્યારે ક્યાં મળવું અને ચર્ચા કરવી એ અંગે તેમને પૂછયું. અમારી ધારણાથી તદ્દન વિરુદ્ધ, તેમણે તરત જ 'મંદિર' જવાબ આપ્યો. એ મંદિર બ્રાહ્મણોનું હતું તેમ છતાં સમગ્ર ગામના લોકો ત્યાં જતા હતા. ભારતનાં ઘણાં ગામોમાં આજે પણ મંદિરોમાં અનુસૂચિત જાતિના લોકોને પ્રવેશ મળતો નથી. પણ અહીં તેવું નહોતું.

અમે ગામમાં ત્રણ દિવસ રહ્યા તે દરમ્યાન અમને લોકો સાથે અનૌપચારિક રીતે ચર્ચા કરવાનો મોકો મળ્યો અને સંવેદનશીલ પ્રશ્નોની ચર્ચા કરવાની તક પણ મળી. તે વખતે એક વ્યક્તિએ અમને કહ્યું કે, "તમે આવ્યા અને અમને મળ્યા તેથી ગ્રામજનો સાથે નકશા બનાવ્યા અને એટલે મંદિરમાં બધી જ્ઞાતિના લોકો સાથે પ્રવેશવાનો મોકો મળ્યો, નહિ તો અમારે માટે તો એ સપનું જ છે." આ અનુભવ એમ દર્શાવે છે કે સહભાગી પદ્ધતિઓ દ્વારા થોડાક સમય માટે પણ સામાજિક ધોરણોમાં ક્રાંતિકારી ફેરફારો લાવવાનું શક્ય છે.

### (૩) જટિલ સામાજિક પ્રક્રિયા

આ જ ગામમાં સરપંચે ખૂબ જ સહકાર આપ્યો અને તેઓ ખૂબ મદદરૂપ થયા. તેઓ અમારી મુલાકાતનો હેતુ બરાબર સમજ્યા હતા એમ લાગતું હતું. તેમણે એક જ સ્થળે સેવાઓ અને તકોનો નકશો બનાવવા બધા ભેગા થાય તેમાં પણ મદદ કરી હતી. એક વિકલાંગ મહિલા જાલાબહેન બહેરા-મૂંગા હતાં. તેમને પણ નકશો તૈયાર કરવામાં ભાગ લેવા પ્રોત્સાહન અપાયું.

આખું જૂથ નકશો તૈયાર કરવામાં ખોવાઈ ગયું અને અચાનક ખબર પડી કે જાલાબહેન અદૃશ્ય થઈ ગયાં છે. એ સમયે અમને એના કારણની ખબર પડી નહિ. પછી અમને ખબર પડી કે સરપંચ અમારી પાછળ ઊભા હતા અને તેમણે ઈશારા કરીને જાલાબહેનને ત્યાંથી જતા રહેવા કહ્યું હતું, કારણ કે જાલાબહેન મોટા અવાજે કંઈક કહેતા હતાં અને તે તેમને ગમતું નહોતું. જાલાબહેન બહેરા-મૂંગા હતાં તેથી તેઓ મોટો અવાજ કરીને તેમની અભિવ્યક્તિ કરતાં હતાં. જો અમે પહેલેથી સાવધાન હોત અને પરસ્પર સંકલન કર્યું હોત તો સરપંચના આ વર્તનને રોકી શકાયું હોત. આમ, નકશો બનાવવાની પ્રક્રિયા દરમ્યાન પેટા જૂથની ચર્ચા જેવી શક્ય તેટલી જૂથ પ્રક્રિયાઓની વિગતો પર ધ્યાન આપવાનું જરૂરી છે.

### (૪) લોકોની પ્રાથમિકતાની સામે આપણી પ્રાથમિકતા

વડોદરા જિલ્લાના એક ઝૂંપડપટ્ટી વિસ્તાર ગાંધી કોતરમાં અમે મુલાકાત લીધી ત્યારે અમને ત્યાં થોડાક દિવસો સુધી અનૌપચારિક વાતચીત કર્યા પછી પણ લોકોનો સહકાર ના મળ્યો. થોડા સમય પછી અમને ખબર પડી કે ઝૂંપડપટ્ટીનો આ વિસ્તાર તાજેતરમાં જ ત્યાં આવ્યો છે અને ત્યાં કોઈ પાયાની સવલતો નથી. કોલેરાના કારણે ત્યાંના ઘણા નિવાસીઓ મૃત્યુ પામ્યા હતા કારણ કે ઝૂંપડપટ્ટીની પાસેથી જે ગંદું નાળું જતું હતું તેનું ગટર જેવું પાણી તેમણે પીવું પડતું હતું. ત્યાં માત્ર એક જ હેન્ડપંપ હતો, અને ઉનાળા દરમ્યાન તો તેમાં પણ પાણી આવતું નહોતું.

લોકોએ અમારી સમક્ષ આ બધી સમસ્યાઓ વ્યક્ત કરી અને અમે તેમને સાંભળ્યા. અમારી મુલાકાતનો હેતુ વિકલાંગતાના પ્રશ્નોની ચર્ચા કરવાનો હતો પણ તે પછી અમે તે વાત કરવાનો પ્રયાસ કર્યો જ નહિ. એને બદલે અમે સહભાગી સંગઠનને પહેલાં પાયાની સમસ્યાઓ પ્રત્યે ધ્યાન આપવા જણાવ્યું કારણ કે તે એ ઝૂંપડપટ્ટીમાં બાળકો વિશેના વિવિધ કાર્યક્રમો યોજી રહ્યું હતું. એ વ્યૂહરચના કામે લાગી અને પછી અમે જ્યારે ત્યાં ફરીથી સ્થાનિક સંગઠનના કાર્યકરો સાથે ગયા ત્યારે અમને ત્યાં સહકાર મળ્યો.

### (૫) વિભિન્ન વાસ્તવિકતાઓ અને પ્રાથમિકતાઓ

અમદાવાદ જિલ્લાના ધોળકા તાલુકાના કાણોતર ગામમાં અમે ગ્રામજનોએ નક્કી કર્યું હતું તે પ્રમાણે મંદિરે ભેગા થયા હતા. ત્યાં ગામમાં પ્રાપ્ય સેવાઓની પ્રાથમિકતા નક્કી કરવા માટે વેન ડાયાગ્રામ તૈયાર કરવાનો હતો. નકશાની આજુબાજુ વૃદ્ધો ગોઠવાયેલા હતા અને પ્રક્રિયામાં સક્રિય રીતે ભાગ લેતા હતા જ્યારે યુવાનો પાછળ ઊભા ઊભા ટેકો આપતા હતા. યુવાનો અને વૃદ્ધોની પ્રાથમિકતાઓમાં ભારે તફાવત હતો. વૃદ્ધો એમ માનતા હતા કે મંદિર અને કોમ્યુનિટી હોલ સૌથી વધારે મહત્ત્વની સેવાઓ હતી અને સપાટી ડાયાગ્રામ તૈયાર કરતી વખતે બધાં દેવ-દેવીઓનાં નામોનો ઉલ્લેખ થાય તેવો આગ્રહ વૃદ્ધો આગ્રહ રાખતા હતા. બીજી તરફ, ગામથી શાળા અને કોલેજ ખૂબ દૂર હતાં તેથી યુવાનો માટે તે મહત્ત્વનાં હોય તેમ જણાતું હતું.

આમ, આ પ્રકારની પરિસ્થિતિમાં એ મહત્ત્વનું છે કે પ્રક્રિયામાં કયાં જૂથો સામેલ છે તે નોંધવું. તેમનાં ઉંમર, વર્ગ, જ્ઞાતિ અને પુરુષ છે કે સ્ત્રી તે પણ નોધવું કે જેથી ગામની વાસ્તવિક પરિસ્થિતિ વિશે વધારે સારી સમજ ઊભી થાય. એ નોંધવું પણ જરૂરી છે કે પીઆરએની પ્રક્રિયામાં કયા કયા લોકો સામેલ થયા છે અને કોનો અવાજ તેમાં સંભળાયો છે. એનું કારણ એ છે કે સમુદાયનાં જુદાં જુદાં જૂથોની પ્રાથમિકતાઓ જુદી જુદી હોય છે. તેથી એ મહત્ત્વનું છે કે દરેકનાં મંતવ્યોને અલગ અલગ રીતે નોંધવામાં આવે અને ત્યાં જ તેમનું સામાન્યીકરણ કરવામાં ના આવે.

### (૬) તમામ હિતધારકો પ્રત્યે સંવેદનશીલતા

સાબરકાંઠા જિલ્લાના હંસપુરા ગામે અમે ગામના સામાજિક નકશા સાથે પદયાત્રા કરી. ૨૦૦૨માં થયેલાં રમખાણો દરમ્યાન આ ગામમાં પણ રમખાણો થયાં હતાં. જ્યારે ગ્રામજનોને આ કામનો હેતુ સમજાવવામાં આવ્યો ત્યારે બહુ થોડા ગ્રામજનો તેમાં જોડાયા. પદયાત્રા પૂરી થઈ ત્યારે અમે ગામની વચ્ચે એક વડ નીચે ભેગા થયા. આરંભમાં તો ઘણાબધા લોકો હાજર હતા. જો કે, ધીમે ધીમે તેમની સંખ્યા ઘટવા માંડી અને છેવટે એકાદ-બે સ્ત્રીઓ જ રહી. એ આશ્ચર્યજનક હતું પણ અમે અમારું કામ ચાલું રાખ્યું. એક સમયે કેટલાક યુવાનો ત્યાં આવ્યાં અને અમને કામ કરતાં અટકાવ્યાં.

અમે કોણ છીએ, ક્યાંથી આવ્યા છીએ અને શું કામ આવ્યા છીએ વગેરે જેવા પ્રશ્નો તેમણે અમને પૂછવા માંડ્યા. આરંભમાં જ અમે અમારો હેતુ સમજાવ્યો હતો તેમ છતાં આમ બન્યું. અમે તેમને વારંવાર સમજાવ્યા પણ છતાં તેઓ માન્યા નહિ. પછી અમે તેમને થોડાંક એવાં ગામોના નકશા બતાવ્યા કે જે એ ગામોના લોકોએ જ બનાવ્યા હતા. એનાથી એમને ખાતરી થઈ જશે એમ અમને લાગતું હતું પણ એ કારગત ન નીવડ્યું અને યુવાનોએ પોતે જ ગામનો નકશો બનાવવાનું કામ હાથમાં લીધું.

બીજે દિવસે અમે એ જ ગામમાં ગયા ત્યારે અમે સરપંચને મળ્યા. આગલે દિવસે તેઓ ગેરહાજર હતા. તેમણે જણાવ્યું કે ગામમાં હિંદુઓ અને મુસલમાનો બંન્ને છે. અમે પણ આગલે દિવસે એ જોયું હતું. ગોધરામાં એક વર્ષ અગાઉ જે દિવસે ટ્રેન હત્યાકાંડ થયો હતો તે જ એ દિવસ હતો. વધુમાં, લોકોને વિકલાંગ લોકો ઓળખી કાઢવા અને તેમની સાથે કામ કરવા માટે સામાજિક નકશાની જરૂરિયાત સમજાઈ નહોતી. તેથી તેમને એમ લાગ્યું કે આ તો બીજા સમુદાયનું પોતાના પરનું કાવતરું છે અને તેઓ પછીના કોઈક સમયે અમુક પરિવારો પર હુમલો કરવાની તૈયારી કરી રહ્યા છે.

આમ, કોઈ પણ પીઆરએની પ્રક્રિયામાં તમામ હિતધારકો પ્રત્યે સંવેદનશીલ અને ધીરજવાન બનવું અને તેમને સાંભળવા એ ખૂબ જ અગત્યનું છે. પીઆરએ દરમ્યાન જે અછડતા ક્ષેત્રીય અનુભવો થયા તેમને આધારે ઉપરોક્ત બાબતો નોંધવામાં આવી છે. એ સમજવું જરૂરી છે કે આ પરિસ્થિતિ પ્રદેશે પ્રદેશે બદલાઈ શકે છે અને તેથી જે તે પ્રદેશ અનુસાર તેમાં ફેરફાર કરવો જોઈએ.

### વ્યવસાયી-વ્યક્તિગત અભિગમ પર અસર

શીખવા મળેલી ઉપરોક્ત બાબતોએ પ્રવર્તમાન વ્યવસાયી અને વ્યક્તિગત અભિગમો પર વિધાયક અસરો ઊભી કરી:

**(૧) વધારે સંવેદનશીલ અભિગમ**

અભ્યાસમાં જેઓ સામેલ હતા તે સહભાગીઓ સાથે સહભાગિતાના અભિગમ વિશે અને તેની સંવેદનશીલતા વિશે વાતચીત કરવામાં આવી હતી. તેમને પણ સહભાગિતાના અભિગમના લાભો જણાયા હતા અને તેમણે સમુદાયના અન્ય તાતા પ્રશ્નોને ઓળખવામાં તેનો ઉપયોગ કર્યો હતો.

**(૨) સમાવેશ**

માત્ર અમારાં સહભાગી સંગઠનો જ નહિ, પણ અમારા પોતાના સંગઠનમાં પણ વિવિધ મુદ્દાઓ પર કામ કરતા તમામ એકમોએ તમામ હિતધારકોને સામેલ કરવાની શરૂઆત કરી છે. તેમાં મુખ્ય પ્રવાહની વિકાસની પ્રક્રિયામાં સમાજના અમુક વર્ગોના સમાવેશ ઉપર ભાર મૂકવાનો પ્રયાસ કરાયો છે.

**(૩) ભિન્ન વાસ્તવિકતાઓ**

વિવિધ સામાજિક જૂથોના અભિપ્રાયને સરખું મહત્ત્વ અપાયું છે. કોઈ પણ મુદ્દે કામ કરવામાં દરેક જૂથનો એક પ્રતિનિધિ તો હાજર હોય જ, કે જેથી પૂર્વગ્રહો વિના જ યોજનાઓ બને. વ્યવસાયી સ્તરે જ નહિ, પણ વ્યક્તિગત સંબંધો અને વાતચીતના સ્તરે દરેક વ્યક્તિના અભિપ્રાયોને યોગ્ય મહત્ત્વ આપવામાં આવ્યું.

**(૪) પરિવર્તનની ઓળખ**

સામાજિક પરિવર્તન એ ખૂબ જ ધીમી પ્રક્રિયા છે અને તેને માટે ધીરજની જરૂર રહે છે. ક્યારેક કોઈ વ્યક્તિ મોટાં પરિવર્તનો લાવવામાં એટલી બધી ખોવાઈ જાય છે કે તે એવા નાના વચગાળાના ફેરફારોને ધ્યાનમાં લેવાનું ભૂલી જાય છે, કે જે છેવટે મોટું પરિવર્તન લાવવામાં મહત્ત્વની ભૂમિકા ભજવે છે. પીઆરએના અમારા અનુભવે અમને આવા નાના ફેરફારોને ધ્યાનમાં લેવાનું શીખવ્યું છે. વડોદરાની ઝૂંપડપટ્ટીઓમાં વિકલાંગતાના પ્રશ્ને થોડું ધ્યાન અપાયું અને થોડાક પ્રયાસો કરાયા કે જ્યાં પાણી એક મહત્ત્વની સમસ્યા હતી. ત્યાં પણ સ્થાનિક લોકોના મન પર તેની વિધાયક અસર થઈ. તેને પરિણામે તેમના સાથે થયેલી વાતચીત દરમ્યાન ઉપસ્થિત થયેલા મુદ્દાઓને સમજવામાં મદદ મળી અને પછીથી એ વિસ્તારમાં આગળનાં કામો કરવામાં પણ તે બાબત સહાયભૂત થઈ.

**(૫) સહભાગિતાનું મહત્ત્વ**

સહભાગિતાનો અર્થ બીજી વ્યક્તિને સાંભળવાનો પણ થાય છે એ હકીકત હવે છતી થઈ ગઈ અને તેથી વ્યક્તિગત તથા વ્યવસાયી સંબંધો સુધારવામાં તે મદદરૂપ થઈ.

## ઉપસંહાર

કયાં ક્ષેત્રોમાં વિકલાંગોની બાદબાકી કરવામાં આવે છે તેના ઉપર ધ્યાન કેન્દ્રિત કરવા માટે આ સંશોધન અભ્યાસ હાથ ધરવામાં આવ્યો હતો પરંતુ તેણે ગ્રામીણ સમુદાયમાં પ્રવર્તતા અન્ય પ્રશ્નો વિશેની સમજ પણ ઊભી કરી છે. અમુક પરિસ્થિતિમાં સમુદાયો કેવા પ્રકારની પ્રતિક્રિયા કયાં કારણોસર આપે છે તે સમજી શકાયું છે અને તેમનાં વર્તન અને વલણો પણ જાણી શકાયાં છે. તેથી સમુદાયની અંદરના ભેદભાવોને સમજવામાં, તેમનો સામનો કરવામાં અને રચનાત્મક કાર્ય ચાલુ રાખવામાં ભારે મદદ મળી છે.

આ અભ્યાસથી વિકલાંગ લોકોને તેમનાં ઘરોમાંથી બહાર આવવાની અને સમુદાય સાથે વાતચીત કરવાની તક મળી. વળી, પોતાના ગામમાં ખાસ્સી મોટી સંખ્યામાં વિકલાંગો છે તેની જાણ પણ ગ્રામજનોને થઈ. વિકલાંગ લોકોની સુષુપ્ત શક્તિઓની જાણ પણ તેથી સામાન્યજનોને થઈ. વિકલાંગો જે નાના અને સફળ પ્રયાસો કરે છે તે સામાન્ય રીતે ધ્યાનમાં આવતા નથી, તે પણ લોકોની નજરે ચડ્યા. સહભાગિતાને પરિણામે દલિતો, સ્ત્રીઓ અને લઘુમતી જૂથો જેવા સમાજના અન્ય તરછોડાયેલા વર્ગોને પણ આ પ્રક્રિયામાં સામેલ થવાની તક મળી.

આમ, સહભાગી સંશોધનના અનુભવથી માત્ર અભ્યાસનો હેતુ જ નથી સર્યો, પણ સહભાગિતાના સંદર્ભમાં વ્યક્તિગત અને વ્યવસાયી અભિગમોનો વિધાયક વિકાસ પણ તેનાથી થયો છે. સતત એમ સમજાતું ગયું કે સહભાગિતાનો અર્થ માત્ર લોકોની હાજરી નથી પણ કાર્યમાં તેમનું વિધાયક કે નકારાત્મક પ્રદાન પણ છે. માત્ર મૌખિક કે લેખિત નિવેદનો જ મહત્ત્વનાં નથી પરંતુ શારીરિક હાવભાવ પણ સહભાગિતા માટે એટલા જ મહત્ત્વના છે. સહભાગિતાના અભિગમોની સમજ કેળવવામાં અને તેમને વ્યવહારમાં ઉપયોગમાં લાવવામાં આવ બાબત ઘણી જ મહત્ત્વની હતીઃ

**નોંધઃ** જેમણે આ સંશોધન માટેના પીઆરએમાં ટેકો આપ્યો છે તેઓ આ મુજબ છેઃ 'ઉન્નતિ'નાં સુશ્રી ગીતા શર્મા અને સુશ્રી સ્વાતિ સિંહા, 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ'નાં સુશ્રી અર્ચના શ્રીવાસ્તવ, 'સાથ ચેરિટેબલ ટ્રસ્ટ'નાં સુશ્રી કિરણ બી. પરમાર અને શ્રી માનસિંહ મૌર્ય, 'રૂરલ ડેવલપમેન્ટ સોસાયટી'ના શ્રી પ્રકાશ બી. પરમાર, 'વિનોબા ભાવે સેવા સંસ્થાન'ના શ્રી વિનોદ બ્રહ્મભટ્ટ અને 'લોકસેવા યુવા ટ્રસ્ટ'ના શ્રી શંકરભાઈ વણકર.

# જાહેર સુનાવણીઃ પર્યાવરણના જતનનું નાટક - કેરળનો અનુભવ

કોઈ પણ ઔદ્યોગિક પરિયોજનાની સ્થાપના અગાઉ પર્યાવરણ પર તેની થનારી અસર સંભવિત અસરોનું મૂલ્યાંકન થાય અને તે નિવારવાના ઉપાયો વિચારાય તે માટે તથા લોકોની ભાગીદારી તેમાં વધે તે હેતુથી જાહેર સુનાવણીની કાનૂની જોગવાઈ કરાઈ છે. પરંતુ દેશભરમાં મહદંશે આવી જાહેર સુનાવણીઓ ફારસ અને નાટકરૂપ બની રહી છે. આ સંદર્ભમાં કેરળનો એક અનુભવ અહીં દર્શાવવામાં આવ્યો છે.

## પ્રસ્તાવના

ભારતમાં પર્યાવરણના રક્ષણ અને આર્થિક વિકાસ વચ્ચેનો ઝઘડો ઘણા સમયથી તીવ્ર બન્યો છે. પણ આર્થિક વિકાસ પર્યાવરણના રક્ષણની સાથે સાથે થવો જોઈએ એમ સ્વીકારાતું ગયું છે. ભારતમાં એને માટે કાનૂની જોગવાઈઓ પણ થઈ છે. એમાંની એક જોગવાઈ જાહેર સુનાવણી અંગેની છે. કોઈ પણ ઔદ્યોગિક પરિયોજના સ્થપાવાની હોય ત્યારે તેનું પર્યાવરણની દૃષ્ટિએ મૂલ્યાંકન થાય અને એ મૂલ્યાંકન લોકો સમક્ષ રજૂ થાય તથા લોકો પણ પોતાની રજૂઆત કરે એ આ જાહેર સુનાવણીનો હેતુ છે. એટલે ઉદ્યોગ ખરેખર સ્થપાય તે પહેલાં આવી જાહેર સુનાવણી થવી જ જોઈએ.

આ જાહેર સુનાવણી વાસ્તવમાં જાહેર સુનાવણી બનવી જોઈએ. તેનો ઈરાદો એ છે કે તેમાં તમામ હિતધારકો સામેલ થાય અને પર્યાવરણના રક્ષણ માટે ચિંતા કરે. સામાન્યતયા અત્યાર સુધી બનતું હતું તેમ ઉદ્યોગો આજે પણ આ જોગવાઈ હોવા છતાં પર્યાવરણની ચિંતા કરતા નથી. જાહેર સુનાવણી જાણે કે ખાનગી હેતુ પાર પાડવા માટે થતી હોય એવું લાગ્યા વિના રહેતું નથી.

૭૩મા અને ૭૪મા બંધારણ સુધારા દ્વારા પંચાયતો અને પાલિકાઓને ત્રીજા સ્તરની સરકાર બનાવાઈ છે તથા જાહેર સુનાવણી અંગેની જોગવાઈઓમાં તેમના અવાજને પ્રતિનિધિત્વ મળે તેવી વ્યવસ્થા કરવામાં આવી છે તેમ છતાં મોટે ભાગે તેમને અવગણવામાં જ આવે છે. જે તે રાજ્યનું પ્રદુષણ નિયંત્રણ બોર્ડ જાણે કે ઉદ્યોગો માટે કામ ના કરતું હોય! વાસ્તવમાં તેથી આવા બોર્ડના અસ્તિત્વના વાજબીપણા વિશે જ પાયાના સવાલો ઊભા થાય છે. આ રીતે આ જાહેર સુનાવણી કેવી ફારસરૂપ બની ગઈ છે તેનું એક ઉદાહરણ કેરળનું છે.

કેરળમાં 'સાયલન્ટ વેલી એચઈપી' પ્રોજેક્ટ અમલમાં મુકાવાનો છે. આ પ્રોજેક્ટ 'સાયલન્ટ વેલી નેશનલ પાર્ક'ને વિપરીત અસર કરે તેવી સંભાવના છે. પશ્ચિમ ઘાટની પર્વતમાળાનો આ વિસ્તાર નીલગિરિથી છવાયેલો છે, અને તે ગાઢ વનોથી આચ્છાદિત છે. ત્યાં જે 'પત્રક્કાદાવુ એચઈપી' પ્રોજેક્ટ ઊભો થઈ રહ્યો છે તેના સંદર્ભમાં ૨૧-૫-૨૦૦૪ના રોજ એક જાહેર સુનાવણી યોજવામાં આવી હતી. આ જાહેર સુનાવણી ખરેખર કેવી રીતે યોજાઈ તેનો ઘટનાક્રમ અહીં આપ્યો છેઃ

## જાહેર સુનાવણીનો ઘટનાક્રમ

**સવારે ૧૦-૦૦**

નિયત સ્થળે લોકો સુનાવણી માટે ભેગા થવા માંડ્યા. ચેરુમકુલમ શાળાના એક નાનકડા વર્ગખંડમાં ભાગ્યે જ ૫૦ માણસો બેસી શકે તેમ હતા.

**સવારે ૧૧-૦૦**

નાનો વર્ગખંડ માણસોથી ઉભરાઈ ગયો. વર્ગખંડની અંદર હતા તેના કરતાં વર્ગખંડની બહાર વધારે માણસો હતા. લગભગ ૫૦૦ જણા વર્ગખંડની બહાર હતા અને તેમાં હેઠવાસના વિસ્તારોના લોકો, વિજ્ઞાનીઓ, પર્યાવરણ જૂથોના અને સામાજિક આંદોલનો તથા માનવ અધિકાર જૂથોના કાર્યકર્તાઓ વગેરેનો સમાવેશ થતો હતો. સમગ્ર કેરળમાંથી લોકો ત્યાં આવ્યા હતા. સ્થાનિક ધારાસભ્યે માઈક હાથમાં લીધું અને તેમણે જાહેરાત કરી કે માત્ર મન્નારક્કડ અને કુમારમપુથુર પંચાયતોના લોકો જ જાહેર સુનાવણીમાં હાજરી આપી શકે છે અને બાકીના બધાએ આ સ્થળ છોડીને જતા રહેવું કારણ કે કાર્યવાહીના ધોરણનો ભંગ થાય છે. તરત જ વર્ગખંડની અંદર જે વિવિધ જૂથોના લોકો બેઠા હતા તેમને સૂત્રોચ્ચાર વચ્ચે બહાર કાઢવામાં આવ્યા.

**સવારે ૧૧-૪૫**

વિવિધ જૂથોના પ્રતિનિધિઓ સમિતિના સભ્યોને મળ્યા અને તેમણે તેમને વિનંતી કરી કે સુનાવણી વર્ગખંડની બહાર રાખવામાં આવે તો સારું કે જેથી બધા લોકોને તે અનુકૂળ પડે અને તેઓ પર્યાવરણીય અસર મૂલ્યાંકન (ઈઆઈએ) અનુસાર જાહેર સુનાવણીમાં ભાગ લઈ શકે. સમિતિના સભ્યો સાથે વિચાર-વિમર્શ કર્યા બાદ સમિતિના

અધ્યક્ષ સ્થળ બદલવા સંમત થયા. જો કે, તેને માટે પણ ગરમાગરમ ચર્ચા થઈ હતી અને તેમની નાખુશી દેખાઈ આવતી હતી. જો કે, કેરળ રાજ્ય વિદ્યુત બોર્ડ અને પર્યાવરણ અસર મૂલ્યાંકન (ઈઆઈએ) ટુકડીની રજૂઆતો પૂરી થાય પછી જ એ માટે સંમતિ અપાઈ. દરમ્યાન, સ્થાનિક ગ્રામજનો હોવાનો દાવો કરતા કેટલાક દારૂ પીધેલા લોકોએ વર્ગખંડની બહારના લોકો સાથે સીધી જ ધમાચકડી શરૂ કરી દીધી અને તેઓ બધા લોકો જતા રહે તેવી માગણી કરવા માંડ્યા. સામસામે દલીલબાજી અને સૂત્રોચ્ચાર ચાલતાં રહ્યાં અને કેરળ રાજ્ય વિદ્યુત બોર્ડના અધિકારીઓ જોતા રહ્યા.

**સવારે ૧૧-૨૦**

જાહેર સુનાવણી શરૂ થઈ. કેરળ રાજ્ય વિદ્યુત બોર્ડ અને પર્યાવરણ અસર મૂલ્યાંકન (ઈઆઈએ)ની ટુકડીને રજૂઆત માટે ૩૦ મિનિટ આપવામાં આવી. પરિયોજનાનો વિરોધ કરનારા જે લોકો બોલવા માગતા હતા તેમને વર્ગખંડના પ્રવેશદ્વારે જ અટકાવી દેવાયા અને તેમને તેમની રજૂઆત માટે અંદર જવા દેવાયા નહિ. પોલિસ બધો તમાશો જોતી રહી. એક કલાક સુધી એ રજૂઆત ચાલી.

**બપોરે ૧૨-૨૦**

અગાઉ વચન અપાયું હતું તે મુજબ ન થયું. સ્થળ બદલાયું નહિ અને સમિતિએ લોકોને નિમંત્રણ આપ્યું. પરિયોજનાનો વિરોધ કરનારા લોકોને પણ બોલવા દેવાશે એવું સમિતિએ જાહેર કર્યું કે તરત જ તથાકથિત 'સ્થાનિક ગ્રામજનો'એ શોરબકોર મચાવી દીધો. કેરળના જુદા જુદા ભાગોમાંથી પરિયાજનાનો વિરોધ કરતી ૪૩ રજૂઆતોની યાદી સમિતિને સોંપવામાં આવી. પરિયોજનાની તરફેણમાં થોડાક લોકો બોલી ગયા પછી પરિયોજનાનો વિરોધ કરતા પ્રથમ વક્તાએ બોલવાનું શરૂ કર્યું. અંધાધૂંધ ટોળાએ સૂત્રોચ્ચાર કર્યો અને કોઈકે તેમના હાથમાંથી માઈક પણ ઝૂંટવી લીધું. પોલિસે દરમ્યાનગીરી કરી અને ટોળાને અંકુશમાં લીધું. સમિતિએ આ ધમાલ જોયા કરી. તે કોઈ પગલું ભરતી નથી. બીજા વક્તાને પણ બોલવા દેવાયા નહિ. પરિયોજનાની તરફેણમાં બીજા થોડાક લોકોને બોલવા દેવાયા બાદ સમિતિએ વિખ્યાત કવિ સુશ્રી સુગતાકુમારીને રજૂઆત માટે નિમંત્રણ આપ્યું. તેઓ ૧૯૭૦ના દાયકામાં 'શાંત ખીણ બચાવ ઝુંબેશ'માં સક્રિય રીતે સામેલ હતાં. ટોળાએ ફરી એક વાર તોફાન કર્યું અને મંચ પર ધસી ગયું અને તેમને પરિયોજનાના વિરોધમાં બોલવા દેવાયાં નહિ.

**બપોરે - ૧૨-૪૫**

કેરળના એક અગ્રણી સાંસ્કૃતિક નેતાનું આ રીતે અપમાન થયું તે પછી જિલ્લા કલેક્ટર પ્રવેશ્યા. કલેક્ટર પોતે સમિતિના સભ્ય હતા તેમ છતાં તેમણે નાયબ કલેક્ટરને મોક્લ્યા હતા. સુશ્રી સુગતાકુમારી તેમની રજૂઆત પૂરી કરવા દેવાઈ નહિ અને પોલિસ રક્ષણ હેઠળ તેમને વર્ગખંડની બહાર લવાયાં. વાણી સ્વાતંત્ર્યના અધિકારના ભંગ સબબ કલેક્ટરને ફરિયાદ કરવામાં આવી. કલેક્ટરે દરમ્યાનગીરી કરી અને સમિતિના અધ્યક્ષને પરિયોજનાનો વિરોધ કરનારાને પણ બોલાવવા જણાવ્યું. અધ્યક્ષના મંચ પરથી રજૂઆત કરવા માગતા ૪૩ જણાની યાદી ગૂમ થઈ ગઈ. કલેક્ટર દ્વારા જે ત્રણ જણાને પરિયોજનાના વિરોધમાં રજૂઆત કરવા માટે નિમંત્રણ અપાયું તેમનું કલેક્ટરની સામે જ અપમાન કરાયું. તેમની સાથે ગાળાગાળી કરાઈ.

**બપોરે ૧-૦૦**

જિલ્લા કલેક્ટર હતાશ થઈને જતા રહે છે.

**બપોરે ૧-૩૦**

પરિયોજનાની તરફેણમાં કેટલીક રજૂઆતો ફરી એક વાર થવા દીધી પછી સમિતિના અધ્યક્ષે સુનાવણી બંધ કરી દીધી. એ બાબત અગત્યની છે કે જ્યારે પરિયોજનાનો વિરોધ કરતી ૩૮ જણાની રજૂઆતો બાકી રહી ગઈ, ત્યારે સુનાવણી માટે કુલ એક કલાકનો સમય જ ફાળવવામાં આવ્યો હતો. 'સલીમ અલી પ્રાકૃતિક જતન કેન્દ્ર'ના નિયામક ડૉ. વી. એસ. વિજયન અને 'કેરળ વન સંસોધન સંસ્થાન'ના ડૉ. શંકર જેવા વિખ્યાત વિજ્ઞાનીઓએ આ શાંત ખીણ અંગે અભ્યાસો કર્યા છે. તેમને પણ બોલવા દેવાયા નહિ. 'ભરતપૂજા રિવર પ્રોટેક્શન કાઉન્સિલ'ના પ્રમુખ શ્રી ઈંદનૂર ગોપીને પણ તેમની રજૂઆત કરવા દેવાઈ નહિ. પોલિસે બળજબરીપૂર્વક એકત્ર થયેલા લોકોને વિખેરી નાખ્યા. પરિયોજનાનો વિરોધ કરનારા કેટલાક લોકોની સાથે ધક્કામુક્કી થઈ અને કાર્યક્રમ પૂરો થઈ ગયા પછી પણ તેમની સાથે ગાળાગાળી થઈ.

## ઉપસંહાર

ઉપરોક્ત ઘટનાક્રમ એમ દર્શાવે છે કે તા.૨૧-૫-૨૦૦૪ના રોજ આ જે જાહેર સુનાવણી યોજાઈ તે પર્યાવરણ અંગેના કાયદાનો અને માનવ અધિકારોનો ખુલ્લંખુલ્લા ભંગ છે. વાસ્તવમાં, એને જાહેર સુનાવણી કહી શકાય જ નહિ. એટલે તે વખતે જેઓ એકત્ર થયા હતા તે તમામ સંબંધિત લોકોએ ઉપરોક્ત જાહેર સુનાવણી રદ કરવાની અને નવેસરથી જાહેર સુનાવણી યોજવાની માગણી કરી છે. સર્વગ્રાહી પર્યાવરણ અસર મૂલ્યાંકન પારદર્શી રીતે અને સહભાગી રીતે થાય પછી જ આવી જાહેર સુનાવણી યોજાય તેવી માગણી પણ કરવામાં આવી છે. જાહેર સુનાવણી યોજવાની જવાબદારી 'કેરળ રાજ્ય પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ'ની છે. તે તેણે યોગ્ય રીતે યોજી નથી એ સ્પષ્ટ છે.

# સાંપ્રત પ્રવાહ

## સનદ અને બાંધકામ માહિતી મેળો

'ઉન્નતિ'ને ભૂંકપ બાદના પુનર્વસનની પ્રક્રિયાના સંકલનના સંદર્ભમાં એમ જણાયું કે બાંધકામના પેટા કાયદાઓ અને જીએસડીએમએની માર્ગરેખાઓ, લેવામાં આવતા પૈસા અને પ્રક્રિયા બાબતે સ્પષ્ટતાઓની જરૂર છે કે જેથી કરાર અંગેની કામગીરી અને કાયદેસરતાની કામગીરી ઝડપથી થઈ શકે. આ સંદર્ભમાં ૧૭મી જુન, ૨૦૦૪ના રોજ સનદ અને બાંધકામ માહિતી મેળો ભચાઉમાં 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા યોજવામાં આવ્યો. તેમાં ૧૦૦ મહિલાઓ સહિત આશરે ૩૫૦ નાગરિકોએ હાજરી આપી હતી. કચ્છના જિલ્લા વિકાસ અધિકારી શ્રી હરિત શુક્લ અને 'ભાડા'ના વડા વહીવટી અધિકારી શ્રી કે. કે. દુધાત તથા મકાનોને મજબૂત કરવાના કાર્યમાં સામેલ તમામ બિન-સરકારી સંગઠનોના પ્રતિનિધિઓ પણ હાજર રહ્યા હતા. સત્તાવાળાઓ અને લોકો વચ્ચે સીધો સંવાદ ઊભો થયો હતો. લોકોના પ્રશ્નો અને ગૂંચવાડાના જવાબ સત્તાવાળાઓએ આપ્યા હતા. તેમાં જે મુખ્ય મુદ્દા ઉપસ્થિત થયા તે નીચે મુજબ છેઃ

(૧) જેમને ઝૂંપડા માટે રૂ. ૭૦૦૦ નું વળતર મળ્યું છે તેમને જમીનની કાયદેસરતા માટેના કાર્યમાં સમાવવામાં આવશે. તેમણે જમીનની કિંમત ચૂકવવી પડશે અને તેમને ૫૦ ચો.મી. જમીન આપવામાં આવશે. 'ઉન્નતિ' આવાં ગરીબ પરિવારો માટે ઘરોનું બાંધકામ કરશે.

(૨) લગભગ ૫૫૦ પરિવારોને રૂ. ૫૫,૦૦૦ કરતાં ઓછું વળતર પ્રાપ્ત થયું છે. આ રકમમાંથી જમીનનું ખર્ચ અને મકાનને ફરી મજબૂત બનાવવાનું ખર્ચ કાઢી શકાય તેમ નથી. સત્તાવાળાઓએ એમ જાહેર કર્યું છે કે વળતરની રકમ વધારીને આટલી કરાશે. હવે કાનૂની રીતે જમીન નહિ ધરાવતાં ૧,૭૬૭ પરિવારોને પણ વળતર મળશે.

(૩) ભેદભાવો અને એકાકી નારીઓ સંબંધી પ્રશ્નો પણ ઊભા થયા. તેઓ જમીનનું ખર્ચ ચૂકવી શકે તેમ નથી. સત્તાવાળાઓએ તેમને સહાય કરવાની ખાતરી આપી.

(૪) અનેક કિસ્સાઓમાં ઘણાં પરિવારોએ નવા રસ્તા બનવાને લીધે પોતાના ઘર ગુમાવ્યાં છે અને તેમને પેકેજ અનુસાર વળતર મળ્યું નથી. 'ભાડા'એ સ્પષ્ટતા કરી કે જો આવાં પરિવારો કાનૂની માન્યતા ધરાવતી જમીન પર જશે તો અને તેમની પાસે નિવાસના દસ્તાવેજો હશે તો તેમને રૂ. ૫૫,૦૦૦ નું વળતર પ્રાપ્ત થશે.

(૫) ઘણા લોકોએ એવી ફરિયાદ કરી કે તેમણે જમીન માટે પૈસા ચૂકવી દીધા છે તેથી તેમને જમીનની સનદ ક્યારે મળશે. સત્તાવાળાઓએ એવી માહિતી આપી કે કલેક્ટરે યાદી મંજૂર કરી છે અને મામલતદારની કચેરી આ અંગેની કાર્યવાહી કરી રહી છે.

(૬) કેટલાક લોકોએ જો તેઓ મોટું ઘર બાંધવા માગતા હોય તો કેવી રીતે તેને નિયમિત કરી શકાય તેવું પૂછ્યું હતું. આ સંદર્ભમાં એવી સ્પષ્ટતા કરવામાં આવી કે 'ભાડા' અને જીએસડીએમએ દ્વારા નક્કી કરાયેલાં ધોરણો તથા કાયદાઓ અનુસાર તો બાંધકામ થવું જ જોઈએ.

(૭) સત્તાવાળાઓએ એવી જાહેરાત કરી કે જમીન કાયદેસરની કરવા માટે લગભગ ૩૦૦ જેટલા મુસ્લિમ લાભાર્થીઓ માટે 'મુસ્લિમ રાહત સમિતિ'એ રૂ. ૧૦,૦૦૦ ચૂકવવા પડશે.

## 'ચલો ચલે સ્કૂલ'

'બાલ સંસદ' નામના એક સામાજિક સંગઠન દ્વારા અમદાવાદમાં ગોમતીપુર ખાતે વીર ભગતસિંહ હોલમાં તા. ૨૮ જુન, ૨૦૦૪ના રોજ 'ચલો ચલે સ્કૂલ' કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. આ કાર્યક્રમના પ્રમુખ સ્થાને ગુજરાતના રાજ્યપાલ શ્રી કૈલાસપતિ મિશ્રા હાજર રહ્યા હતા. આ સંગઠનમાં ૨૪ શાળાઓ અને ૯ બિન-સરકારી સંગઠનો સભ્યો છે. આ કાર્યક્રમનો હેતુ મુખ્ય પ્રવાહના શિક્ષણમાં બાળકો અધવચ્ચે શાળા છોડી દે છે તેમને પરત શાળામાં લાવવાનો હતો. ૫ વર્ષથી ઉપરની વયનાં તમામ બાળકો શાળાએ જાય અને શાળામાં ટકી રહે તે તેનો ઉદ્દેશ રહ્યો છે. સ્થાનિક મ્યુનિસિપલ શાળાઓનાં બાળકોએ આ કાર્યક્રમમાં ઉત્સાહભેર ભાગ લીધો હતો. ઉપરાંત, સ્થાનિક ધારાસભ્ય અને ૨૪ જેટલી ખાનગી અને મ્યુનિસિપલ શાળાના શિક્ષકો તથા કોર્પોરેટરોએ કાર્યક્રમને સફળ બનાવ્યો હતો. 'કામદાર સ્વાસ્થ્ય સુરક્ષા મંડળ'ના પ્રમુખ શ્રી હૌસલાપ્રસાદ મિશ્રા

અને 'જનપથ'ના શ્રી હરિણેશ પંડ્યા વગેરેએ આ કાર્યક્રમમાં આરંભથી જ રસ લીધો હતો.

જુદી જુદી શાળાઓના વિદ્યાર્થીઓએ તેમના અનુભવો દર્શાવ્યા હતા. કામે જતા બાળ મજૂરો પણ તેમાં હાજર રહ્યા હતા અને તેમણે તેમની સમસ્યાઓની રજૂઆત કરી હતી. છોકરીઓ શાળાએ જાય તે માટે ખાસ પ્રયત્ન કરવાનું નક્કી કરાયું હતું. બાળકો માટે શિક્ષણનો અધિકાર અને નિરક્ષરતા નિવારણ તથા નાગરિકોનું શિક્ષણ વગેરે મુદ્દાઓ પર આ કાર્યક્રમમાં ભાર મુકાયો હતો.

### બૈજિંગ +૧૦ : સિદ્ધિઓ અને પડકારો

ચીનમાં ૧૯૯૫માં બૈજિંગ ખાતે ચોથી વિશ્વ મહિલા પરિષદ મળી હતી. તેના સંદર્ભમાં વીતેલા એક દાયકામાં શું સિદ્ધ થયું અને શા પડકારો છે તેની ચર્ચા હવે કરવામાં આવી રહી છે. તે માટે 'બૈજિંગ +૧૦ - કાર્ય માટેના બૈજિંગ મંચ માટેની સમીક્ષાનો દાયકો' હેઠળ સમીક્ષા થઈ રહી છે. ૧૯૯૫ની પરિષદમાં ૧૮૯ દેશોએ ભાગ લીધો હતો અને સરકારોએ 'કાર્ય માટેના મંચ' (પ્લેટફોર્મ ફોર એકશન)ને ટેકો આપ્યો હતો. માર્ચ-૨૦૦૫માં 'સંયુક્ત રાષ્ટ્રો' (યુનાઈટેડ નેશન્સ - યુએન)ના 'મહિલા સ્થિતિ પંચ'ની બેઠક મળી રહી છે અને ત્યારે બૈજિંગની ઘોષણાના અમલનું મૂલ્યાંકન કરવામાં આવશે. બૈજિંગની પરિષદના પાંચ વર્ષ પછી 'સંયુક્ત રાષ્ટ્રો'ની સામાન્ય સભાની જે ૨૩મી બેઠક મળી હતી તેના નિર્ણયો વિશે પણ ચર્ચા થશે.

મહિલાઓની અને છોકરીઓની સક્ષમતા અને પ્રગતિ માટેની વ્યૂહરચનાઓ અને વર્તમાન પડકારો આ ચર્ચાના મુખ્ય મુદ્દાઓ છે. આ અંગે ભારતમાં એક રાષ્ટ્રીય વિમર્શ સભા મળી ચૂકી છે. તેમાં ૮૦ સહભાગીઓ હાજર રહ્યા હતા. તેમાં નીચે મુજબના મુદ્દાઓની ચર્ચા થઈ હતીઃ

(૧) વૈશ્વિકીકરણને કારણે મહિલાઓ અને છેવાડે ફેંકાઈ ગયેલાઓના પાયાના અધિકારોનો ઈન્કાર.

(૨) ખાનગીકરણ અને ઉદારીકરણને પરિણામે મહિલાઓની ઔપચારિક ક્ષેત્રમાંથી અનૌપચારિક ક્ષેત્ર તરફની ગતિ. મહિલાઓની કામની ગતિમાં ઘટાડો અને કામના સ્થળે સતત વધતી હિંસા.

(૩) તકોના અભાવ અને રાજ્યના દમનને લીધે સક્ષમ બનેલી મહિલાઓ મૂળમાંથી ઊખડી રહી છે.

(૪) સશસ્ત્ર સંઘર્ષ, કોમી તનાવ, જ્ઞાતિગત સંઘર્ષો જેવી સંઘર્ષની સ્થિતિ અને તેમાં ગંભીરતા વધી.

(૫) સંઘર્ષો, જોખમો અને સ્થળાંતરને લીધે આંતરિક સ્થળાંતર અને વિસ્થાપનથી ઊભાં થતાં ગરીબી, બેકારી, ભૂખમરો અને અનારોગ્ય. પાણી, આવાસ અને શિક્ષણના પાયાના અધિકારોનો ઈન્કાર.

(૬) મહિલાઓના પ્રશ્નો વિશેની માહિતી ઉપર દેખરેખની માહિતીનો અભાવ.

(૭) આરોગ્ય અને શિક્ષણ જેવી પાયાની સવલતોનું વ્યાપારીકરણ અને ખાનગીકરણ થવાથી ગરીબોની પહોંચની બહાર.

(૮) સ્ત્રી ભ્રૂણ હત્યા, એસિડ ફેંકવો, સામૂહિક બળાત્કાર, તેને ડાકણ બનાવવી વગેરે જેવાં સ્વરૂપોએ સ્ત્રીઓ સામેની હિંસામાં વધારો.

(૯) સ્ત્રીઓની માનવ અધિકારોના ભોગવટાના સંદર્ભમાં અસહાયતા.

(૧૦) ભારત સરકારનાં વચનોના અમલ માટેનું તંત્ર ગોઠવવું અને તેના પર દેખરેખ રાખવી.

## આગામી કાર્યક્રમ

### આરોગ્ય સંભાળના અધિકાર વિશે જાહેર સુનાવણી

આરોગ્ય સંભાળના અધિકારને પાયાનો માનવ અધિકાર ગણવામાં આવે તે માટે 'જન સ્વાસ્થ્ય અભિયાન' દ્વારા રાષ્ટ્રીય સ્તરે એક ઝુંબેશ ચલાવવામાં આવે છે. ઈ.સ. ૨૦૦માં વિવિધ બિન-સરકારી સંગઠનો, કર્મશીલો, વ્યક્તિઓ, વ્યવસાયીઓ અને નિષ્ણાતો આ ઝુંબેશના ભાગરૂપે એકત્ર થયા. આ વિષય વિશે નવેમ્બર-૨૦૦૦માં રાજ્ય સ્તરે એક જન સ્વાસ્થ્ય સભા યોજવામાં આવી હતી. તેમાં આ પ્રશ્ન ઉપર ધ્યાન કેન્દ્રિત કરવામાં આવ્યું હતું. ૨૦૦૦ની સાલ સુધીમાં 'સૌને માટે આરોગ્ય'નું ધ્યેય સિદ્ધ કરવામાં જે નિષ્ફળતા મળી તેનાં કારણોની પણ તેમાં તપાસ કરવામાં આવી હતી.

'રાષ્ટ્રીય માનવ અધિકાર પંચ' (એનએચઆરસી) 'જન સ્વાસ્થ્ય અભિયાન' સાથેના સહયોગમાં દેશના પાંચ પ્રદેશોમાં આરોગ્ય સંભાળના અધિકાર વિશે જાહેર સુનાવણી યોજી રહ્યું છે. છેવટે દિલ્લીમાં તેની રાષ્ટ્રીય સુનાવણી યોજાશે. પશ્ચિમ ભારતની આવી સુનાવણી ૨૯મી જુલાઈ, ૨૦૦૪ના રોજ ભોપાલમાં યોજાશે. તેમાં મહારાષ્ટ્ર, ગોવા, મધ્ય પ્રદેશ, રાજસ્થાન અને ગુજરાત રાજ્યોની સ્થિતિ વિશે રજૂઆત થશે. સુનાવણી દરમ્યાન દરેક રાજ્યના આરોગ્ય સચિવ ઉપસ્થિત રહે અને જે તે રાજ્યની રજૂઆતના સંદર્ભમાં પોતાનો પ્રતિભાવ આપે તેવી અપેક્ષા છે.

ગુજરાતમાં અનેક સંગઠનો આ પ્રક્રિયામાં સામેલ થયાં છે. તે પ્રક્રિયા નીચે મુજબની રહી છેઃ

- મૃત્યુ કે શારીરિક નુકસાન કે નાણાકીય હાનિ તરફ દોરી જાય તે રીતે આરોગ્ય સંભાળનો ઈન્કાર કરાયો હોય તેવા કેસોનું દસ્તાવેજીકરણ.
- પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, પેટા કેન્દ્રો, આંગણવાડી વગેરેની સ્થિતિનો અહેવાલ તૈયાર કરવો.
- ૩જી જુન, ૨૦૦૪ના રોજ પંચમહાલ અને દાહોદના કેસોની જનસુનાવણી દેવગઢ બારિયા ખાતે યોજાઈ.
- રાજ્યની આરોગ્યની નીતિ અને તળ વાસ્તવિકતા વિશે રજૂઆત.

ઉપરોક્ત સુનાવણીમાં દરેક રાજ્યમાંથી ૧૦ કેસ રજૂ થશે અને દરેક રાજ્યમાંથી ૨૫ નિરીક્ષકો હશે. વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ email : neetahardlkar@rediffmail.com

## સ્વૈચ્છિક સંસ્થાઓમાં સંસ્થા સંચાલન વિશે પ્રશિક્ષણ

'સહભાગી શિક્ષણ કેન્દ્ર' ક્ષેત્રીય તેમ જ ગ્રામ સ્તરીય સ્વૈચ્છિક વિકાસ સંગઠનો તેમ જ તેમના કાર્યકર્તાઓના ક્ષમતા વર્ધન માટે ટૂંકા અને લાંબા ગાળાના શિક્ષણ અને પ્રશિક્ષણ કાર્યક્રમોનું આયોજન કરે છે. ક્ષમતા વર્ધનના કાર્યક્રમો ઉપરાંત સ્વૈચ્છિક સંગઠનોના સંગઠનાત્મક વિકાસ માટે આવશ્યક સલાહ તેમ જ સહયોગ આપવાં અને પંચાયતોના ક્ષમતા વર્ધન માટે સ્વૈચ્છિક સંગઠનોને શૈક્ષણિક સહયોગ આપવો એ કેન્દ્રનું મુખ્ય કાર્ય છે. છેલ્લા કેટલાક દાયકાઓમાં સ્વૈચ્છિક સંસ્થાઓની હાજરી, તેમની કાર્ય પદ્ધતિ, સ્વરૂપ, ઓળખ, સિદ્ધાંતો વગેરે ઘણા અગત્યના મુદ્દે રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય સ્તરે ચર્ચા થતી રહી છે. સંસ્થાઓની વધતી ઓળખ, ઉપલબ્ધ સંસાધનો, પડકારો તથા પ્રકારોમાં આવી રહેલાં પરિવર્તનોને લીધે આજે દરેક સ્તરે સંસ્થાગત સંચાલનની વાત કરવામાં આવે છે, અને તેની અનિવાર્યતા જણાય છે.

આ હેતુની પરિપૂર્તિ માટે સંસ્થા સંચાલન વિશે એક પ્રશિક્ષણ કાર્યક્રમનું આયોજન ૯થી ૧૩, ઓગસ્ટ, ૨૦૦૪ દરમ્યાન લખનૌમાં 'સહભાગી શિક્ષણ કેન્દ્ર' ખાતે કરવામાં આવ્યું છે. ૧૫મી જુલાઈ, ૨૦૦૪ સુધીમાં તેનું નોંધણી પત્રક ભરીને મોકલવું. 'વહેલો તે પહેલો'ના ધોરણે તેમાં પ્રવેશ મળશે. સંપર્કઃ 'સહભાગી શિક્ષણ કેન્દ્ર', સહભાગી રોડ, પોલિસ ફાયર સ્ટેશન પાછળ, છઠ્ઠા મીલ, સીતાપુર રોડ, લખનૌ - ૨૨૭ ૦૦૮. ફોનઃ ૦૫૨૧૨-૨૯૮૦૦૪-૬, ૨૯૧૨૯૯. ફેક્સઃ ૦૫૨૧૨-૨૯૮૦૦૩. ઈમેલઃ info@sabhagi.org

## વૈશ્વિક લોકશાહીઃ નાગરિક સમાજ-દૃષ્ટિ અને વ્યૂહરચનાઓ

'મોન્ટ્રિયલ ઈન્ટરનેશનલ ફોરમ' દ્વારા ઉપરોક્ત વિષય વિશે એક આંતરરાષ્ટ્રીય પરિષદનું આયોજન ૨૯મી મે, ૨૦૦૫થી ૧ જુન, ૨૦૦૫ દરમ્યાન કરવામાં આવ્યું છે. આ પરિષદ 'વૈશ્વિક શાસન ૨૦૦૫' તરીકે ઓળખાશે. 'મોન્ટ્રિયલ ઈન્ટરનેશનલ ફોરમ' એ એક આંતરરાષ્ટ્રીય બિન-સરકારી સંગઠન છે તેનો હેતુ બહુપક્ષીય સંસ્થાઓ ઉપર નાગરિક સમાજઅને ના કર્તાઓનો પ્રભાવ વધારવાનો છે. નાગરિક સમાજ અને બહુપક્ષીય વ્યવસ્થા વચ્ચે સંવાદ વધે તથા સક્રિયપણે પરસ્પર શીખ ઊભી થાય તે માટે ચિંતન કરવાની મોકળાશ આ સંગઠન આપે છે.

ઉપરોક્ત પરિષદના ત્રણ હેતુઓ છેઃ (૧) વૈશ્વિક લોકશાહી વિશે વિવિધ દૃષ્ટિઓની અભિવ્યક્તિ કરવી. (૨) વૈશ્વિક લોકશાહી સિદ્ધ કરવા માટે જરૂરી વ્યવહારુ વ્યૂહરચનાઓ ઓળખવી અને તેમની પ્રાથમિકતા નક્કી કરવી. (૩) વૈશ્વિક લોકશાહી સિદ્ધ કરવા માટેના સહિયારા પ્રયાસોને મજબૂત કરવાનું વલણ અખત્યાર કરવું.

આ પરિષદમાં ૭૦૦ સહભાગીઓ ભાગ લે તેવી શક્યતાઓ છે તેમાં નીચેના મુદ્દાઓની ચર્ચા થશેઃ

(૧) નાગરિક સમાજ અને નાગરિકોની ભાગીદારી, તકો અને જવાબદારીઓ. (૨) આંતરરાષ્ટ્રીય સંધિઓની શ્રેણીઓઃ મૂલ્યોની શ્રેણીઓ? (૩) સરકારો, પ્રદેશો, પ્રાદેશિક જૂથોઃ નાગરિક સમાજની ભાગીદારી, બદલાતી પ્રાદેશિક પ્રાથમિકતાઓ. (૪) સાંસ્કૃતિક ઓળખ અને નાગરિકત્વઃ વૈશ્વિક એકતામાં વૈવિધ્યની જાળવણી. (૫) વૈશ્વિક સલામતીઃ લોકશાહી સામે ખતરો? (૬) વૈશ્વિક અર્થતંત્રનું સંચાલનઃ મુક્ત વ્યવસ્થા કે લોકશાહી ઢબે નિયમન?

વધુ વિગતો માટે સંપર્ક સાધોઃ ગ્લોબલ ગવર્નન્સ ૨૦૦૫, મોન્ટ્રિયલ ઈન્ટરનેશનલ ફોરમ, ૪૦૭, રુ-મેકગિલ, બ્યૂરો ૮૦૦, મોન્ટ્રિયલ, ક્યુબેક, કેનેડા-એચ૨વાય ૨જી૩. ફોનઃ ૫૧૪-૪૯૯-૯૪૬૮. ઈમેલઃ g05@fimcivilsociety.org

# સંદર્ભ સાહિત્ય

## નગરપાલિકા માર્ગદર્શિકા

૭૪મા બંધારણીય સુધારાએ ભારતમાં પાલિકાઓને શહેરી સ્વશાસન માટેની સંસ્થાઓ બનાવી છે. આ પાલિકાઓને સ્થાનિક સ્વરાજની શહેરી સંસ્થાઓ તરીકે મજબૂત બનાવવાની જરૂર છે. આ માટે આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થાય તેમ છે. ૭૪મા બંધારણીય સુધારા પછી ૧૯૯૩ના ગુજરાત ધારા નં.૧૭ અને ૧૯૯૪ના ધારા નં.૧૫થી ગુજરાત નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩માં કેટલાક સુધારા કરવામાં આવ્યા છે. આ સુધારા સહિત તમામ ૨૮ સુધારાની બાબતોને ધ્યાનમાં લઈને આ પુસ્તકમાં માહિતી આપવામાં આવી છે. પુસ્તકમાં ત્રણ વિભાગો છેઃ (૧) નગરપાલિકા અધિનિયમ-૧૯૬૩ની વિવિધ જોગવાઈઓ અને આનુષંગિક બાબતો વિશે માર્ગદર્શન. (૨) પાલિકા કે પંચાયતના ઉમેદવારો, હોદ્દેદારો, અધિકારીઓ, કર્મચારીઓ અને જાગૃત નાગરિકો તેમ જ શહેરની સંસ્થાઓ માટે જાણકારી. (૩) અન્ય જાણકારી.

પ્રથમ વિભાગમાં શહેરી સ્થાનિક સ્વરાજ્યની સંસ્થાઓનો ટૂંકો ઈતિહાસ અને ૭૪મા બંધારણીય સુધારાના મહત્ત્વના મુદ્દા આપી નગરપાલિકાની રચના અને તેનાં કાર્યો વિશેની મહિતી આપવામાં આવી છે. તેમાં સભ્યપદ માટેની લાયકાત અને ગેરલાયકાત, નગરપાલિકાની રચના, અનામત, મુદત, નગરપાલિકાની સત્તાઓ, સમિતિઓ, સંસાધનો અને મિલકત, અનુદાન, અંદાજપત્ર, ખર્ચ અને ઓડિટ, સભા સંચાલન, હોદ્દેદારોનાં ફરજો અને જવાબદારીઓ વગેરેની માહિતીનો સમાવેશ થાય છે. બીજા વિભાગમાં શહેરી વિકાસ માટેની વિવિધ યોજનાઓની માહિતી આપવામાં આવી છે. તેમાં વાજપેયી નગરવિકાસ યોજના, સુવર્ણ જયંતિ શહેરી રોજગાર યોજના, સ્વચ્છ નગર યોજના વગેરેનો સમાવેશ થાય છે. ઉપરાંત, આ વિભાગમાં નગરપાલિકા કે નગર પંચાયતના વહીવટમાં ઉપયોગી એવી કેટલીક સરકારી અને બિન-સરકારી સંસ્થાઓનો પરિચય આપવામાં આવ્યો છે. તેમાં શહેરી વિકાસ અને શહેરી ગૃહનિર્માણ વિભાગ, રાજ્ય ચૂંટણી પંચ, રાજ્ય નાણાં પંચ, નગરપાલિકા કચેરીના નિયામક, ગુજરાત મ્યુનિસિપલ ફાયનાન્સ બોર્ડ, ગુજરાત નગરપાલિકા પરિષદ વગેરેનો સમાવેશ થાય છે. ત્રીજા વિભાગમાં શહેરી સ્વશાસન માટે ઉપયોગી એવી અન્ય માહિતી આપવામાં આવી છે. તેમાં નાગરિક અધિકાર પત્ર, નાગરિક સુવિધા કેન્દ્ર, નગરપાલિકા અધિનિયમ હેઠળ જાહેર થયેલા નિયમો અને જાહેરનામાંઓ, નાગરિક સંરક્ષણ, કચરા નિકાલની પદ્ધતિ વગેરે વિશેની માહિતીનો સમાવેશ થાય છે. નગરપાલિકામાં પ્રતિનિધિ બનતા લોકો, સામાન્ય નગરજનો અને શહેરી સ્વશાસન ક્ષેત્ર કામ કરતાં બિન-સરકારી સંગઠનો સૌને આ પુસ્તક ખૂબ જ ઉપયોગી થાય તેમ છે. લેખકોઃ શ્રી રમેશ મ. શાહ અને સુરેશચંદ્ર બી. સોની. પ્રકાશકઃ ઓલ ઇન્ડિયા ઈન્સ્ટિટ્યુટ ઓફ લોકલ સેલ્ફ ગવર્મેન્ટ, વિદ્યાગૌરી નીલકંઠ માર્ગ, ખાનપુર, અમદાવાદ-૧. ફોનઃ ૨૫૬૦-૧૨૯૬. ફેક્સઃ ૨૫૬૦૧૮૩૫, પૃષ્ઠઃ ૧૫૬. કિંમતઃ રૂ. ૧૦૦.

## ન્યાયના ત્રાજવામાં સ્ત્રીઓ

આ પુસ્તિકામાં સ્ત્રીઓના કાનૂની અધિકારો અને તેમની ફરિયાદોના નિવારણની જોગવાઈએ વિશે રજૂઆત કરવામાં આવી છે. તેમાંનાં પ્રકરણો આ મુજબ છેઃ (૧) સ્ત્રીના અત્યાચાર-વિરોધી હકો. (૨) સ્ત્રીઓને લગતા પોલિસ બાબતના અધિકારો. (૩) મહિલા અત્યાચારના અસામાન્ય કિસ્સામાં કાયદાની અસરકારકતા માટે સલાહકારની સજ્જતા. (૪) સ્ત્રીઓના વારસાધિકારો. (૫) કેટલાક કાયદાકીય શબ્દોની સરળ સમજૂતી.

પ્રથમ પ્રકરણમાં ભારતીય દંડ સહિતાના સંદર્ભે જુદી જુદી કલમો અનુસાર સ્ત્રીઓના શા અધિકારો છે તે દર્શાવવામાં આવ્યું છે. તેમાં દહેજ મૃત્યુ, આપઘાતનું દુષ્પ્રેરણ, ગર્ભપાત, સ્ત્રીની આબરૂ લેવાના ઈરાદાથી તેના ઉપર હુમલો કરવો, લગ્ન કરવાની ફરજ પાડવા અપહરણ કરવું, વેશ્યાવૃત્તિ માટે સગીર બાળાને વેચવી, બળાત્કાર, ગુનાનો ભોગ બનેલી વ્યક્તિની ઓળખ, ફરીથી લગ્ન, કપટપૂર્વકની લગ્નવિધિ, સ્ત્રીની લાજ લેવાના ઈરાદાથી ઉચ્ચારાયેલા શબ્દો કે ચેષ્ટા કે કૃત્ય વગેરેના સંદર્ભમાં ગુનેગારને શું સજા થઈ શકે છે તેને વિશેની માહિતી અપાઈ છે. ક્યાંક સ્પષ્ટીકરણ અને નોંધ દ્વારા ખુલાસા પણ કરાયા છે. અને ક્યાંક બીજા કેટલાક કાયદા હેઠળ શી જોગવાઈઓ છે તેનો પણ ઉલ્લેખ કરાયો છે. બીજા પ્રકરણમાં ફોજદારી કાર્યવાહી અધિનિયમ-૧૯૭૩ હેઠળ ધરપકડ, જામીન, પોલિસ કસ્ટડી વગેરે વિશેની માહિતી અપાઈ છે અને ફરિયાદ નોંધાવવા વિશે શી કાર્યવાહી થઈ શકે અને કેવી રીતે થઈ શકે તેની માહિતી અપાઈ છે. ઉપરાંત, ફોજદારી કાર્યવાહી અધિનિયમ-૧૯૭૩ અન્વયે સર્ચ વોરંટ અને અપહરણ કરાયેલી સ્ત્રીને પાછી સોંપવાની કાર્યવાહી વિશેની જોગવાઈઓની નોંધ આપવામાં આવી છે. ત્રીજા પ્રકરણમાં સ્વતંત્ર રીતે કે સ્વૈચ્છિક સંસ્થાઓમાં સ્ત્રીઓના અત્યાચારોના કિસ્સાના

સંદર્ભે જે સલાહકારો કામ કરે છે તેમણે કેવી રીતે સજ્જ થવું જોઈએ એને વિશેના મુદ્દાની છણાવટ કરવામાં આવી છે. તેમાં પોલિસ તંત્રનું માળખું કેવું છે તેની સમજ અપાઈ છે અને સાથે સાથે ફરિયાદ અંગેની કાર્યવાહી કેવી રીતે હાથ ધરવી તેને વિશે પણ રજૂઆત કરવામાં આવી છે. ત્રીજા પ્રકરણમાં હિંદુ વારસા ધારો - ૧૯૫૬ અને મુસ્લિમ પર્સનલ લો - ૧૯૩૭ હેઠળ સ્ત્રીઓને વારસાની બાબતમાં કયા કયા અધિકારો છે તે સમજાવવામાં આવ્યું છે. આ કાનૂની જોગવાઈઓમાં સ્ત્રી-પુરુષ સમાનતાની દૃષ્ટિએ શી ખામીઓ છે તે પણ જણાવાયું છે. ચોથા પ્રકરણમાં પાંચ કાનૂની શબ્દોની સમજૂતી આપવામાં આવી છેઃ કોગ્નિઝેબલ ગુનો, નોન-કોગ્નિઝેબલ ગુનો, જામીનપાત્ર ગુનો, બિન-જામીનપાત્ર ગુનો અને બેમાંથી કોઈ એક પ્રકારની સજા. સ્ત્રીઓના અધિકારો અને કલ્યાણના ક્ષેત્રે કામ કરતા કાર્યકરો અને સંગઠનોને આ પુસ્તિકા ઘણી ઉપયોગી થાય તેમ છે. લેખકઃ સુશ્રી સોફિયા ખાન. પ્રકાશકઃ વિકાસ અધ્યયન કેન્દ્ર - મુંબઈ. ઈ-મેલઃ vak@bom.3.vsnl.net.in પૃષ્ઠઃ ૩૪.

## પંચાયતને માટે સામુદાયિક આરોગ્ય પુસ્તિકા

પંચાયતો ૭૩મા બંધારણ સુધારાથી ત્રીજા સ્તરની સરકાર બની છે. તેમને બંધારણમાં દાખલ કરાયેલી ૧૧મી અનુસૂચિ હેઠળ સોંપાયેલાં કામોમાં આરોગ્ય અને સ્વચ્છતાની જાળવણીનું કામ પણ સોંપવામાં આવ્યું છે. આ કામ તે કેવી રીતે કરી શકે અને કરવું જોઈએ તેનું માર્ગદર્શન આ પુસ્તક પૂરું પાડે છે. આ પુસ્તકનો ઉદ્દેશ પંચાયતમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓની અને સ્વૈચ્છિક સંસ્થાઓની આરોગ્ય પ્રત્યેની સમજણ વધારવાનો અને સરકારી યોજનાઓનો લાભ ઉઠાવી પંચાયતો સક્રિય ભૂમિકા આરોગ્ય ક્ષેત્રે ભજવે તે માટે તેમને સજાગ કરવાનો છે.

પ્રાથમિક આરોગ્ય કેન્દ્ર, સામુદાયિક આરોગ્ય કેન્દ્ર, આરોગ્ય કર્મચારીઓ, આરોગ્ય સહાયકો વગેરેની શી જવાબદારીઓ છે તેની વિગતો પણ તેમાં આપવામાં આવી છે. આ માહિતીને આટલા વિભાગોમાં વહેંચવામાં આવી છેઃ (૧) સામુદાયિક આરોગ્ય, પ્રાથમિક આરોગ્ય સેવા અને પંચાયતી રાજ. (૨) પંચાયત અને સેવાભાવી સંસ્થાઓ. (૩) ગ્રામ સ્તરની આરોગ્ય યોજનાઓ. (૪) ગામડાઓમાં આરોગ્ય રક્ષક પ્રણાલી. (૫) રાષ્ટ્રીય આરોગ્ય કાર્યક્રમ. (૬) વાતાવરણની શુદ્ધતા. (૭) સામાન્ય બીમારીઓ. (૬) સારી તંદુરસ્તી માટે પૌષ્ટિક ભોજન. સંયોજિકાઃ સુશ્રી નિલીના મિત્ર. સંપાદકઃ સુશ્રી ચારુ આનંદ, શ્રી અમરસિંહ સચાન. પ્રકાશકઃ વોલન્ટરી હેલ્થ એસોસીએશન ઓફ ઈન્ડિયા, ટોંગ સ્વાસ્થ્ય ભવન, ૪૦, ઈન્સ્ટિટ્યુશનલ એરિયા, કુતુબ હોટલ પાસે, નવી દિલ્હી - ૧૧૦૦૧૬. પૃષ્ઠઃ ૧૭૦

## અડધી દુનિયાનું પૂર્ણ સત્ય

આ પુસ્તિકામાં લેખિકાને માનવ અધિકાર ક્ષેત્રના કર્મશીલ તરીકે સમાજમાં સ્ત્રી પરત્વે જે ખૂંચતું જણાયું તેને શબ્દરૂપે અહીં મૂકવાનો પ્રયાસ કરાયો છે. લેખિકાની એવી અપેક્ષા છે કે, "આપણે જ્યાં છીએ ત્યાંથી સ્ત્રી-પુરુષ સામાજિક સમાનતાની દિશામાં શું કરી શકીએ તે વિચારીએ અને કરતા થઈએ. સામેના પાત્રના સ્ત્રી કે પુરુષના માળખામાં મૂકી તે રીતે વર્તન કરવાને બદલે માનવ સહજ રીતે તેને જોવા, જાણવા અને સમજવાનો પ્રયત્ન કરીએ". પ્રથમ પ્રકરણનું શીર્ષક છેઃ "સ્ત્રીઓ હજી ગુલામ છે?". મા-બાપો દીકરા-દીકરી પ્રત્યે તેઓ જન્મે ત્યારથી જ જે ભાદભાવ રાખે છે તેની વાત કરીને લેખિકાએ આ પ્રકરણમાં સ્ત્રીઓને સમગ્ર જીવનકાળ દરમ્યાન સહન કરવી પડતી બાબતોની ચર્ચા કરી છે. બીજું પ્રકરણ છેઃ "સ્ત્રી જ સ્ત્રીની દુશ્મન? ના." અહીં મા-દીકરી, સાસુ-વહુ, પુરુષની પત્ની અને પ્રેમિકા વગેરે સંબંધોમાં સ્ત્રી કેવી રીતે સ્ત્રીની દુશ્મન નથી તેની વાત કરી છે. પ્રકરણના અંત ભાગમાં કેટલાક પૂર્વગ્રહોની ચર્ચા કરવામાં આવી છે. તેમાં સ્ત્રીઓની ચર્ચાના વિષયો કપડાં-આભૂષણ હોય, છોકરી જ રડે અને છોકરો તો રડે જ નહિ વગેરે જેવી પૂર્વગ્રહયુક્ત બાબતોની ચર્ચા કરવામાં આવી છે.

ત્રીજું પ્રકરણ છેઃ "જાતીય શોષણ - સ્ત્રીના ગૌરવમય અસ્તિત્વનો અસ્વીકાર." લેખિકાએ અહીં સ્ત્રીઓના થતા જાતીય શોષણના પ્રશ્નને કાયદાકીય અને સામાજિક એમ બે દૃષ્ટિબિંદુથી તપાસ્યો છે. બળાત્કાર, છેડતી અને અત્યાચાર જેવા કિસ્સામાં શા માટે છેવટે સ્ત્રીનો જ વાંક કાઢવામાં આવે છે એવો સવાલ પૂછવામાં આવે છે. ભારતીય દંડ સંહિતામાં જુદી જુદી કલમોમાં જાતીય ગુનાઓનો જે ઉલ્લેખ કરાયો છે તેની વિગતો પણ અહીં અપાઈ છે. સર્વોચ્ચ અદાલતના ૧૯૯૭ના ચુકાદામાં જાતીય ગુનાઓ અંગે જે વ્યાખ્યા અપાઈ છે તેની પણ તેમાં છણાવટ કરાઈ છે. પુસ્તિકામાં છેલ્લે લેખિકાએ સમાજીકરણની પ્રક્રિયાને બદલવાની હાકલ કરી છે. તેમણે આ માટે પાંચ પ્રશ્નો પૂછ્યા છે અને તેમના જવાબો આપ્યા છેઃ (૧) દીકરી પારકી થાપણ? - દીકરી આપણી દીકરી છે. (૨) દીકરીના જીવનનું ધ્યેય લગ્ન? - ના. પરિપૂર્ણ વ્યક્તિત્વ. (૩) સહનશીલતા સદ્‌ગુણ છે? - ખોટું. અનુકૂલનની વાતો કરીએ. (૪) દીકરી સાસરે જ શોભે? - દીકરી માનભેર જીવે ત્યાં શોભે. (૫) પતિ પરમેશ્વર છે? - પતિ મિત્ર/સાથી હોય. સ્ત્રી-પુરુષ સમાનતા આણવા માટેના પાયાના મુદ્દાની ચર્ચા આ પુસ્તિકામાં કરાઈ છે અને સામાજિક વલણો બદલવા પર તેમાં ભાર મૂકવામાં આવ્યો છે. મૂળભૂત પ્રશ્નો ઉઠાવીને લેખિકાએ સૌને ઢંઢોળવાનો પ્રયાસ કર્યો છે. લેખિકાઃ સુશ્રી સોફિયા ખાન. પ્રકાશકઃ વિકાસ અધ્યયન કેન્દ્ર, ડી-૧, શિવધામ, ૬૨, લિંક રોડ, મલાડ (પશ્ચિમ), મુંબઈ-૬૪. ઈ-મેલઃ vak@bom3.vsnl. net.in

આ ત્રણ માસ દરમ્યાન નીચે મુજબ અમે પ્રવૃત્તિઓ હાથ ધરી હતીઃ

## (૧) સામજિક સમાવેશ અને સક્ષમતા

- **'મુખ્ય પ્રવાહમાં સ્ત્રી–પુરુષ સમાનતાના પ્રશ્નો' વિશે પ્રશિક્ષકોની તાલીમ**
  ગુજરાતના રાજ્ય સ્તરીય 'જેન્ડર રિસોર્સ સેન્ટર' માટે 'મુખ્ય પ્રવાહમાં સ્ત્રી-પુરુષ સમાનતાના પ્રશ્નો' વિશે પ્રશિક્ષકોની તાલીમ બે તબક્કામાં યોજાઈ. તે અમદાવાદમાં ૨૬થી ૩૦ એપ્રિલ, ૨૦૦૪ દરમ્યાન અને સુરેન્દ્રનગર જિલ્લામાં સાયલા ખાતે ૨૧થી ૨૫ જુન, ૨૦૦૪ દરમ્યાન યોજાઈ. 'જેન્ડર રિસોર્સ સેન્ટર' (જીઆરસી) એ 'યુનાઈટેડ નેશન્સ પોપ્યુલેશન ફંડ' (યુનએનએફપીએ)ના ટેકાથી ગુજરાત સરકારના મહિલા અને બાળ વિકાસ વિભાગ દ્વારા સ્થપાયેલી સ્વાયત્ત સંસ્થા છે. આ તાલીમના હેતુઓ આ મુજબ હતાઃ (૧) મહત્ત્વનાં વિકાસનાં ક્ષેત્રોમાં સ્ત્રી-પુરુષ સમાનતાના ખ્યાલના ઉપયોગ વિશે સહભાગીઓની ક્ષમતા વધારવી. (૨) સ્થાનિક સ્તરે મુખ્ય પ્રવાહમાં સ્ત્રી-પુરુષ સમાનતાના પ્રશ્નો પ્રત્યે ધ્યાન આપવા માટે તાલીમની યોગ્ય પદ્ધતિઓનો ઉપયોગ કરવા સહભાગીઓને સજ્જ કરવા. (૩) સ્ત્રી-પુરુષ ભેદભાવની દૃષ્ટિથી આયોજન, દેખરેખ અને મૂલ્યાંકનની પ્રવૃત્તિઓ માટે ક્ષેત્રીય કાર્યકરોને સતત ટેકો પૂરો પાડવા માટે સંસાધનોનો જથ્થો ઊભો કરવો. તાલીમના બે તબક્કા દરમ્યાન નીચે મુજબના વિષયોને આવરી લેવાયા હતાઃ સ્ત્રી-પુરુષ ભેદભાવનો ખ્યાલ, પિતૃસત્તાક વ્યવસ્થા, મહિલા આંદોલનનો ઈતિહાસ, સ્ત્રી-પુરુષ સમાનતાની દૃષ્ટિએ આકારણી, આયોજન, દેખરેખ તથા મૂલ્યાંકન અને અન્વેષણ, મહિલાઓના અધિકારો અને સંબંધિત કાનૂનો, મહિલાઓની સક્ષમતા માટેના સરકારી કાર્યક્રમો, આરોગ્ય, શિક્ષણ, જળ, જંગલ, જમીન અને જનાવર જેવાં પ્રાકૃતિક સંસાધનોનું સંચાલન જેવાં ક્ષેત્રોમાં સ્ત્રી-પુરુષ સમાનતાના ખ્યાલનો ઉપયોગ અને પંચાયતોના સંદર્ભમાં શાસન. આ તાલીમમાં નિવૃત્ત સરકારી અધિકારીઓ સહિત સરકારી ખાતાંઓની ૩૦ વ્યક્તિઓ અને જીઆરસી તથા યુએનએફપીએના કર્મચારીઓ ઉપરાંત બિન-સરકારી સંગઠનોના કાર્યકરોએ ભાગ લીધો હતો. તાલીમ દરમ્યાન અમુક નિશ્ચિત વિષયો બાબતે વિવિધ નિષ્ણાતોનો ટેકો મેળવાયો હતો. આ તાલીમોમાં મુખ્યત્વે આરોગ્ય, હિંસા, પ્રાકૃતિક સંસાધનોનું સંચાલન અને સ્વશાસન જેવાં વિવિધ ક્ષેત્રોમાં સ્ત્રી-પુરુષ ભેદભાવના પ્રશ્નો દાખલ કરવા પૂરતાં કૌશલ્યો અને સાધનોથી સહભાગીઓને સજ્જ બનાવવા પર ભાર મુકાયો હતો. પ્રથમ તબક્કા પછી સહભાગીઓએ ટુકડીઓમાં વહેંચાઈને પાંચ જિલ્લામાં તે માટે તાલીમ હાથ ધરી હતી અને બીજા તબક્કાના આરંભે તેમાં તેઓ જે કંઈ શીખ્યા હતા તેની આપ-લે કરી હતી. પ્રશિક્ષકોએ તેમના મુદ્દા રજૂ કર્યા અને તાલીમની અસરકારક ડિઝાઈન માટે પોતાનાં મંતવ્યો આપ્યાં, સહભાગી સાધનોના ઉપયોગની વાત કરી. આનો અંગ્રેજી અને ગુજરાતીમાં વિગતવાર અહેવાલ તૈયાર થાય છે.
- રાજસ્થાનના બાડમેર, જોધપુર, જાલોર અને જેસલમેર જિલ્લાના ભારત-પાકિસ્તાન યુદ્ધ (૧૯૬૫ અને ૧૯૭૧)ના નિર્વાસિતોને નાગરિકત્વના અધિકારો આપવાની પ્રક્રિયા વિશે વાટાઘાટો કરવા 'પાક-વિસ્થાપિત સંઘ'ને ટેકો પૂરો પડાયો.

### દલિતો

- રાજસ્થાનના જોધપુર અને બાડમેર જિલ્લામાં જમીનના અલગાવ વિશે પ્રાદેશિક કાર્યશાળા યોજાયા બાદ જુન-૨૦૦૪માં તાલુકા સ્તરની સાત તાલીમો યોજવામાં આવી અને તેમાં ૨૫૩ સ્ત્રી-પુરુષ સામુદાયિક નેતાઓએ ભાગ લીધો હતો. આ કાર્યશાળાના મુખ્ય હેતુઓ આ મુજબ હતાઃ (૧) પ્રભાવક જ્ઞાતિ દ્વારા જમીનો પર કરાયેલા દબાણની સ્થિતિ વિશે સામાન્ય સમજ ઊભી કરવી. (૨) 'લેન્ડ ટેનન્સી એક્ટ' - ૧૯૯૫ વિશે સહભાગીઓને અભિમુખ કરવા. (૩) દબાણ થયેલી જમીન માટે કાનૂની વ્યૂહરચના વિકસાવવી. ૩૨૩૦ વીઘા જેટલી જમીનના કિસ્સા હાથ ધરાયા હતા અને ૧૬૯ એકર જમીન છૂટી કરાઈ હતી.
- રાજસ્થાનના જોધપુર અને બાડમેર જિલ્લામાં 'દલિત અધિકાર અભિયાન'ની તાલુકા સ્તરની આઠ સમિતિઓના ૩૮ પ્રતિનિધિઓની બનેલી પ્રાદેશિક સમિતિની બીજી બેઠક કારોબારીની રચના કરવાના હેતુ સાથે મળી હતી. તેમાં બાબાસાહેબ આંબેડકરના જીવન અને દર્શન વિશે પણ વાત કરવામાં આવી હતી. ગ્રામ સ્તરીય પ્રશ્નોની ચર્ચા કરવાની સાથે સાથે સમુદાયમાં સ્ત્રી-પુરુષ ભેદભાવના પ્રશ્નો મુખ્ય પ્રવાહમાં આવે તે માટે તેમાં કાર્યલક્ષી યોજના વિશે પણ ચર્ચા થઈ. તેથી તાલુકા સ્તરે માત્ર મહિલાઓની અલગ સમિતિઓની રચના કરવાનું નક્કી થયું અને આવી ચાર સમિતિઓની રચના તો થઈ પણ ગઈ. નવ ગામોમાં સ્ત્રી-પુરુષ ભેદભાવનું વિશ્લેષણ કરવામાં આવ્યું અને તે રીતે સ્ત્રીઓ અને પુરુષો વચ્ચે કામનું વિભાજન કેવી રીતે થયું છે તે સમજવામાં આવ્યું. સમુદાયના મહિલા નેતાઓની ક્ષમતા વધારવા માટે ૪૦ મહિલાઓ માટે ગુજરાતમાં કચ્છમાં 'કચ્છ મહિલા વિકાસ સંગઠન'નો એક શૈક્ષણિક પ્રવાસ ગોઠવવામાં આવ્યો. સમુદાયમાં સ્ત્રી-પુરુષ ભેદભાવના પ્રશ્ને જાગૃતિ ઊભી થાય તે માટે

'કલાકાર વિકાસ સમિતિ' દ્વારા નવ ગામોમાં જાગૃતિ કાર્યક્રમોનું આયોજન કરાયું. તેમાં શાસનમાં મહિલાઓની ભાગીદારી, ઘરેલૂ હિંસા, સ્ત્રી-પુરુષની ભૂમિકાઓ અને સ્ત્રીઓ પર કામનો ત્રણ ગણો બોજો વગેરે વિશેના મુદ્દાઓ ઉઠાવવામાં આવ્યા હતા.

- 'દલિત અધિકાર અભિયાન' દ્વારા છેલ્લા ત્રણ માસ દરમ્યાન ભેદભાવના ૧૩ કિસ્સા હાથ ધરાયા. તેમાંનો એક કિસ્સો જોધપુર જિલ્લાના મંદોર તાલુકાના બાલેરવા ગામનાં એક દલિત મહિલા પતાસીદેવીનો હતો. તેમના હિંમતવાન પ્રયાસોને લીધે એ પ્રદેશની આશરે ૧૦૦ મહિલાઓએ કલેક્ટરની કચેરી સમક્ષ ન્યાયની માગણી સાથે એક આખો દિવસ ધરણાં યોજ્યાં હતાં. કલેક્ટરે ઝડપી કાર્યવાહીની ખાતરી આપી હતી પણ હજુ તેમને ન્યાય મળ્યો નથી.
- રાજસ્થાનમાં નવ જિલ્લામાં શરૂ કરાયેલા જળ સલામતી કાર્યક્રમના બીજી તબક્કા દરમ્યાન ૧૦૦ જેટલી નાની-મોટી ટાંકીઓ બાંધવામાં આવી છે. તેનાથી આશરે ૩૦૦ જેટલાં પરિવારોને લાભ થશે.

### વિકલાંગતા

- પહોંચના અન્વેષણ વિશેની રાજ્ય સ્તરીય તાલીમના ભાગરૂપે પ્લેનેટ હેલ્થ અને અમદાવાદની આંબાવાડીની આઈસીઆઈસીઆઈ બેંકની શાખાનાં બે મકાનોનું અન્વેષણ હાથ ધરાયું. પ્લેનેટ હેલ્થ માટેનો વિગતવાર અહેવાલ તૈયાર કરાયો છે, અને સંચાલકો તથા સ્થપતિઓ સાથે સૂચનોની આપલે કરાઈ છે. અન્ય મકાન માટેનો અહેવાલ તૈયાર થઈ રહ્યો છે.
- વિકલાંગોની સમસ્યાઓને મુખ્ય પ્રવાહમાં લાવવા માટે 'અંધજન મંડળ' જેવી સહભાગી સંસ્થાઓના સહયોગમાં જાગૃતિ અને અભિમુખતા માટેની તાલીમો યોજવામાં આવી. પીઆરએ પદ્ધતિનો ઉપયોગ સમુદાયના પુનર્વસન કાર્યકરો માટે તાલીમમાં કરીને વિકલાંગોના પ્રશ્નો વિશેની અને અવરોધમુક્ત પર્યાવરણ વિશે સમજ ઊભી કરાઈ. નાગપુરના 'યુવા'ના કાર્યકરો માટે 'હેન્ડિકેપ ઈન્ટરનેશનલ' સાથે મળીને તેમના કાર્યક્રમોમાં વિકલાંગતાના પ્રશ્નોના સમાવેશ માટે જાગૃતિ તાલીમ યોજાઈ. વિકાસના પ્રયાસોમાં વિકલાંગતાના સમાવેશ માટે સમુદાય-આધારિત સંગઠનોની ભૂમિકા વિશે 'આકાશવાણી'માં મુલાકાત અપાઈ.

### પુનર્વસન

- ગુજરાતમાં કચ્છમાં મહિલાઓને તેમની સક્ષમતા માટે જીવનનિર્વાહને પ્રોત્સાહન આપવા માટે ૩૫૦ મહિલાઓનાં ૧૮ સ્વ-સહાય જૂથોની રચના કરવામાં આવી છે. તેમની માસિક બેઠકો અને તેમનો ફાળો હવે નિયમિત થયાં છે. છેલ્લા ત્રણ માસ દરમ્યાન લગભગ ૩૦૦ મહિલાઓ માટે સહભાગી કૌશલ્ય આકારણીનું કામ કરાયું. તેથી ભરતકામ માટે મહિલા કારીગરોના કૌશલ્યમાં ગુણવત્તાના આધારે ક્રમાંકન કરાયું. કારીગરોને ત્રણ શ્રેણીમાં વહેંચવામાં આવ્યા. તેને આધારે હવે કામની વહેંચણી કરાશે.
- 'દોરી જીવનનિર્વાહ સંસાધન કેન્દ્ર'ને એક સ્વતંત્ર દરજ્જો આપવા માટે તેની નોંધણીની કાર્યવાહી શરૂ કરાઈ છે અને 'ઈરમા'ના સહયોગમાં વિગતવાર ધંધાકીય યોજના તૈયાર કરાઈ છે. બજાર સાથેનો સંબંધ મજબૂત બનાવવા માટે 'દોરી'એ બે પ્રદર્શનોમાં ભાગ લીધો હતોઃ (૧) ઈન્ડક્સ્ટ-સી દ્વારા સુરત ખાતે આયોજિત હસ્તકલા હાથસાળ પ્રદર્શન. (૨) વેન્ટેજ મિડિયા લિમિટેડ દ્વારા આયોજિત કચ્છી આંતરરાષ્ટ્રીય વ્યાપાર મેળો.

## (૨) નાગરિક નેતૃત્વ અને શાસન

### ગ્રામીણ શાસન

- ગુજરાતમાં અમદાવાદ જિલ્લાની ૧૦૦ અને સાબરકાંઠા જિલ્લાની ૨૦ પંચાયતોના ચૂંટાયેલા પ્રતિનિધિઓને એક દિવસની અભિમુખતા તાલીમ બાંધકામ સંબંધી પાસાં વિશે અપાઈ. તેમાં ગામ સ્તરે બાંધકામનાં વિવિધ પાસાં, બાંધકામ હાથ ધરતા કોન્ટ્રેક્ટરો અને પેટા કોન્ટ્રેક્ટરો જેવા એજન્ટો હોવાના ગુણદોષ, ટેન્ડર ભરવા, આયોજનમાં સમુદાયની ભાગીદારી, સમુદાયની અસ્કામતોની જરૂરિયાત, સ્થાન અને કદ વગેરે મુદ્દાનો સમાવેશ કરાયો. બાંધકામ ઉપર સમુદાયની દેખરેખ ઉપર તાલીમમાં ભાર મુકાયો અને કામગીરીના સંચાલન ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું. આ તાલીમો અગાઉ કર્મચારીઓની આંતરિક ક્ષમતા વધારવા આ જ પ્રશ્ને એક પ્રશિક્ષકોની તાલીમ યોજવામાં આવી. સહભાગીઓ માટે સાહિત્ય પણ તૈયાર કરવામાં આવ્યું. પ્રથમ દોરમાં ચાર નાના જૂથની તાલીમો યોજવામાં આવી અને આવી ૧૬ તાલીમો યોજાઈ. તેનાથી પંચાયતોમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ સામુદાયિક અસ્કામતોના બાંધકામ પર દેખરેખ રાખવા માટે સુસજ્જ બનશે.

- ગુજરાતમાં ચૂંટાયેલાં મહિલા પ્રતિનિધિઓનાં તાલુકા સ્તરનાં નેટવર્કસને મજબૂત કરવા માટે નેતૃત્વ અને શાસન વિશે ત્રણ દિવસની એક નિવાસી તાલીમ યોજવામાં આવી. આ તાલીમમાં અમદાવાદ જિલ્લાના ત્રણ તાલુકા - દસક્રોઈ, ધોળકા અને વિરમગામ-ના ૨૫ મહિલા પ્રતિનિધિઓએ ભાગ લીધો હતો. અહીં સંગઠન, નેટવર્કિંગ અને નેતૃત્વનાં કૌશલ્યો ઉપર ભાર મુકાયો.
- છેલ્લા ત્રણ માસ દરમ્યાન ગુજરાતમાં ત્રણ જિલ્લાના સ્વશક્તિ પરિયોજનાનાં ભાગીદાર સંગઠનોને તાલીમનો ટેકો પૂરો પડાયો. બે દિવસની આ તાલીમમાં સ્ત્રી-પુરુષ ભેદભાવ અને શાસન ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. ઉપરાંત, બે તાલુકાના ચૂંટાયેલા પંચાયત સભ્યોને બીજા દોરની તાલીમ માટે ટેકો પૂરો પડાયો.
- રાજસ્થાનમાં બિલારા, મંદોર અને બાલેસર તાલુકાની ૩૦ ગ્રામ પંચાયતોમાં ગ્રામ સભાને મજબૂત બનાવવાનું કામ વિશાળ પાયા પર થયું છે. આંગણવાડીને માટે મહિલા સહયોગિનીઓની પસંદગી ઉપર ધ્યાન કેન્દ્રિત કરાયું કારણ કે ગ્રામ સભામાં ફેબ્રુઆરીની બેઠકો દરમ્યાન કોઈ લાયક ઉમેદવાર મળ્યા નહિ. આ પંચાયતો હેઠળની બીપીએલની યાદીની ચકાસણી કરાઈ રહી છે કે જેથી પંચાયતની ચૂંટણીઓનો ત્રીજો દોર શરૂ થાય તે પહેલાં તેમની આખરી યાદી તૈયાર થઈ જાય. આ પંચાયતોમાં આઈસીડીએસ યોજનાના અમલ પર દેખરેખ રાખવા માટેના પ્રયાસો પણ હાથ ધરાયા છે.
- પંચાયતોની ચૂંટણીઓનો ત્રીજો દોર આવી રહ્યો છે ત્યારે પશ્ચિમ રાજસ્થાનમાં ૮ જિલ્લામાં ૯ બિન-સરકારી સંગઠનો સાથે મળીને પંચાયતોની સ્થિતિ વિશે એક અભ્યાસ કરવા માટેનું માળખું ચર્ચવામાં આવ્યું હતું.
- ગુજરાતમાં 'પંચાયત જગત' અને રાજસ્થાનમાં 'સ્વરાજ' દ્વિમાસિક સમાચારપત્રો નિયમિત રીતે પ્રકાશિત થાય છે. ગુજરાતી 'પંચાયત જગત'નો મહિલા અને શાસન વિશે એક વિશેષાંક તૈયાર કરાયો હતો અને તેમાં મહારાષ્ટ્રની તમામ મહિલાઓની બનેલી એક પંચાયતની સચિત્ર કહાણી રજૂ કરવામાં આવી હતી.

**શહેરી શાસન**

- અમદાવાદમાં ૧૯-૫-૨૦૦૪ના રોજ એક રાજ્ય સ્તરીય વિમર્શ સભા યોજવામાં આવી હતી. તેમાં ચૂંટાયેલા પ્રતિનિધિઓ, પાલિકાઓના અધિકારીઓ અને નાગરિક નેતાઓની ક્ષમતા-વર્ધનની જરૂરિયાતો પર ધ્યાન અપાયું હતું. આ જરૂરિયાતો પરિપૂર્ણ કરવા માટેની વ્યૂહરચના પણ તેમાં નક્કી કરવામાં આવી હતી. શહેરી વિકાસ ખાતું, એડીબી, જીયુડીસી વગેરેના અધિકારીઓ, શહેરી આયોજકો અને બિન-સરકારી સંગઠનોના કાર્યકરોની નિષ્ણાત સેવાઓ તેમાં ઉપલબ્ધ થઈ હતી.
- ગુજરાતમાં ધોળકા, સાણંદ અને ભચાઉ નગરોમાં 'નાગરિક સહયોગ કેન્દ્ર' ચાલે છે. હવે ખેડબ્રહ્મા અને અંજાર નગરોમાં પણ તેમની સ્થાપના કરાઈ છે.
- ગુજરાતીમાં 'નગરવાણી' નામે એક સમાચારપત્ર પ્રકાશિત કરવામાં આવે છે. તેમાં નાગરિકોનો અવાજ રજૂ કરાય છે.
- છેલ્લા ત્રણ માસ દરમ્યાન સાણંદ અને ધોળકા નગરમાં અસહાયતાનું આકલન કરાયું છે અને ફેરિયાઓના થતા શોષણ પર ધ્યાન કેન્દ્રિત કરાયું છે. નગરપાલિકા સાથે મળીને ફેરિયાઓની એક યાદી તૈયાર કરવામાં આવી છે કે જેથી તેમની સામાન્ય ફી લઈને નોંધણી કરાવી શકાય, અને હાલ તેઓ ખાનગી વ્યક્તિઓને જે ફી રોજેરોજ ચૂકવે છે તે બંધ થાય. જે તે નગર સંબંધી કેટલાક પ્રશ્નો ઉઠાવવામાં આવ્યા અને તે સમસ્યાઓ ઉકેલવાનો પ્રયાસ થઈ રહ્યો છે. આ બંને નગરોમાં નાગરિકોને પાલિકા દ્વારા પૂરી પડાતી સેવાઓ પર દેખરેખ રાખવા પ્રોત્સાહન અપાયું છે. આ સેવાઓની નિયમિતતા અને ગુણવત્તા જળવાય તે માટે તેમની અને નગરપાલિકા વચ્ચે સંવાદ શરૂ કરાયો છે. પીવાનું પાણી, કચરાનું એકત્રીકરણ અને ગટરો સાફ કરવા બાબતે આ પ્રક્રિયા શરૂ થઈ.
- ખેડબ્રહ્મામાં 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા ગુજરાતમાં સાબરકાંઠા જિલ્લાનાં ૬ બિન-સરકારી સંગઠનો સાથે મળીને નગરની સેવાઓ પરની દેખરેખ માટે રિપોર્ટ કાર્ડ પદ્ધતિના સંસ્થાગત સ્વીકાર માટેનો પ્રયાસ કરાયો છે.
- ગુજરાતમાં અંજારમાં 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા જહોનવાસના સમુદાયનાં ૨૫ પરિવારોના સ્થાનાંતરણ અને પુનર્સ્થાપનના પ્રશ્નો ઉકેલવાની દિશામાં કામ શરૂ કરાયું છે. ભૂકંપ પછીની નવી વિકાસ યોજનામાં આ પરિવારોનો સમાવેશ કરાયો નથી. આ પરિવારોને કોઈ વળતર પ્રાપ્ત થયું નથી અને વૈકલ્પિક વ્યવસ્થા કર્યા વિના જ સત્તાવાળાઓએ તેમને વિસ્થાપિત કરી દીધા છે. અંજારના નીચાણવાળા વિસ્તારોમાં રેલવે લાઈન પાસે અત્યંત ગીચ વિસ્તારમાં રહેતા જોગી સમુદાય સાથે પણ આ અંગે જ સંવાદ ઊભો કરાયો છે. સાવરણી બનાવતાં ૨૫થી ૩૦ પરિવારોની જમીન નિયમિત કરાવવાની પ્રક્રિયા પણ ચાલુ છે અને એ પરિવારોની યાદી બનાવાઈ રહી છે અને જરૂરી કાગળો એકત્ર કરાઈ રહ્યા છે.
- ભચાઉના 'નાગરિક સહયોગ કેન્દ્ર' દ્વારા બિન-સરકારી સંગઠનો અને સત્તાવાળા વચ્ચેની વ્યવહારુ સમસ્યાઓ ઉકેલવા માટે અને

અમલની વ્યવસ્થા ગોઠવવા માટે સંકલન કરવામાં આવે છે. ચાર બિન-સરકારી સંગઠનો સાથેના સહયોગમાં ભચાઉ નગરમાં લોકો દ્વારા બંધાયેલાં અસલામત ઘરોને પુનઃ મજબૂત બનાવવાના સંદર્ભમાં એક વિગતવાર સર્વેક્ષણ હાથ ધરાયું. લાભાર્થીઓને મળેલી વળતરની રકમનો ઉપયોગ કરીને ઘરોમાં સુધારા-વધારા કરાશે. આ ઘરોની જમીનને નિયમિત કરવાની કાર્યવાહી આગળ વધશે.

- ભચાઉમાં પુનર્વસનની પ્રક્રિયા વિશે વિશ્વ બેંકની એક ટુકડી સમક્ષ રજૂઆત કરાઈ. ઉપરાંત, ૧૭૬૭ પરિવારોની જમીન કાયદેસરની બનાવવાની પ્રક્રિયા, ચાર બિન-સરકારી સંગઠનો સાથે મળીને ભૂકંપના સંદર્ભમાં અસલામત એવાં ઘરોને પુનઃ મજબૂત બનાવવાની પ્રક્રિયા અને નગર સાથે સંબંધિત અન્ય મુદ્દાઓના વિશે તેની સમક્ષ રજૂઆત કરાઈ. આ ટુકડીએ જીએસડીએમએ અને સત્તાવાળાના સહયોગથી સ્થપાયેલા ટેક્નોલોજી પાર્ક તથા 'નાગરિક સહયોગ કેન્દ્ર'ની મુલાકાત પણ લીધી હતી.
- 'ભાડા'ના સહયોગ સાથે ભચાઉમાં 'સનદ અને બાંધકામ મજૂરી મેળો' યોજવામાં આવ્યો. તેમાં જમીનને કાયદેસરની બનાવવા માટેની અને ઘરોને પુનઃ મજબૂત બનાવવા માટેની પ્રક્રિયા અને કાનૂની મુદ્દાઓ વિશે સરળ શબ્દોમાં રજૂઆત કરવામાં આવી. તે માહિતીનો પ્રચાર-પ્રસાર કરવાનો એક કાર્યક્રમ હતો. તેમાં ૪૦૦ જણાએ સીધા જ સત્તાવાળાઓને જમીનના હક વિશેના કાગળો અને વળતર વિશે પ્રશ્નો પૂછ્યા.
- 'પ્રયાસ' અને 'કોહેઝન'ના સહયોગ સાથે 'ડિઝાસ્ટર પ્રિપેર્ડનેસ રિસ્પોન્સ ગ્રૂપ'ના નેજા હેઠળ કચ્છનાં બિન-સરકારી સંગઠનો માટે જીએસડીએમએ અને યુએનડીપી દ્વારા ચાલતી આપત્તિના સામનાની તૈયારીને સમજવા માટે એક કાર્યશાળાનું આયોજન કરાયું, અને કેટલાંક ગામોમાં એ સંસ્થાઓ સાથે મળીને કામ કેવી રીતે થઈ શકે તે ખોજવામાં આવ્યું.
- કંડલા બંદરના સત્તાવાળાઓ દ્વારા ૭૦૦ પરિવારોને જે અત્યંત ઓછી નિવાસી સવલત પૂરી પડાય છે તેમને પીવાનું પાણી પૂરું પાડવા માટે એક શક્યતા અભ્યાસ હાથ ધરાયો. એના દ્વારા આ સમુદાયની પાણીની સમસ્યા ઉકેલી શકાશે.

## (૩) 'ચરખા'ની પ્રવૃત્તિઓ

છેલ્લા ત્રણ માસ દરમ્યાન ગુજરાતમાં સરપંચો અને તાલુકા પંચાયતના સદસ્યો જેવા મહિલા નેતાઓનાં કાર્યો પર આધારિત ૧૨ લેખો પ્રકાશિત થયા છે. તેમાં તેમણે પીવાના પાણીની અને પર્યાવરણની સમસ્યાઓ દૂર કરવા કરેલા પ્રયાસો પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. આમાંના ૯ લેખો કર્મશીલોએ તૈયાર કર્યા હતા. ૭ જિલ્લાનાં ૧૩ બિન-સરકારી સંગઠનોના ૧૬ કાર્યકરો માટે ત્રણ દિવસની એક ઉચ્ચ લેખન કૌશલ્ય કાર્યશાળા યોજવામાં આવી હતી. તેમાં મુલાકાત લેવી, રેખાચિત્રો તૈયાર કરવાં, કોઈક વિષય વિશે લેખો લખવા, અખબારી નિવેદન તૈયાર કરવું અને માધ્યમો માટેની વ્યૂહરચના જેવા મુદ્દાઓ પર ધ્યાન કેન્દ્રિત કરાયું હતું. વ્યાવસાયિક આરોગ્ય અને સાબરમતીના કિનારાના પર્યાવરણ વિશે પત્રકારો સાથે વાતચીત ગોઠવવામાં આવી. ગ્રામ વિકાસ વિભાગની હરિયાળી પરિયોજના માટે અને 'ગુજરાત રાજ્ય એઈડ્સ નિયંત્રણ સોસાયટી'ના 'પ્રોજેક્ટ સપોર્ટ યુનિટ' માટે લેખન કૌશલ્ય કાર્યશાળાઓ યોજવામાં આવી. 'આગાખાન ગ્રામ સમર્થન કાર્યક્રમ', 'અભિયાન' અને 'ઉન્નતિ' (ગ્રામીણ અને શહેરી શાસન બંને)ને સમાચારપત્રોના પ્રકાશન માટે સંપાદન સહાય પૂરી પાડવામાં આવી.


उन्नति

**ઉન્નતિ**

**વિકાસ શિક્ષણ સંગઠન**

જી-૧, ૨૦૦, આઝાદ સોસાયટી, અમદાવાદ-૩૮૦ ૦૧૫.

ફોન: ૨૬૭૪૬૧૪૫, ૨૬૭૩૩૨૯૬ ફેક્સ: ૨૬૭૪૩૭૫૨. ઈ-મેલ: unnatiad1@sancharnet.in

ક્ષેત્રીય કાર્યાલય: જી-૫૫, શાસ્ત્રીનગર, જોધપુર-૩૪૨ ૦૦૩, રાજસ્થાન.

ફોન/ફેક્સ: ૦૨૯૧-૨૬૪૩૨૪૮ ફોન: ૦૨૯૧-૨૬૪૨૧૮૫, ઈ-મેલ: unnati@datainfosys.net



ડિઝાઈન : રમેશ પટેલ, 'ઉન્નતિ'.

મુદ્રણ: બંસીધર ઓફસેટ, અમદાવાદ. ફોન: ૦૭૯-૮૦૧૨૯૬૭



આપ લોકશિક્ષણ કે તાલીમ માટે વિચારમાં પ્રકાશિત સામગ્રીનો સહર્ષ ઉપયોગ કરી શકો છો. ઉપયોગ કરનારને વિનંતી કે આ સ્રોતનો ઉલ્લેખ કરવાનું ના ભૂલે તથા પોતાના ઉપયોગથી અમને માહિતગાર કરે કે જેથી અમે પણ કંઈક શીખી શકીએ.